શ્રીગોકુલનાથજીનું શુદ્ધાદ્વૈત વેદાન્તમાં પ્રદાન



ડૉ. રમણલાલ હી. ગાંધી
(પીએચ.ડી.)

શ્રીગોકુલનાથજીનું
શુદ્ધાદ્વૈત વેદાન્ત (પુષ્ટિમાર્ગ)માં પ્રદાન

આર.એચ.ગાંધી
દ્વારા
ડૉકટર ઑફ ફિલોસોફીની
સ્નાતક ઉપાધિ પ્રાપ્ત
કરવા વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં પ્રસ્તુત થયેલો મહાનિબંધ

ફેકલ્ટી ઑફ આર્ટસ્
ધી એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા
વડોદરા, ૧૯૬૪

મુદ્રક
કેપિટલ ઓફસેટ
જીઆઈડીસી, સેકટર-૨૮, ગાંધીનગર.
ફોન નં. ૨૩૨૧૧૪૫૬

શ્રીગોકુલનાથજીનું શુદ્ધાદ્વૈત વેદાન્ત (પુષ્ટિમાર્ગ)માં પ્રદાન

એક સંશોધનાત્મક મહાનિબંધ (Thesis)



ડૉ.આર. એચ. ગાંધી
(પીએચ.ડી)

અનુવાદક
કનૈયાલાલ અમૃતલાલ સેવક
(અમદાવાદ)

ન્યોછાવર : સત્કાર્ય - સદ્ભાવ - સુવાચન - સદ્ઉપયોગ

અર્પણ



સ્વ. જેકોરબહેન હીરાલાલ ગાંધી

આદર્યાં અધૂરાં

नमो भगवते तस्मै कृष्णायाऽद्भुतकर्मणे ।
रुपनाम विभेदेन जगत् क्रीडति यो यतः ॥

(तत्त्वा· निबंध)

સૌ પ્રથમ તો પૂ.પિતાજીની સાચા અંતઃકરણપૂર્વક માફી માગી લઈએ. એમણે આદરેલું ધર્મકાર્ય વૈષ્ણવ સમાજ સમક્ષ મૂકવામાં અમે ખૂબ મોડા પડ્યા છીએ. એ બદલ ક્ષમાયાચના.

ઘણા સમયથી પૂ.પિતાશ્રીના હાથે લખાયેલ મહાનિબંધ "શ્રી ગોકુલનાથજીનું શુદ્ધાદ્વૈત વેદાન્તમાં પ્રદાન"નું ગુજરાતીકરણ (જેની મંજૂરી તેઓશ્રી દ્વારા એમ.એસ.યુનિ.માંથી મેળવેલ હતી) ક્યાં કરાવવું? કોની પાસે કરાવવું? એ મૂંઝવતો પ્રશ્ન હતો. ભગવત્કૃપાથી આનો ઉકેલ પણ મળી ગયો. સે-૮માં રહેતા પૂ.શ્રી વિનોદભાઈ દલાલે અમદાવાદ નિવાસી વે.શા.સંપન્ન વંદનીય શ્રી કનૈયાલાલ સેવકનો સંપર્ક કરી તેઓને આ મહાનિબંધનું ગુજરાતીમાં ભાષાંતર કરી આપવા વિનંતી કરી જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કરી આ ભગવત્કાર્ય નિઃસ્વાર્થ ભાવે (નિઃશુલ્કપણે) અને ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી આપ્યું અને આ ભગીરથ કાર્ય પાર પડ્યું. સોનામાં સુગંધ ભળે તેમ નાદુરસ્ત તબિયત હોવા છતાં પ્રૂફરીડીંગનું કાર્ય પણ તેઓશ્રીએ ખૂબ જ ત્વરાથી પરિપૂર્ણ કરી આપ્યું. અમારા પૂ.પિતાશ્રીનો મનોરથ સફળ કરવામાં આપે જે મહેનત લીધી છે તેનો બદલો તો શું વાળી શકીએ? આભાર શબ્દ પણ ઘણો વામણો લાગે છે. પૂ.સેવકજીના ચરણોમાં કોટી કોટી વંદન. ચતુર્થ પીઠાધીશ્વર ૧૦૮ પૂ.પાં.ગોસ્વામીશ્રી સુરેશબાવાશ્રી (શ્રી દેવકીનંદનાચાર્ય-શ્રીમદ્ ગોકુલ) તથા પ.પૂ.શ્યામમનોહરબાવાશ્રી (કિશનગઢ, હાલ વીલેપાર્લે-મુંબઈ)એ આપેલ માર્ગદર્શન માટે તેઓના અમે ઋણી છીએ તેઓશ્રીની આજ્ઞાનુસાર ભરૂચ સ્થિત પ.પૂ. ભગવદીય શ્રી વૈકુંઠભાઈ શંકરલાલ ભગતસાહેબે પણ આ મહાનિબંધનું પ્રૂફ ખૂબ જ ટૂંક સમયમાં જોઈ આપવા બદલ તેઓશ્રીના ખુબ જ આભારી છીએ.

અત્રે એ ઉલ્લેખનીય છે કે મૂળ જર્જરિત થઈ ગયેલ અંગ્રેજી મહાનિબંધની ફોટોસ્ટેટ નકલ કરવામાં મુંબઈમાં રહેતા અમારી જ્ઞાતિના વડીલ બંધુ શ્રી મોહનભાઈ સી. ગાંધીએ ખૂબ જ ઊંડો રસ લીધેલ, જે આ કામમાં ઘણો જ ઉપયોગી થયેલ. આ અંગે તેઓએ ઘણી જ મહેનત કરી છે. તેઓનો અંતઃકરણપૂર્વક આભાર.

શ્રીગુસાંઈજી પ્રભુચરણના ચર્તુથ કુમાર અને માલાતિલકના રક્ષક શ્રીગોકુલનાથજીએ સમજાવેલ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

શુદ્ધ - એટલે માયા સંબંધ રહિત- અવિદ્યાના સંબંધ રહિત વેદ, બ્રહ્મસૂત્ર વગેરેમાં જે નિરુપણ છે. અક્ષરસહ તે જ રીતે.

અદ્વૈત - એટલે દ્વૈત (ભિન્ન) નહિ તે એકતા ભક્ત અને ભગવાનનું ઐક્ય

બ્રહ્મ-જીવ, રૂપ-નામ, કાર્ય- કારણનું અદ્વૈત (અભિન્ન)

બ્રહ્મવાદ - બ્રહ્મ અને જગત ભિન્ન નથી. બ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થયું છે. બ્રહ્મ સત્ય છે. ને જગત પણ સત્ય છે.

શુદ્ધાદ્વૈત વેદાન્તઃ આ જગતતત્ત્વ સાથે સંસારતત્ત્વનો વિચાર કરવામાં આવે છે. સંપ્રદાયમાં જગતથી ભિન્ન તત્ત્વ તરીકે સંસારતત્ત્વની કલ્પના કરી એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છું કે જગતથી ભિન્ન એવું સંસારતત્ત્વ જીવે અવિદ્યાથી કલ્પેલું તત્ત્વ છે. જયારે જગત એ ભગવદ્ કાર્ય છે અને તેથી ભગવદ્રૂપ છે.

પૂ. પિતાશ્રીની જીવન ઝરમરને કલમ દ્વારા કાગળ પર ઉતારવા અમે તો ખૂબ નાના-વામણા ગણાઈએ, છતાં પૂ. પિતાશ્રીના આ મહાનિબંધને વૈષ્ણવો સમક્ષ મૂકતાં અમે ખૂબ જ ધન્યતા અનુભવીએ છીએ.

બાકોર (તા.ખાનપુર, જિ. પંચમહાલ) જેવા નાના ગામમાં સામાન્ય પરિવારમાં તા.૨૪-૩-૧૯૨૪માં જન્મેલા પૂ.પિતાશ્રીએ બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી દીધેલ. તેઓના માતુશ્રી સ્વ.પ.પૂ.જેકોરબહેન તથા સંયુક્ત કુટુંબને કારણે જ તેઓ શિક્ષણ અર્થે બહાર જઈ શક્યા. મોડાસામાં શિક્ષણ દરમ્યાન એસ.એસ.સી.માં ૭૫% મેળવી અમદાવાદ કેન્દ્રમાં દ્વિતીય નંબર સાથે ઉત્તીર્ણ થયા(૧૯૪૨). સને ૧૯૪૭મા બોમ્બે યુનિ.માંથી બી.એ. થયા. ૧૯૪૯માં સંસ્કૃતમાં તથા ત્યારબાદ ૧૯૫૫માં હિન્દીમાં એમ બે વખત એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. સને ૧૯૫૨માં હિન્દી વિષયમાં "સાહિત્ય વિશારદ" થયા. તેમણે શિક્ષણને જ પોતાનું જીવનકાર્ય માન્યું. સને ૧૯૬૫માં "શ્રી ગોકુલનાથજીનું શુદ્ધાદ્વૈત વેદાન્તમાં પ્રદાન" એ વિષયમાં મહાનિબંધ લખ્યો અને એમ.એસ. યુનિ.વડોદરાએ તેમને પીએચ.ડી.ની ઉપાધિથી નવાજ્યા.

તેઓએ ૧૯૪૯થી નવેમ્બર ૧૯૭૩ સુધી નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ કોલેજમાં (જેમાંથી ૧૯૭૦ થી ૧૯૭૩ પ્રિન્સિપાલ તરીકે) જૂન ૧૯૭૪ થી જૂન ૧૯૭૬ સુધી મોડાસા તથા જુલાઈ ૧૯૭૬ થી ડિસેમ્બર ૧૯૮૩ સુધી આણંદની એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી હતી.

તેમનું સમગ્ર જીવન જે એક પાઠશાળા જેવું હતું. તેઓ કોઈપણ પ્રકારની મુશ્કેલી-જીવનગૂંચ સરળતાથી ઉકેલતા. તેઓની જીવન જીવવાની કળા-શૈલીમાંથી જેટલું શીખીએ તેટલું ઓછું. તેમના જીવનની બે ચાર મીઠી મધ જેવી વાતો લખ્યા વિના રહી શકતા નથી.

પ્રથમ તો વારંવાર હતાશા અનુભવતા આજના યુવાનોને તેમનો સંદેશો

"સ્વપ્રયત્ન + ભગવત્કૃપા=સફળતા"

બીજી વાત તેમણે શિક્ષણને ક્યારેય વેપાર બનાવ્યો ન હતો. જે કોઈ વિદ્યાર્થી તેમની પાસે આવે તેને આનંદથી ભણાવતા.

તેઓ સિદ્ધાંતવાદી હતા. તેમણે ગાંધી વિચારધારાને સંપૂર્ણપણે અપનાવી લીધી હતી. હંમેશાં સ્વદેશી ચીજવસ્તુઓને ઉત્તેજન અને ગરીબોને રોજગારી મળે તે હેતુથી તેઓ જીવનભર ખાદીનાં જ કપડાં પહેરતા હતા અને કુટુંબના સભ્યોને પણ તેમણે સ્વદેશી વસ્તુઓ વાપરવાનો અનુરોધ કર્યો હતો.

ત્રીજું કે સર્વે કુટુંબીજનો સાથે બેસીને રાત્રે સૂતાં પહેલા પ્રાર્થના કરતા. ચોથી ખૂબ જ અગત્યની અને સૌએ પોતાના જીવનમાં ઉતારવા જેવી વાત એમણે વર્ષો પહેલાં પોતાના જીવનમાં સાંગોપાંગ ઉતારી હતી. દરેક માણસે પોતાની કમાણીનો દસમો ભાગ ગરીબ અને જરૂરિયાતમંદ માટે અલગ રાખવો. ભારતની ગરીબી દૂર કરવાનો આ કેટલો સીધો સરળ માર્ગ કેટલી બધી સાહજિકતાથી સમજાવી ગયા. શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કંધમાં મન્વંતરલીલામાં બલિરાજાના ચરિત્રમાં આ વસ્તુ નિરૂપાયેલ છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો અને જ્ઞાતિજનો માટે તેમણે ખૂબ જ પ્રદાન કર્યું છે. વતન અને જ્ઞાતિ પ્રત્યે તેમની નિષ્ઠા ગજબની હતી. બાકોર અને પાંડરવાડામાં સંયુક્ત રીતે હાઈસ્કૂલ શરૂ કરાવી. સૌ પ્રથમવાર વિશાનીમા જ્ઞાતિનું સંમેલન ભરી વસ્તીપત્રક પ્રકાશિત કરી જ્ઞાતિની અજોડ સેવા કરી છે. જ્ઞાતિના રીતરિવાજો સુધારવા તેમણે ખૂબ જહેમત ઉઠાવી છે.

૧૯૮૧-૮૨માં કેન્સરની સારવાર દરમ્યાન મૂળ મોડાસાના અને મુંબઈમાં રહેતા સ્વ.શ્રી નટવરલાલ મોહનલાલ ગાંધી તથા આંખના નિષ્ણાત ડૉ.વિરેન્દ્રભાઈ ગાંધી તથા તેઓના પરિવારે આપેલ નિષ્કામ સેવા તથા સાથ સહકારના અમે સદા ઋણી રહીશું.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના 'કર્મ'ના સિદ્ધાંતમાં તેઓ દઢપણે માનતા હતા. માણસે પોતે આ જન્મમાં કે પૂર્વ જન્મમાં કરેલાં કર્મોનું ફળ અહીં જ ભોગવવું પડે છે.

તેઓ પુષ્ટીમાર્ગમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા હતા અને તેમની શ્રદ્ધાને વેગ આપવાને અમારો આ સૂક્ષ્મ પ્રયાસ છે.

તા.૧૧-૪-૮૪ના રોજ તેઓએ અંતિમ શ્વાસ લીધા અને એક આદર્શ જીવનનું ઉદાહરણ આપતા ગયા. અમે કુટુંબીજનો (અને જ્ઞાતિજનો) એમના જીવનનો અંશ જીવી જાણીએ એ જ અભ્યર્થના.

તેમની છેલ્લી ઈચ્છા હતી કે વતનમાં (બાકોર) જઈ ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવા અને જ્ઞાતિજનોને પુષ્ટિમાર્ગનું જ્ઞાન આપવું. આ સ્વપ્ન તેમનું અધૂરું જ રહ્યું. પરંતુ તેમના લખેલા આ મહાનિબંધ દ્વારા વૈષ્ણવોને પુષ્ટિમાર્ગનું જ્ઞાન અવશ્ય મળશે તેવી આશા અસ્થાને નથી.

આ મહાનિબંધ વૈષ્ણવ સમાજ સમક્ષ મૂકતાં અમે અનેરા આનંદની લાગણી અનુભવીએ છીએ.

અમારાં પૂ.બાને કેમ ભૂલાય? પૂ.પિતાશ્રીના આ સેવા કાર્યમાં આજીવન તેમના પડખે ઊભા રહી સદા તેમને સાથ સહકાર આપ્યો છે. તેમના જીવનમૂલ્યોને આગળ ધપાવતા એવા અમારા પૂ.બાને અમે સદા વંદન કરીએ છીએ.

આ ભગવત્કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેમણે સાથ આપ્યો છે, તે સૌના અમે ઋણી છીએ અને તેમનો સહહૃયપૂર્વક આભાર માનીએ છીએ.

અમારા પૂ.પિતાશ્રીએ પીરસેલું (આલેખેલું) અને પૂ.શ્રીસેવકજી દ્વારા ગુજરાતી ભાષામાં સુલભ કરાયેલું આ નવનીત સર્વને પુષ્ટ અને તુષ્ટ બનાવનારું નીવડે એ જ શ્રી ગોકુલનાથજી પ્રભુના ચરણારવિંદમાં અભ્યર્થના છે.

श्री गोकुलपतेर्नित्यं शुभदमास्पदं महत् ।
श्री वाल्लभमते निष्ठं तुर्यपीठं वयं नुमः ॥

સ્વ. શ્રી ર.હી. ગાંધી પરિવારના જય જય શ્રી ગોકુલેશ
(મણિગૌરી ર. ગાંધી,
ભરત -ચારૂ, સમીર-ભુમિકા-મહેક, રચના-શ્રી મિહિરકુમાર
રંજન-શ્રી ચંદ્રકાન્ત, હેમલ-મમતા-ઋત્વા-માનાંક, કેયુર-મનીષા
સુરભિ-શ્રી જગદીશચંદ્ર, પ્રતીક-નેહા, રોનક
નલિની-શ્રી શૈલેશકુમાર - કલ્પેન-દીપેન
નિખિલ-મનીષા-નિસર્ગ)

સંપર્ક
ભરત ર. ગાંધી
પ્લોટ-૫૮૩/૧, સેક્ટર-૮,
ગાંધીનગર.

અનુવાદકની કલમે

અમદાવાદ,
તા.૧૭-૭-૦૪

સ્નેહીશ્રી ભરતભાઈ ગાંધી અને પરિવારજનો,

જત આ સાથે ડૉ.રમણભાઈ એચ. ગાંધી લિખિત મહાનિબંધનું હું પ્રથમવાર ગુજરાતી ભાષાંતર કરીને મોકલું છું. ૧૯૯૮-૧૯૯૯માં મે પ્રથમવાર અંગ્રેજીમાં વાંચેલ અને સહજભાવે સૂચન કર્યુ હતું કે આનું ગુજરાતી કરાવવું જોઈએ. ત્યારબાદ, હું મુંબઈ અને પરદેશ જઈ આવ્યો હતો અને તે દરમિયાનમાં મને તેનું ભાષાંતર કરવા કહેવામાં આવ્યું. વાસ્તવમાં જ્યારે તે કાર્ય હાથ ધર્યું તે પછી જ મને તેની કઠિનતા અને મારી મર્યાદિત શક્તિ તે કાર્ય કરવા માટે છે, તેનો ખ્યાલ આવ્યો હતો. છતાં તેઓએ મારામાં મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરવા મેં નક્કી કર્યું. તે મુજબ ભાગ્યશાળી થયો છું.

સ્વ.રમણભાઈ એચ. ગાંધીને મેં મુંબઈમાં મારા નાનાને ત્યાં આવતા જતાં જોયા છે. મારા નાના મુંબઈ-ભૂલેશ્વરની મોટી હવેલીમાં મોટા મુખ્યાજી હતા- મારો જન્મ ત્યાં જ થયેલો છે અને ગોસ્વામી મહારાજોમાં તેમનું ભારે માન હતું. તેથી જ મેં સ્વ. રમણભાઈનો આ મહાનિબંધ જ્યારે પ્રથમવાર વાંચ્યો ત્યારે તે જાણ્યું અને પછીથી તેનું ભાષાંતર કરવાનું માથે લીધું. મારી યથાશક્તિ-મતિ અનુસાર મેં તે કાર્ય કર્યું છે અને સંભવ છે કે ભાષાંતરમાં અને તેમના લખવાના ભાવ પરત્વે મારા વડે ભાષાનું કે ભાવનું અંતર રહી જવા પામ્યું હોય તો દરગુજર કરશો. આ કાર્ય કરવા માટે મને તક આપવા બદલ હું આપ સર્વેનો ઋણી છું અને સદૈવ રહીશ. ઔપચારિક રીતે આ શબ્દો નથી કહેતો, પણ હૃદયપૂર્વક કહું છુ કારણ કે સૌ પ્રથમ તો મારું ભાષાજ્ઞાન સીમિત, શક્તિ મર્યાદિત અને પુષ્ટિમાર્ગનું જ્ઞાન પણ મર્યાદિત છે, તે વિશે સંપૂર્ણ સભાન છું અને એટલે જ આ કાર્ય કરવા તક આપવા બદલ ઋણી હોવાનો ભાવ અનુભવું છુ અને વ્યક્ત કરું છું.

તેના અનુસંધાને ખાસ વિનંતીપૂર્વક જણાવવાનું કે આ સમગ્ર કાર્ય સેવા-ભાવપૂર્વક નિઃશુલ્કપણે કરવાનો મેં નિરધાર કર્યો છે, જેને સ્વીકારી મને આભારી કરશો. મારું પુષ્ટિમાર્ગ વિશેનું જ્ઞાન આ કાર્યથી વધુ થયું છે એટલું જ નહિ, પણ વધુ જાણવાની ઉત્કટ ભાવના મારામાં જાગી છે. વળી, નામથી પણ નામનો સેવક છું, એટલે મારી સેવા આ પ્રકારે સ્વીકારશો અને તેનાથી મને વંચિત રાખશો નહીં.

ફરી એકવાર ઋણસ્વીકાર સાથે
જયશ્રી કૃષ્ણ
લિ. સ્નેહાધીન
કનૈયાલાલ અ. સેવક

૧૦૩, પાયલપાર્ક સોસાયટી
સેટેલાઈટ રોડ,
અમદાવાદ.

અનુક્રમણિકા

વિગત		પૃષ્ઠ ક્રમાંક
પ્રસ્તાવના		IX
વિધાન ક્રમાંક ૧ અને ૨		XI
સારાંશ		
મહાનિબંધ	પ્રકરણો	
ક્રમાંક ૧	વેદાંત અને શ્રી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના ઉદ્‌ગમ અને વિકાસની રૂપરેખા.	૧-૨૩
ક્રમાંક ૨	શ્રી ગોકુલનાથજીનું જીવન	૨૪-૬૧
ક્રમાંક ૩	શ્રી ગોકુલનાથજીની લખેલી કૃતિઓ, ગ્રંથો	૬૨-૭૪
ક્રમાંક ૩(અ)	સંસ્કૃત કૃતિઓ, ગ્રંથો	૭૫-૧૩૧
ક્રમાંક ૩(બ)	વાર્તા સાહિત્ય	૧૩૨-૧૫૬
ક્રમાંક ૩(ક)	ભાવના સાહિત્ય	૧૫૭-૧૬૯
ક્રમાંક ૩(ડ)	વચનામૃત સાહિત્ય	૧૭૦-૧૭૭
ક્રમાંક ૩(ઇ)	પત્રો, પદો અને પ્રકીર્ણ સાહિત્ય	૧૭૮-૧૮૭
ક્રમાંક ૪	શ્રી ગોકુલનાથજીનો અનુયાયિગણ	૧૮૮-૧૯૭
ક્રમાંક ૫	મૂલ્યાંકન	૧૯૮-૨૦૪
પરિશિષ્ટ	૧-૧૦	૨૦૫-૨૨૯
સંદર્ભ ગ્રંથસૂચિ		૨૩૦-૨૩૬

પ્રસ્તાવના

મારાં કરેલાં સંશોધન કાર્યના ફલસ્વરૂપે શુદ્ધાદ્વૈત વેદાંત પરત્વેના શ્રીગોકુલનાથજીના વિશિષ્ટ પ્રદાન વિશેનો મહાનિબંધ રજૂ કરતાં હું કૃતકૃત્યતા અનુભવું છું "શુદ્ધાદ્વૈત વેદાંત" એવો શબ્દ પ્રયોજાયો છે. તેનો તત્ત્વદર્શન અને ધર્મની એક વિચારધારા એવો વ્યાપક અર્થ અભિપ્રેત છે અને તેને પુષ્ટિમાર્ગ તે જ પ્રમાણે સમજવાનો છે. આ સંશોધન કાર્ય માટે જોઈતી અને જરૂરી એવી તમામ સાહિત્ય સામગ્રી એકઠી કરવામાં મેં સર્વોત્તમ પ્રયાસ કર્યો છે તથા તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો છે. પુષ્ટિમાર્ગ વિશેના સામાન્ય જ્ઞાનમાં મારી આ કૃતિ કેવી રીતે અને કેટલી વૃદ્ધિ કરશે તેનો નિર્દેશ મેં લખેલા હવે પછી આવતા વિધાન ક્રમાંક-૧માં દર્શાવ્યો છે.

અહીં એક મુદ્દા વિશે હું સ્પષ્ટતા કરવા ધારું છું. ભાષ્ય, ટીકા, વિવૃતિ, વિવરણ, વ્યાખ્યા જેવા શબ્દોના પારિભાષિક એવા ખાસ અર્થો થાય છે. આથી એક ભાષામાંથી બીજી ભાષામાં તેમનું લિપ્યાંતર કરતી વખતે એટલે કે અંગ્રેજીમાં લખતી વખતે લોકપ્રચલિત જોડણીવાળા નામોની બાબતમાં હું તેમને અનુસર્યો નથી, જે વિદિત થાય.

મારાં આ સંશોધન કાર્યમાં મને વિવિધ રીતે સહાયભૂત થનારી વ્યક્તિઓ પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કરવાની તક અત્રે હું લઉં છું. આ મહાનિબંધ તૈયાર કરવા માટે જરૂરી સાહિત્ય-સામગ્રી એકઠી કરવામાં જેમણે મને હમેશાં સહાય કરી હતી અને ઉપયોગી સૂચનો દ્વારા માર્ગદર્શન આપ્યું હતું તથા પોતાનાં અંગત પુસ્તકાલયના મહામૂલાં પુસ્તકોનો છૂટથી ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી એવા મારા વિદ્વાન ગુરુ અધ્યાપક શ્રી જી.એચ.ભટ્ટનો હું અત્યંત ઋણી છું. તેમના પ્રોત્સાહન અને પ્રેરણાને કારણે જ હું આ મહાનિબંધ પૂર્ણતયા લખવાને સમર્થ થયો છું.

વળી, જો હું મોડાસાના શ્રી ચીમનલાલ એમ.વૈદ્ય અને નડિયાદના શ્રી પુરુષોત્તમદાસ ટી. કવિને અત્રે યાદ ન કરું અને તેમનો આભાર ન માનું, તો કૃતઘ્ની ગણાઉં. તે બન્ને મહાનુભાવોએ તેમની પાસેથી શ્રીગોકુલનાથજી અને તેમના અનુયાયીઓનાં લખેલાં પુસ્તકો વગેરેની હસ્તપ્રતો મને આપી હતી અને વળી અન્ય સામગ્રી તથા જાણકારી મેળવવામાં ઘણી જ સહાય કરી હતી. કાંકરોલીના પૂજ્યપાદ ગોસ્વામી શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીએ આપશ્રીના બ્રહ્મસૂત્રગ્રંથાગાર (વિદ્યા વિભાગ)માં શ્રીગોકુલનાથજીના લખેલાં પુસ્તકોની હસ્તપ્રતો જોઇ-વાંચી શકું તે માટે, પ્રવેશની પરવાનગી મને આપી હતી, તે અંગે હું ખરેખર હૃદયપૂર્વકની આભારની લાગણી વ્યક્ત કરું છું. પોરબંદરના પૂજ્યપાદ ગોસ્વામીશ્રી માધવરાયજી અને ઉજ્જયિનીના શ્રી જમનાદાસ ઝેલાની કે જેમણે શ્રીગોકુલનાથજી કૃત સર્વોત્તમસ્તોત્ર પરની 'બડી ટીકા'ની તેમની પાસેની મૂલ્યવાન હસ્તપ્રત મને ઉપલભ્ય કરી હતી, તે બદલ તેમનો પણ હું એટલો જ આભારી છું. વળી, પંડિત કંઠમણિ અને શાસ્ત્રીજી છોંગાલાલજી કાંકરોલીવાળાનો પણ હસ્તપ્રતો મેળવવામાં સહાયભૂત થવા અને મારા પ્રશ્નોના ઉત્તરો આપવા બદલ હું આભાર માનું છું. નડિયાદના પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના ટ્રસ્ટીઓએ મારી અનુકૂળતાએ તમામ પુસ્તકોનો મુક્તપણે ઉપયોગ હું કરી શકું તેવી પરવાનગી આપવા માટે અને સુલતાનપુરા-વડોદરાના શ્રીગોકુલનાથજીના મંદિરના ટ્રસ્ટીઓએ 'કલ્લોલ' કે જેમાં પંદરમા સ્કંધમાં શ્રીગોકુલનાથજીના જીવનનું નિરૂપણ થયું છે, તે જોવા-વાંચવા માટે હસ્તપ્રતો ઉપલભ્ય કરી હતી તેમનો પણ હું આભારી છું.

શ્રીગોકુલનાથજીનાં ચિત્રોના ફોટો-બ્લોક વગેરે ઉપલભ્ય બનાવનાર અમદાવાદના શ્રી લલ્લુભાઇ સી. દેસાઇનો અત્રે આભાર માનવાનું મારે સર્વથા ભૂલવું ન જોઇએ.

સહી : આર.એંચ.ગાંધી

તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૬૪

વિધાન ક્રમાંક-૧

ઈસ્વીસનની ૧૬મી સદીથી ભારતીય સમાજ પર શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનની વિચારધારાએ ભારે અસર કરી છે. આપણા દેશમાં ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં તેનો અનુયાયિગણ ઘણો મોટો છે. વળી ગુજરાતમાં તો વૈષ્ણવ શબ્દનો અર્થ જ બહુધા શ્રી વલ્લભાચાર્યમત એટલે કે પુષ્ટિમાર્ગનો અનુયાયી એવો કરાય છે. ડૉ. એન.એ. ટુથીએ "ગુજરાતના વૈષ્ણવો" નામક લખેલા મહાનિબંધમાં વૈષ્ણવો વિશે અભ્યાસપૂર્ણ લખાણ કર્યું છે. અલબત્ત, તેમનો એ અભ્યાસ, વૈષ્ણવો વિશે સામાન્ય અવલોકન કરતો છે અને નહિ કે કોઇ સંપ્રદાય કે આચાર્ય વિશિષ્ટના મતનું નિરૂપણ કરનારો.

મારો આ મહાનિબંધ તો ખાસ એક આચાર્ય નામે શ્રીગોકુલનાથજીના વિશે છે. તેઓશ્રી વલ્લભાચાર્યના પૌત્રોમાંના એક પૌત્ર હતા. પુષ્ટિમાર્ગ તો ભગવત્કૃપાના અનુગ્રહના સિદ્ધાંતમાં માને છે. સુદૃઢતાપૂર્વક અને સુવ્યવસ્થિત તેનુ સંસ્થાપન અને પ્રસારકાર્ય કરવામાં શ્રી ગોકુલનાથજી સ્વયં પ્રેરક બળ બની ગયા છે. તેઓશ્રી શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન અને પુષ્ટિમાર્ગના સમર્થ લેખકો પૈકીના એક લેખક છે. તેમની ઘણીખરી કૃતિઓ ગુજરાતી ભાષાંતર સાથે પ્રકાશિત થઇ છે, પરંતુ તેમની કેટલીક કૃતિઓ હજુ અપ્રકાશિત રહી છે. અદ્યાપિ તેમના કાર્યનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ થયો નથી અને ન તો તેમણે પુષ્ટિમાર્ગમાં કરેલાં પ્રદાનનું મૂલ્યાંકન થયું છે. આ મહાનિબંધમાં મેં તેમની કૃતિઓનું સૂક્ષ્મ દૃષ્ટિએ વિવેચન અને મૂલ્યાંકન કરવા પ્રયત્ન કર્યો છે. તેમની લખેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો ભાગ્યે જ ઉપલબ્ધ થાય છે. મેં તેનો પણ અભ્યાસ કર્યો છે અને તે હેતુસર તેમની કૃતિઓ-રચનાઓ તેમજ તેમના અનુયાયીઓ વિશેની 'માહિતી' હસ્તપ્રતના ગ્રંથાગારોમાં તથા કેટલીક વ્યક્તિ અને સ્થળોમાં જઇ-જોઇને અને સંપર્ક કરીને મેળવી છે. વ્રજભાષાની કૃતિઓ(જેવી કે વાર્તાઓ અને ભાવનાઓ તથા વચનામૃત)ના મહત્ત્વનું અને વલ્લભસંપ્રદાય પર તેમણે કરેલી અસરનું નિરૂપણ કર્યું છે. પૌર્વાત્ય વિદ્યા ખાસ કરીને ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મની બાબતમાં વિનમ્ર એવું મારું આ યોગદાન બની રહેશે એમ હું માનુ છું અને વળી આશા રાખું છું કે ધાર્મિક સંપ્રદાય એટલે કે પુષ્ટિમાર્ગ વિશે અભદ્ર અને ખોટી ધારણા-માન્યતાઓનુ આલેખન " એનેસાઇક્લોપિડિયા ઑફ રિલિજીયન અને એથિક્સ વોલ્યુમ ૧૨" અને "બ્રહ્મવાદ અને હિંદુ ધર્મ" લેખક 'મોનિયર વિલિયમ્સે' કર્યું છે, તેમનું નિવારણ કરવામાં મારો આ મહાનિબંધ સાધનરૂપ બનશે.

મેં આ મહાનિબંધમાં શ્રીગોકુલનાથજીના ઉપલબ્ધ ચિત્રો અને તેમની લખેલી કૃતિઓની કેટલીક હસ્તપ્રતમાંથી એક કે બે પૃષ્ઠની ફોટો-કોપી પણ સામેલ કરી છે, જે વિદિત થાય.

વિધાન ક્રમાંક ૨

પ્રમાણભૂત સાહિત્ય - સ્રોતો

આ મહાનિબંધ તૈયાર કરવામાં મેં મુદ્રિત તેમજ અપ્રકાશિત એવી ઉપલબ્ધ તમામ સામગ્રીનો સંપૂર્ણતયા ઉપયોગ કર્યો છે. શ્રીગોકુલનાથજી વિશેનું સાહિત્ય ગુજરાતી, હિંદી અને સંસ્કૃતમાં ઉપલબ્ધ છે. તેમણે લખેલી કેટલીક કૃતિઓ તથા ભાષાંતર વિશે પ્રાચીન અને અર્વાચીન સામાયિક પત્રોમાં ઉલ્લેખો-સંદર્ભો પણ થયેલા જોવા મળે છે. શ્રીગોકુલનાથજીની કેટલીક કૃતિઓ હજુ અપ્રકાશિત છે અને તેમના ઉલ્લેખ પુષ્ટિમાર્ગીય મંદિરો જેવાં કે કાંકરોલી, કામવન, ગોકુલ ઇત્યાદિમાં રહેલી હસ્તપ્રતોની યાદીમાં જોવા મળે છે. મેં ઉપલબ્ધ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે. કેટલીક વ્યક્તિઓ અને સ્થળોની મુલાકાત પણ લીધી છે. શક્ય એટલી વધુ માહિતી એકઠી કરી છે. આવાં સ્થળો અને વ્યક્તિઓનો ઉલ્લેખ મેં જે તે સ્થાને કર્યો છે. વળી ઉપલબ્ધ માહિતીનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે અને શ્રીગોકુલનાથજીની કૃતિઓ તથા તેમના પ્રદાનનું મૂલ્યાંકન પ્રસ્તુત કર્યું છે.

સારાંશ (પ્રકરણવાર)

પ્રકરણ-૧

વેદાંત અને શ્રીવલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના ઉદ્‌ગમ અને વિકાસની રૂપરેખા

ભારતમાં ઘણા બધા ધાર્મિક સંપ્રદાયો અને પંથો છે. તે પૈકી એક છે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ, તેના પ્રવર્તક શ્રીવલ્લભાચાર્ય છે. વેદાંતનો વિકાસ-સત્યની ખોજ કરવાના પ્રાચીનકાળમાં સૌ પ્રથમ પ્રયાસો વેદોમાં જોવા મળે છે. બે વિચારધારા કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં જોવા મળે છે. ત્યારપછીજ સૂત્ર અને ભાષ્યનો સમય - વિવિધ આચાર્યો અને તેમના સિદ્ધાંતોનું નિરૂપણ, શુદ્ધાદ્વૈત શબ્દનો અર્થ - તેના પ્રવર્તક શ્રીવલ્લભાચાર્ય છે. તેમનું જીવન, કવન અને તત્ત્વજ્ઞાનનું નિરૂપણ, શું શ્રીવલ્લભાચાર્ય શ્રીવિષ્ણુસ્વામીના અનુયાયી હતા ? શ્રીવિઠ્ઠલનાથજી અને તેમની કૃતિઓ પુષ્ટિમાર્ગના પ્રસારમાં તેઓ નિમિત્તરૂપ બન્યા હતા. શ્રીવિઠ્ઠલનાથજીનો સમય રાજકીય ઉથલપાથલ અને અસુરક્ષાનો સંપૂર્ણતયા હતો. ભક્તિમાર્ગનો પ્રચાર તે હકીકતને આભારી હતો. જૂના ધર્મ-પુરાણોમાં ભકિત સંપ્રદાયનો ઉલ્લેખ જોવા મળે છે. તેનાથી શ્રીવલ્લભચાર્યજી કઇ રીતે જુદા પડે છે. પુષ્ટિમાર્ગ વિશે, પછીના સમયમાં પ્રવર્તેલ ગેરસમજ, વિઠ્ઠલનાથજીના વંશજો અને અન્ય શુદ્ધાદ્વૈત અંગે લખનારાઓનો ઉલ્લેખ.

પ્રકરણ-૨

શ્રીગોકુલનાથજીનું જીવન અને વ્યક્તિત્વ

તેમના જીવનનો તટસ્થ અભ્યાસ - તેમનું બચપણ અને શિક્ષણ-તેમનું લગ્ન અને કુટુંબ જીવનના પ્રસંગો વિક્રમ સંવત ૧૬૪૬-૪૭ એટલે કે ઇસ્વીસન ૧૫૯૦-૯૧માં તેઓશ્રી ગુજરાત પધાર્યા. માલા-પ્રસંગને લીધે તેમની પ્રસિદ્ધ જીવન-ઘટનાનું નિરૂપણ શ્રી ગોકુલનાથજી ભારે કુનેહપૂર્વક તે પ્રસંગે વર્ત્યા. માલા-પ્રસંગનું ઐતિહાસિક દૃષ્ટિએ નિરીક્ષણ, પરીક્ષણ શ્રીગોકુલનાથજી વિશે અખાનાં વિધાનોની ચકાસણી- શ્રી ગોકુલનાથજીનું વ્યક્તિત્વ તેમના અંતિમ દિવસો તેમણે કઇ રીતે પસાર કર્યા- શ્રી ગોકુલનાથજીનું સેવ્ય સ્વરૂપ નિજનું-શ્રીગોકુલનાથજી વિશે પુરાણોમાં થયેલા ઉલ્લેખોની સચ્ચાઇની ચકાસણી.

પ્રકરણ - ૩

શ્રીગોકુલનાથજીની લખેલી કૃતિઓ ગ્રંથો

શ્રીગોકુલનાથજી અનેક ગ્રંથોના સિદ્ધહસ્ત લેખક હતા - તેમની કૃતિ - ગ્રંથોનો વિવિધ લેખકોના લેખોમાં તથા સામયિક પત્રમાં જોવા મળતા ઉલ્લેખો, તેમના લખેલા ગ્રંથોની સંખ્યા બાબતમાં અભિપ્રાયમાં ઐક્ય જણાતું નથી. તેમના ગ્રંથોનું વર્ગીકરણ તેમના ગ્રંથોના અનુક્રમ-તેમના લખેલા ગ્રંથો અંગે પ્રકીર્ણ માહિતી.

પ્રકરણ ૩ (અ)

શ્રીગોકુલનાથજીની સંસ્કૃત ભાષામાં કૃતિઓ-ગ્રંથ

તેમના લખેલા મૂળ ગ્રંથો સંસ્કૃત ભાષામાં નામે 'તિલક નિર્ણય' નામાવલિ અને 'વિજ્ઞપ્તિ'નો સંશોધનાત્મક અભ્યાસ શ્રીવિઠ્ઠલનાથજીના સર્વોત્તમસ્તોત્રની ટીકા જેવી કૃતિઓ પરનું વિવેચન સર્વોત્તમસ્તોત્ર પરની બૃહતી (બડી) ટીકા એ તેમનું બહુમૂલ્ય પ્રદાન છે. શ્રીવલ્લભાચાર્ય લિખિત ષોડશ ગ્રંથો પર શ્રીગોકુલનાથજીની વિવેચનાનો અભ્યાસ - ગદ્યમંત્ર, ગાયત્રી મંત્ર, ગાયત્રી ભાષ્ય અને બીજી ગ્રંથ-કૃતિઓ પરની તેમની ટીકાનો અભ્યાસ

પ્રકરણ-૩ (બ)

વાર્તા સાહિત્ય

વાર્તા સાહિત્યનો શબ્દપ્રયોગ-૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા-સંવત ૧૭૪૬ની હસ્તપ્રતમાં નિરૂપિત પ્રસંગ - ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા, ભાવસિંધુ, નિજ-વાર્તા, ઘરુ-વાર્તા, બેઠક ચરિત્ર પ્રાગટ્ય વાર્તા અને વનયાત્રા વગેરેનુ સંશોધન-વાર્તા સાહિત્યની મૂલવણી હાલ અનુપલબ્ધ 'વલ્લભ કલ્પદ્રુમ' નામક કૃતિનો ઉલ્લેખ.

પ્રકરણ-૩ (ક)
ભાવના સાહિત્ય

ભાવનાસાહિત્ય એટલે શું ? રહસ્ય ભાવના, ઉત્સવ ભાવના, લીલા-ભાવના, ભાવ-ભાવના, સ્વરૂપ ભાવના વગેરે વિવિધ ભાવના ગ્રંથો પ્રકાશિત અને હસ્તપ્રતોની સરખામણી-શું આ ગ્રંથોના લેખક શ્રીહરિરાયજી છે ? “શ્રીઆચાર્યજી ઔર શ્રીગોસ્વામીજી કે સ્વરૂપ કો વિચાર” એ નામક અપ્રકાશિત ગ્રંથની સાહિત્ય સામગ્રી-ભાવના સાહિત્યનું મહત્ત્વ.

પ્રકરણ-૩ (ડ)
વચનામૃત સાહિત્ય

વચનામૃતનો શબ્દ પ્રયોગ-વાર્તાઓ અને ભાવનાઓમાં વચનામૃત સમાવિષ્ટ નથી - વચનામૃતોનો સંગ્રહ કેવી રીતે થયો-શ્રીગોકુલનાથજીનાં વચનામૃત-વાર્તા-વાક્યામૃત-રત્નો અને વચનામૃતના અન્ય સંગ્રહો હજુ પ્રકાશિત થયા નથી. તેના ઉલ્લેખો વચનામૃતોનું સંકલન કાર્ય કરવાનો કોઇ પદ્ધતિસરનો પ્રયાસ થયો નથી. વચનામૃતોમાં પુષ્ટિમાર્ગના એક સાચા પ્રસારક તરીકે શ્રીગોકુલનાથજીનું ચિત્ર ઉભરતું આપણને જોવા મળે છે - વચનામૃતોનું મહત્ત્વ.

પ્રકરણ-૩ (ઇ)
પત્રો, પદો અને પ્રકીર્ણ કૃતિઓ

શ્રીગોકુલનાથજી પોતાના અનુયાયીઓને પત્રો હંમેશા લખતા હતા. તેમના કેટલાક પત્રોનો ઉલ્લેખ ભેલસાના પત્રથી એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શ્રીગોકુલનાથજીનાં પદો, દોહા વગેરેમાં-કવિ તરીકે તેઓ ઝળક્યા નહોતા. તેમની બીજી કૃતિઓ નામે એકાદશીનિર્ણય, પ્રશ્નાવલિ, મુહુર્ત વચનામૃત (ગોરખે અંકે) ગોરખ કુંડલી, શું શ્રીગોકુલનાથજીએ જ્યોતિષ વિશે કંઇ લખ્યું હતું ? શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરો.

પ્રકરણ-૪
શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ જય જય શ્રીગોકુલેશવાળા અથવા “ચતુર્થ ગૃહ”ના અનુયાયીઓ તરીકે ઓળખાય છે-બે મુખ્ય વિભાગો ભરુચી અને નિમાડિયા-તેમના વચ્ચેનો દૃષ્ટિભેદ-ભરુચીઓના વિવિધ સમૂહ-નિમાડિઆઓની પૂજન પદ્ધતિ પરત્વેની ભિન્નતા-ભરુચીઓ દ્વારા પ્રમાણમાં વિપુલ સાહિત્યનું સર્જન-તેમની મુખ્ય વિશિષ્ટતા છે અનન્યતા - રૂપમબાઇ અને અન્યની વિનતિઓનો ઉલ્લેખ.

પ્રકરણ -૫
મૂલ્યાંકન

શ્રીગોકુલનાથજી સંસ્કૃત અને વ્રજભાષામાં લખતા. તેઓ સ્થાનિક બોલી વ્રજ ભાષામાં ઉપદેશ આપતા - તેમની લખેલી કૃતિઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમણે શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના હાર્દને સાચા અર્થમાં આત્મસાત્ કર્યું હતું અને ટીકાગ્રંથો, વાર્તા અને વચનામૃત લખ્યાં હતાં. તેઓશ્રી પ્રમાણ કરતાં પ્રમેયને વધુ મહત્ત્વ આપતા. શુદ્ધાદ્વૈત મતને સુગઠિત કરવામાં તેઓ કારણભૂત બન્યા હતા. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતને જીવનમાં ચરિતાર્થ કર્યો હતો અને તત્ત્વજ્ઞાન કરતાં ધર્મ તરીકે તેની વ્યવહારુ બાજુનો સવિશેષ પ્રચાર તેમણે કર્યો હતો. બપોરના અને રાત્રિના સમયે ભક્તિ વિશે ઉપદેશ આપવાની તેમણે પદ્ધતિ નિત્યક્રમ લેખે અપનાવી હતી. સર્વોત્તમસ્તોત્રના ૨૨મા શ્લોકની અને “અસ્મત્-કુલમ્” નામક લખેલી ટીકાઓમાં ગોસ્વામી-બાલકોને સાવધ રહેવા ચેતવણી આપી હતી. તેઓશ્રી ત્રીજા મહાન આચાર્ય છે. નટેસને લખેલ “શ્રીવલ્લભાચાર્ય”માં થયેલ ઉલ્લેખનું અવતરણ.

પ્રકરણ -૧

વેદાંત અને શ્રીવલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના ઉદ્ગમ અને વિકાસની રૂપરેખા

(૧) પ્રાવેશિક

શ્રી મેકસમૂલરે એક વખત અવલોકન કરતાં કહ્યું હતું કે, એકંદરે ભારતવાસીમાત્ર તત્ત્વજ્ઞાની હોય છે. તેમનું એ વિધાન સર્વથા યથાર્થ છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે, ભૌતિક સુખની પ્રાપ્તિ પ્રત્યે ભારતવાસી ઉપેક્ષા દાખવતો નથી, બલકે તેને સાધનસંપન્ન બનવા અને ગૃહસ્થ જીવન[1] જીવવાનું શિક્ષણ અપાય છે. સાથોસાથ, તેને એવો ઉપદેશ અપાય છે કે, તેણે પોતાની બુદ્ધિને નિજી પ્રકૃતિ કે જે તેનું સાચે જ ઘર-ગૃહ છે, તેમાં સ્થિર કરવી અને છતાં જીવનનાં ભૌતિક સુખોમાં પોતે લિપ્ત ન થઇ જાય તે પ્રકારે સાવધાન થઇને રહેવું. ભારતીય સમાજજીવનમાં ચાર આશ્રમોની વ્યવસ્થાનું જે નિર્માણ થયેલું જોવા મળે છે, તે સંતુલિત જીવનનું દ્યોતક છે. હજારો સંતોએ પોત-પોતાની રીતે ધર્મ-પંથો પ્રબોધ્યા છે અને અધ્યાત્મજીવનની જ્યોતને પ્રજ્વલિત રાખી છે. આના પરિણામે, ભારતવર્ષમાં અનેકાનેક ધર્મ-પંથો અને વિધિ-વિધાનો પ્રવર્તતાં જણાય છે, પરંતુ તે બધામાં મુખ્યત્વે એક હેતુ એટલે કે મનુષ્યે જીવનમાં આત્મજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરવું જોઇએ, એ વિષયમાં એકત્વ રહેલું છે એમ સ્પષ્ટ દેખાય છે.

ભારતવર્ષમાં અનેક ધર્મ-પંથો અને માન્યતા અસ્તિત્વ ધરાવે છે. તેમાં પ્રત્યેકને તેનું આગવું તત્ત્વજ્ઞાન અને સાહિત્ય હોય છે. શુદ્ધાદ્વૈત માર્ગ કે જેને લોકો પુષ્ટિમાર્ગ તરીકે ઓળખે છે તે પણ એવો જ એક સંપ્રદાય છે, જેનું વિપુલ સાહિત્ય ૧૬, ૧૭ અને ૧૮મી સદીમાં બહુધા લખાયું છે[2] અને હજુ આજે પણ તે લખાઇ રહ્યું છે. શ્રીવલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત માર્ગના તત્ત્વજ્ઞાનનું પ્રવર્તન ૧૬ મી સદીના પૂર્વાર્ધમાં કર્યું હતું. ભારતવર્ષે તે સમયગાળામાં આધ્યાત્મિકક્ષેત્રે ભારે-ક્રાંતિ થતી નિહાળી હતી. શ્રીવલ્લભાચાર્યના એ તત્ત્વજ્ઞાન વિશે કઇ જાણીએ તે પહેલાં, ભારતમાં તે કાળે વેદાંતનો જે વિકાસ થયો હતો તેનું ચાલો આપણે વિહંગાવલોકન કરીએ.

(૨) વેદાંતમાં સત્યની માનવીય શોધ

માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે કે આ સૃષ્ટિનાં અસ્તિત્વોનાં આદિકરણને શોધી કાઢવાં અને સૃષ્ટિની વિશાળતાનાં રહસ્યોનો તાગ કાઢવો અને તેના દ્વારા શાશ્વત્ સુખને શોધી કાઢવું. વળી આપણે કોણ છીએ - શું છીએ, ક્યાંથી આવ્યાં છીએ, આપણું અસ્તિત્વ શાને આભારી છે તથા આપણો અંત શો છે ? આવા બધા પ્રશ્નો માનવબુદ્ધિમાં ઉદ્ભવે છે અને આ પ્રશ્નોના ઉત્તરોની શોધ આજ પર્યંત પૂર્ણ થઇ નથી. આ શોધ જ તો, તત્ત્વજ્ઞાન અને ધર્મનો વિષય બની ગઇ છે.

---

[1] સંદર્ભ નોંધ : ૧ જુઓ

प्रजातन्तुं मा व्यवच्छेत्सी ।

भूत्यै । मा प्रेम । - दितव्यम् - पु- १-११-१

[2] સંદર્ભ નોંધ : ૨ જુઓ "કોઇપણ એક કુળના સદસ્યોએ બે કે ત્રણ સદીના સમયગાળામાં તેમના (શ્રીવલ્લભાચાર્ય) વંશજોની જેમ આટલું વિપુલ સાહિત્ય સર્જ્યાનો દાખલો સમગ્ર વિશ્વના ઇતિહાસમાં મળવા વિશે શંકા રહે છે."

એમ.સી.પારેખ કૃત "શ્રીવલ્લભાચાર્ય" પૃ. ૩૦૨

તત્ત્વજ્ઞાન અને ધર્મનાં મૂળ, રહસ્યના અંચળામાં વીંટળાયેલાં પડેલાં છે. મનુષ્યે કયારે સૃષ્ટિ અને માનવીય અસ્તિત્વનાં રહસ્યને ઉકેલવાના પ્રયાસ શરૂ કર્યા હતા, તે અંગે કોઇ જાણકારી પ્રાપ્ત થતી નથી. પરંતુ આ ક્ષેત્રમાં થયેલ સંશોધનો દર્શાવે છે કે, ઋગ્વેદ કે જે ધાર્મિક તથા સાહિત્યક વિષયનો સૌથી પ્રાચીન ગ્રંથ છે, તેમાં આ રહસ્યના ઉકેલો શોધવાના પ્રયાસો નોંધાયા છે.

મનુષ્ય જ્યારે તેની ભૌતિક જરૂરિયાતો સંતોષાય છે ત્યારે વિચારના પ્રદેશ પ્રત્યે ધ્યાન આપતો થાય છે. કહે છે કે, વેદકાળના દ્રષ્ટા-ઋષિ સપ્તસિંધુના ફળદ્રુપ પ્રદેશમાં રહેતા હતા અને તેથી તેમને પોતાની ભૌતિક જરૂરિયાતો મેળવવામાં કંઇ બહુ મુશ્કેલી પડતી નહોતી. આથી વિશ્વની વિવિધ લાક્ષણિક ઘટના-વસ્તુઓનું અવલોકન કરવા માટે તેની પાસે પૂરતો સમય હતો. નિયમિત થતા સૂર્યોદય અને સૂર્યાસ્તને અને ઝગમગતા તારલાખચિત વિશાળ આકાશીય ચંદરવાને સાનંદાશ્ચર્ય જોતો તથા ઉષાના આગમન વખતનાં સૌદર્યોનું પાન કરતો. વહેતાં ઝરણાનાં ગાન તે સાંભળતો અને ઋતુઓનાં નિયમિત થતાં પરિવર્તનોને જોતો. વળી નષ્ટ થયા પછી ફરીથી નિયમિત ઉગતાં ઘાસ અને વનસ્પતિને પણ રસપૂર્વક નિહાળતો. સાથોસાથ, તેને બીજા પણ કેટલાક અનુભવો થતા. કેટલીક વખત ભારે વરસાદ થતો અને પાણીનાં ભારે પૂર વહેતાં જે સર્વનાશકારક બનતાં, કેટલીક વખત વરસાદની ખેંચ રહેતી તો કેટલીક વખત સર્વવિનાશક વીજળી પડતી અને પવનના વિનાશકારી વંટોળ આવતા. આ બધી પ્રકૃતિની ઘટના કેટલીક વખત અનુકૂળ બનતી તો કેટલીક વખત પ્રતિકૂળ બનતી. પ્રકૃતિની પરમ શક્તિશાળી આ ઘટનાઓ પર તેની કોઇ સત્તા ચાલતી નહોતી. પ્રકૃતિ દ્વારા થતા આવા અનર્થોનું નિવારણ કરવા પોતે સમર્થ નથી એનો તેને અનુભવ થતો. આથી પ્રકૃતિની આવી પ્રત્યેક ઘટનાને કંઇક મનુષ્યેતર અને કંઇક અંશે તેને સ્વતઃ દૈવી હોવાનું વિચારતો કર્યો હતો. પ્રત્યેક પ્રાકૃતિક ઘટના પાછળ કોઇ દૈવીશક્તિ રહેલી છે એવું તે વિચારવા લાગ્યો. પ્રકૃતિનાં વિવિધ પરિબળોના અધિષ્ઠાતા એવા વિવિધ દેવ અને દેવીનું આ પ્રમાણેનું આરોપણ તેણે કર્યું-જેવા કે સૂર્યદેવ, વાયુદેવ અને મારુત દેવો, અગ્નિદેવ, વર્ષાના દેવો પર્જન્ય અને ઇંદ્ર, દેવી સરસ્વતી વગેરે. કેટલાક વનસ્પતિના છોડને પણ દેવ ગણવામાં આવતા. વળી આ બધા દેવ અને દેવીઓને માનવીય રૂપ-આકારો, શસ્ત્ર-સરંજામ અને મહેચ્છાઓ હોવાનું માનવામાં આવતું. પરંતુ આ સર્વ કંઇ જે તેમને સંલગ્ન હતું તે દૈવી અને મનુષ્યેતર મનાતું. આ પ્રાકૃતિક પરિબળોનું સજીવારોપણ કે માનવીય રૂપ કરવું-માનવું એ સ્વયં વૈશ્વિક ઘટનાને સમજવાનો પ્રથમ તબક્કો હતો.

સુખી અને સંપત્તિવાન જીવનની પ્રાપ્તિ માટે આ દેવોને વિવિધ આહુતિ આપવામાં આવતી. તેમની સ્તુતિનું ગાન કરતા પ્રાર્થના શ્લોકો રચાતા અને ઘણી બધી ઋચાઓમાં આવા પ્રસંગોનું નિરૂપણ થયેલું આપણે જોઇ શકીએ છીએ. સમય જતાં, આ દેવોની મહત્તાનું સ્તુતિ-ગાન કરતું વિપુલ પૌરાણિક સાહિત્ય સરજાયું.

દેવોને અર્પણ કરવાની સાદી રીત હતી તેનો પછીથી જટિલ વિધિવિધાનમાં વિકાસ થયો જે યજ્ઞને નામે ઓળખાયો અને દેવોના આહ્વાન અને તેમને પ્રસન્ન કરવા માટે નિયમો અને વિનિયમોની ખાસ સંહિતા રચાઈ-બ્રાહ્મણ-ગ્રંથો આવી વિવિધ યજ્ઞ-પ્રવૃત્તિઓનું નિરૂપણ કરે છે. જ્યારે દેવોની સંખ્યા વધી જવા પામી ત્યારે 'कस्मै देवाय हविषा विधेम' એવા પ્રશ્નો ઉપસ્થિત થવા લાગ્યા. વેદોના ઋષિ વિચારવા લાગ્યા કે દેવોમાં સૌથી બલિષ્ઠ અને સૌથી શ્રેષ્ઠ દેવ કયો ? અને વિશ્વ સમસ્તનો સાચો દ્યોતક-પ્રતિનિધિ કોણ ? કેટલીક વેદઋચાઓ ઇન્દ્રનું સૌથી શ્રેષ્ઠ દેવ તરીકે નિરૂપણ કરે છે, કેટલાક વરુણનું નિરૂપણ કરે છે જ્યારે કેટલીકમાં વિશ્વના સ્વામી તરીકે પ્રજાપતિનું નિરૂપણ કરે છે. વૈશ્વિક રહસ્ય-ઘટનાને સમજવાનો બીજો તબક્કો આ પ્રકારે Renotheism કે Kathenoism હોવાનું માલૂમ પડે છે.

ઋગ્વેદના કેટલાંક સૂક્તોએ, આ વિશ્વની રચનાનું મૂળ શોધવા પ્રયાસ કર્યા છે. ઉદાહરણ તરીકે આપ-સૂક્ત, હિરણ્યગર્ભ સૂક્ત, પુરુષ સૂક્ત ઇત્યાદિ આપણને જણાવે છે કે આ વિશ્વના અનુક્રમે મુખ્ય સ્રોતરૂપ પાણી, હિરણ્યગર્ભ અને પુરુષ છે. વિશ્વના રહસ્યનો પ્રશ્ન ઉપસ્થિત કરતી કૂટ-પ્રશ્નરૂપ ઋચા તે પ્રશ્નનો ઉકેલ આપવા પ્રયાસ કરે છે અને કહે છે કે, સત્ય અદ્વય છે[૩] -એક છે પરંતુ તેનું નિરૂપણ વિવિધ રૂપે પંડિતો કરે છે. પુરુષ-સૂક્ત કહે છે કે પુરુષ સર્વવ્યાપી અને એકમાત્ર વિશ્વનું સર્જન કરનારી શક્તિ છે. જ્યારે નારદીય-સૂક્ત ભારે સાહસપૂર્ણ રીતે કહે છે કે વિશ્વના સર્જન અને અસ્તિત્વના રહસ્યને પામવાને હજુ વધુ પ્રયાસ કરવા આવશ્યક છે. આ પ્રમાણે, ઋગ્વેદ ભારતીય તત્વજ્ઞાન અને ધાર્મિક વિચારધારામાં રહેલાં Polytheistic montheistic અને Pantheistic વલણોનું નિરૂપણ કરે છે.

વેદકાળમાં સ્પષ્ટ દેખાતી બે વિચારધારા અસ્તિત્વમાં હતી. તે બે પૈકી એક વિચારધારા જે હોમ-હવન અને યજ્ઞોની પદ્ધતિનો પુરસ્કાર કરનારી હતી, તેનો વેદધર્મના કર્મકાંડ માર્ગ તરીકે સંપૂર્ણ વિકાસ થયો હતો. આ વિચારધારા પ્રમાણે જીવનનો એકમાત્ર હેતુ યજ્ઞ કરવાનો હતો[૪] અને યજ્ઞ વિધિપૂર્વક થાય તો મૃત્યુ પછી પ્રાપ્ત થનાર જીવનમાં હિતકારક બની રહે. પરંતુ યજ્ઞની અસરકારકતા વિશે શંકાઓ ઉઠાવવામાં આવી હતી અને બીજી વિચારધારાએ નોંધ્યું કે, ઋગ્વેદના પ્રથમ અને દસમા મંડળોમાં તો કહ્યું છે કે, તે સમય દરમિયાનમાં વૈદિકધર્મના સત્ય-જ્ઞાન કાંડનો વિકાસ થાય છે.

વૈદિક સાહિત્યના જ્ઞાનકાંડ એટલે આરણ્યકો અને ઉપનિષદો પ્રાચીન ભારતની સાચે જ, તેઓ કીર્તિરૂપ છે. વિશ્વના રહસ્યને ઉકેલવાના ભારે સાહસપૂર્ણ પ્રયાસોરૂપ તેઓ છે. કેટલીક બાબતોમાં વિવિધ ઉપનિષદોમાંનાં વિધાનો વિરોધાભાસી જણાય છે; પરંતુ એક બાબતમાં એટલે કે આ વિશ્વનો સર્જનાર બ્રહ્મ છે અને તે સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે, તેમાં બધા જ એકમત ધરાવે છે-સર્વસંમત છે. પ્રકૃતિનાં સર્વ તત્ત્વો અને સર્વ જીવો બ્રહ્મ-સમાન છે, બ્રહ્મનાં સર્જેલાં છે અને વ્યક્તિગત જીવો એટલે કે મનુષ્યો તથા પશુઓ[૫] પણ આત્મરૂપ છે અને બ્રહ્મથી કોઇપણ પ્રકારે ભિન્ન નથી. મૃત્યુ પછીનું પણ આ પરમ સત્ય છે અને જીવનની પરમ સાર્થકતા છે[૬] આત્મા કે બ્રહ્મનું દર્શન કરવું તે.

ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે, બ્રહ્મ વિશ્વનું સર્જન શા માટે કરે છે ? તે એમ કરે છે કે કારણ કે તેને રમણ કરવું છે.[૭]

સંદર્ભ નોંધ ૩ एकं सद् विप्रा बहुधा वँदन्ति । - आर.वी. - १ - १६४-१४६

સંદર્ભ નોંધ ૪ प्लवा हयेते अदृढा यज्ञरूपा: । - मुन्डकोपनीसड - १-२-७

સંદર્ભ નોંધ ૫ यतो बा इमानि भूतानि जायन्ते ...... ।

सर्व खत्विदं ब्रह्म । -१ थी ३-१, छांदोग्य उपनिषद-३-१४-१

સંદર્ભ નોંધ ૬ अजो नित्य: शाखतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे-कठो - उ.प- १-२-१८

સંદર્ભ નોંધ ૭ स वै नैव रेमे तस्मादेकाकि न रमते स द्वितीयमैच्छत् ।

सदैक्षत : बहु स्यां प्रजायेयेति । बृहद - १-४-३ छांदोग्य उप ६-२

વિવિધ ઉપનિષદો સાક્ષાત્કારને જુદી જુદી રીતે જુએ છે અને પરમ સત્ય એવા બ્રહ્મલોકનું[૮] તદનુસાર નિરૂપણ કરે છે. તેઓ વિશ્વના આત્મા અને ઇશ્વરના સ્વરૂપનું પણ નિરૂપણ કરે છે. અહીં આપણને કેટલાંક વિરોધાભાસી વિધાનો જોવા મળે છે. પછીથી વેદાંતના તત્ત્વજ્ઞાનની જે વિવિધ પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી તેના માટે કારણભૂત છે. વેદના ઋષિઓએ કદાપિ તત્ત્વજ્ઞાનની કોઇ એક પદ્ધતિ નિયત કરવા પ્રયાસ નહોતા કર્યા. ધ્યાન અને ધારણા-સમાધિ દ્વારા સત્યનો પોતાને જે પ્રકારે સાક્ષાત્કાર થયો હતો તેનો જ ઉપદેશ-શિક્ષણ પોતાના શિષ્યોને જુદા જુદા દ્રષ્ટા-ઋષિઓ આપતા હતા. આથી ઉપનિષદોમાંથી તત્ત્વજ્ઞાનની કોઇએક નિશ્ચિત, પદ્ધતિને તારવવાનો પ્રયાસ કરવો વ્યર્થ છે. પરંતુ ત્યારે શા માટે પછીથી થયેલા વિવિધ તત્ત્વજ્ઞાનીએ એમ કર્યું ? આનો ઉત્તર, પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં હતી એવી પ્રથામાં રહ્યો છે. સમગ્ર જ્ઞાનના આદિસ્રોત તરીકે વેદોને જ માન્યતા પ્રાપ્ત હતી અને વેદો એટલે કે ઉપનિષદોના આધારેજ પ્રત્યેક નવા તત્ત્વજ્ઞાનીએ પોતાના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને પ્રસ્તુત કરવો એ અનિવાર્ય આવશ્યકતા ગણાતી હતી. એટલું જ નહિ પણ ત્યારબાદ તો તમામ તત્ત્વજ્ઞાનીઓએ ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્રોમાં એકત્વ રહેલું છે એવું પ્રતિપાદિત કરવું અનિવાર્ય ગણાતું હતું. આથી, બધા જ આચાર્યોએ એક જ પદ્ધતિ અપનાવી છે.

(૩) સૂત્ર-કાળ

ઉપનિષદ-કાળ પૂરો થયો ત્યારપછી, વૈદિકજ્ઞાન અને ધર્મને પદ્ધતિસર અને સંક્ષિપ્તરૂપમાં પ્રસ્તુત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ પ્રયાસો જે કાળમાં કરવામાં આવ્યા હતા, તેને સૂત્ર-કાળ કહેવામાં આવે છે. આ સમય-ગાળામાં શ્રૌત, ગૃહ્ય, ધર્મ અને અન્ય સૂત્રો રચવામાં આવ્યાં હતાં, કારણ કે ધર્મ-સિદ્ધાંતો, નિયમો અને વિનિયમોને લેખન અને મુદ્રણની અનુપસ્થિતિમાં યાદ રાખવા માટેનો સરળતમ ઉપાય એ જ હતો. આ કાળમાં તત્ત્વજ્ઞાનની વિવિધ શાખા, જેવી કે ન્યાય, સાંખ્ય વગેરેનો પ્રસાર-વિસ્તાર થયો હતો. આ શાખાઓ પૈકી વેદાંત તરીકે ઓળખાતી એવી ઉત્તર-મીમાંસા મુખ્ય હતી. (અગિયાર કે તેર) એવાં પ્રાચીનતમ ઉપનિષદોમાંના જ્ઞાનોપદેશને સંક્ષિપ્ત અને પદ્ધતિસરનું કરવાના પ્રયાસ થયા હતા, તે આપણે જોઇ શકીએ છીએ. ઉત્તર-મીમાંસાને વ્યાસ-સૂત્ર પણ કહેવામાં આવે છે, પરંતુ તેનું લોકપ્રિય નામ બ્રહ્મ-સૂત્રો[૯] એવું છે. કોઇ આધારભૂત માહિતી આ અંગે ઉપલબ્ધ ન હોવાથી, આ કાળની ચોક્કસ તારીખ નિશ્ચિત થઇ શકતી નથી. આ કાળ ઇસ્વીસન પૂર્વે ૬૦૦નો અને ઇસુ પછી ૨૦૦ વર્ષનો સામાન્યતઃ હોવાનું મનાય છે.

(૪) ભાષ્યકાળ

સૂત્ર કાળ પછી, વૃત્તિ અને ભાષ્યકાળ આવ્યો હતો. આ સમયમાં સૂત્રોનું અર્થઘટન કરવાના તેમજ તેમાંથી ચોક્કસ પદ્ધતિ પ્રસ્થાપિત કરવાના પ્રયાસો થયા હતા. શ્રી નારાયણ પંડિતાચાર્યની માધવ-વિજય પ્રકાશિકા અને શ્રીનિવાસની યતીન્દ્રમતદીપિકાના લખેલા ગ્રંથોમાં અનેક વૃત્તિકારો અને ભાષ્યકારોના નામોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. (બોધયાનવૃત્તિનું સંક્ષિપ્તરૂપ કરનારા) એવા ઉપવર્ષ (વાર્તિકો લખનાર અને વેક્યાકર તરીકે ઓળખાતા)

સંદર્ભ નોંધ : ૮ ન તત્ર સૂર્યો भाति.. । કઠો ઉપ-૨-૫-૧૫

સંદર્ભ નોંધ : ૯ જુઓ શ્રી જી.એચ.ભટ્ટ લિખિત બ્રહ્મસૂત્ર અણુભાષ્યના પ્રકરણ ૧નું ગુજરાતી ભાષાંતર ઇસ્વીસન ૧૯૪૫ના વર્ષનું અને શ્રી પી.વી.કાણેનો પૌર્વાત્ય પરિષદનો બ્રૃહ્મસૂત્રના ટીકાકારો વિષયક અહેવાલ (પાન. ૯૩૭ થી ૯૫૩)

એવા બ્રહ્માનંદી (બ્રહ્માનંદી વાર્તિકા પર ભાષ્ય લખનારા) એવા દ્રવિડ, (જ્ઞાનકર્મસમુચ્ચયવાદ અને જરન્માયાવાદના ટીકાકાર અને પ્રસારક) એવા બ્રહ્મદત્ત હતા. (હાલ ઉપલબ્ધ નથી તે વેદાંત-સૂત્ર પર ભાષ્ય લખનાર અને ભેદાભેદવાદ અને જ્ઞાનકર્મ સમુચ્ચયવાદના પ્રસારક) એવા ભારતૃપ્રપંચ (ઔપાધિક ભેદાભેદવાદ અથવા સત્યોપાધિવાદ તરીકે જેમનું દર્શન પ્રસિદ્ધ છે અને જે ઇસુ પછીની ૮૦૦ ની સાલમાં થઇ ગયા) એવા ભાસ્કરાચાર્ય તથા (ભાસ્કરાચાર્યના દર્શન જેવાં જ દર્શન-તત્ત્વજ્ઞાનના પ્રસારક) એવા યાદવપ્રકાશ પણ થઇ ગયા છે. વેદાંત-દર્શન પરત્વે આ બધાએ ભારે પ્રદાન કર્યું છે. પણ કમનસીબે તેમના લખેલા તમામ ગ્રંથો આજે ઉપલબ્ધ નથી.

બ્રહ્મસૂત્ર પર સર્વપ્રથમ અને સર્વોત્તમ ભાષ્ય, શંકરાચાર્ય (૭૮૮-૮૨૦ ઇસ્વીસન) દ્વારા લખાયું હતું. તેમનો સિદ્ધાંત કેવલાદ્વૈત અને વિવર્તવાદ કે માયાવાદ તરીકે પણ ઓળખાય છે. શંકરાચાર્યના મતાનુસાર બ્રહ્મ એકમાત્ર અને અંતિમ સત્ય છે અને આ વિશ્વ જે દશ્યમાન છે તે તમામ બીજું કંઇ નથી પણ માયા છે-મૃગજળ છે. આત્મા એ તો માયાનું બ્રહ્મનું પડેલ પ્રતિબિંબ છે. સત્ય પારમાર્થિક અને વ્યાવહારિક હોય છે. આત્માને તેઓ બ્રહ્મના અંશ-ભાગરૂપ હોવાનું માનતા નથી. પરમજ્ઞાન, બ્રહ્મ-સાક્ષાત્કાર માટેનું સાધન છે.

રામાનુજે (૧૦૧૭-૧૧૩૭ ઇસ્વીસન) બ્રહ્મસૂત્ર પર શ્રીભાષ્ય લખ્યું, જેમાં તેમણે શંકરાચાર્યના વિવર્તવાદની ટીકા કરી હતી. તેમણે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતને વિશિષ્ટાદ્વૈત તરીકે ઓળખવામાં આવે છે. તેમના મતાનુસાર, બ્રહ્મના અંશરૂપ-ભાગરૂપ આત્મા છે અને બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી પણ આત્મા તેનું વ્યક્તિત્વ ગુમાવતો નથી, પરંતુ નિજી વ્યક્તિત્વને અલગ જાળવી રાખે છે. રામાનુજ ચિત્ અને અચિત્‌ને અલગ જાણે છે અને કહે છે કે બ્રહ્મ તો ચિત્-અચિત્-વિશિષ્ટ છે.

નિંબકાચાર્યે (આશરે ૧૨૦૦ ઇસ્વીસન) બ્રહ્મસૂત્ર પર વેદાંત-પરોજેત નામનું ભાષ્ય લખ્યું અને તેમણે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતને દ્વૈતાદ્વૈતવાદ કે ભેદાભેદવાદ કહેવામાં આવે છે. ભાસ્કરાચાર્યના સિદ્ધાંતને સોપાધિક ભેદાભેદ કહે છે જ્યારે નિમ્બાર્કાચાર્યનો મૌલિક ભેદાભેદ છે. તેમના મતાનુસાર ચિત્, શ્વિત અને બ્રહ્મ એમ ત્રણ તત્ત્વો છે તેમનાં પ્રથમ બે એક રીતે બ્રહ્મની સાથે ઐક્ય ધરાવે છે, પણ બ્રહ્મથી જુદાં પડે છે, કારણ કે તેમનામાં આનંદાંશ અને ચિદાંશ પૂર્ણતયા વિકસિત થયો હોતો નથી. આથી તેમના મતને દ્વૈતાદ્વૈત-વાદ કહેવામાં આવે છે.

મધ્વાચાર્યે (૧૧૯૭-૧૨૭૬ ઇસ્વીસન) બ્રહ્મસૂત્ર પર પૂર્ણપ્રજ્ઞા-ભાષ્ય કે અણુભાષ્ય લખ્યું અને દ્વૈતવાદનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો. તેઓ પ્રથમ એવા હિંમતવાન તત્ત્વજ્ઞાની છે જેમણે આત્મા, વિશ્વ અને ભગવાન સમાનરૂપી નથી, પરંતુ એકબીજાથી તદન ભિન્ન છે એમ કહ્યું તેમણે ભગવાન અને વિશ્વ, આત્મા અને વિશ્વ, એક આત્મા અને બીજા આત્મા વચ્ચે રહેલ દ્વૈતને અને વિશ્વના વિવિધરૂપોને સિદ્ધ કરી બતાવ્યાં હતાં.

આથી આ ત્રણે વૈષ્ણવાચાર્યોએ શંકરાચાર્યના મતની ભારે ટીકા કરી હતી અને જગત સત્ય છે અને બ્રહ્મ પરમસત્ય છે એવું પ્રતિપાદિત કર્યું તથા બ્રહ્માસાક્ષાત્કાર માટે ભક્તિ એટલે કે ભગવદ્ (અલબત્ત, જ્ઞાનયુક્ત)ભગવદ્ પ્રપત્તિનો સાધનરૂપે ઉપદેશ કર્યો.

શ્રીપતિ પંડિતે (૧૧૬૦ ઇસ્વીસન) બ્રહ્મસૂત્રો પર ટીકા અને વિજ્ઞાનેન્દ્રભિક્ષુએ બ્રહ્મસૂત્રો પર વિજ્ઞાનેમૃત નામક ટીકા લખી હોવાનું કહેવાય છે પરંતુ તેમના પ્રસ્થાપિત સિદ્ધાંતો વધારે જાણીતા થયા નથી. ચૈતન્યે કોઇ તત્ત્વજ્ઞાન-દર્શન વિષયક ગ્રંથ લખ્યો નહોતો, પણ તેમણે ભક્તિનો ઉપદેશ કર્યો હતો. તેમના શિષ્યો અચિંત્યભેદાભેદવાદના મતને માને છે. ચૈતન્યના નિર્વાણબાદ, બલદેવ-વિદ્યાભૂષણે ગોવિંદ-ભાષ્ય લખ્યું અને ચૈતન્ય સંપ્રદાયને તેણે તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ પ્રદાન કરી.

વલ્લભાચાર્યે અણુભાષ્ય અને ઘણુંખરું બૃહદ્ભાષ્ય નામક ગ્રંથો, બ્રહ્મસૂત્રો પર લખ્યાં અને શુદ્ધાદ્વૈત મતનો પ્રસાર કર્યો.વેદાંતની મુખ્ય વિચારધારા પૈકી તે એક મહત્ત્વની વિચારધારા છે, કારણ કે પૂર્વે પ્રસ્થાપિત થયેલી તમામ વિચારધારાનુ તે સર્વેક્ષણ કરે છે અને અન્ય વિચારધારાઓનુ ખંડન કર્યા પછી તે પ્રસ્થાપિત થયેલો છે.

(૫) શુદ્ધાદ્વૈત શબ્દનો અર્થ

શુદ્ધાદ્વૈત શબ્દનો અર્થ બે પ્રકારે થાય છે :

તે શબ્દ કર્મધારય સમાસ છે એટલે કે તે સમાસનો વિગ્રહ शुद्धं च तद् अद्वैतम्[૧૦] अर्थात् એક અને એકમાત્ર બ્રહ્મ જ નિતાંત શુદ્ધ છે જે માયાથી અસ્પૃષ્ટ છે અને કારણ અને કાર્ય ઉભયરૂપે છે. વળી આ શબ્દ એક સમાસ છે અર્થાત્ તે કર્મધારય છે એટલે शुद्धं य तद अद्वैतम् शुद्दयो: अद्वैतम्[૧૧] જેનો અર્થ થાય છે અનન્યત્વ એકત્વ (અથવા તો બ્રહ્મ અને વિશ્વ વચ્ચે રહેલો દ્વૈતનો અભાવ) આ તત્ત્વજ્ઞાનને બ્રહ્મવાદ કે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ કહે છે, કારણ કે તે માત્ર બ્રહ્મને (અને અન્ય કોઈને નહિ). માન્ય રાખે છે, જે આ વૈવિધ્યસભર વિશ્વમાં સ્વયંને પ્રકટ કરે છે[૧૨]

(૬) શ્રીવલ્લભનું જીવન અને તેમના લખેલા ગ્રંથો

ઉપર કહ્યું તેમ, શ્રીવલ્લભાચાર્ય શુદ્ધ અદ્વૈતવાદના પ્રવર્તક છે. સંપ્રદાયની માન્યતા અનુસાર, તેઓ ભગવાનના મુખારવિંદ સ્વરૂપ છે. કહેવાય છે કે તેલંગણના ભટ્ટ પરિવારમાં સો સોમયજ્ઞ સંપન્ન થયે સ્વયં અવતરશે એવું વચન ભગવાને આપ્યું હતું એટલે શ્રીવલ્લભના પિતાશ્રી શ્રીલક્ષ્મણભટ્ટે પાંચ સોમયાગ કરતાં ૧૦૦ સોમયજ્ઞોની સંખ્યા પરિપૂર્ણ થઈ હતી અને શ્રીલક્ષ્મણભટ્ટને ત્યાં શ્રીવલ્લભનો પ્રાદુર્ભાવ થયો હતો.

આપશ્રીના પ્રાદુર્ભાવના દિન વિશે બે ભિન્ન મત પ્રવર્તે છે. લોકોમાં જાણીતો મત એ છે કે તેમનો પ્રાદુર્ભાવ વિક્રમ સંવત ૧૫૩૫ (૧૪૭૯ ઈસ્વીસન)માં વૈશાખ વદ ૧૧ના દિને થયો હતો. બીજો મત એવો છે કે આપશ્રીનો પ્રાદુર્ભાવ વિક્રમ સંવત ૧૫૨૯માં થયો હતો જેને ચૈતન્ય-મતનું સમર્થન પ્રાપ્ત છે. આ બાબતનો સર્વપ્રથમ ઉલ્લેખ કલ્યાણ ભટ્ટ લિખિત 'કલ્લોલ'માં થયેલો જોવા મળે છે.

આપશ્રીના પૂર્વજો આંધ્રપ્રદેશના એક નાનકડા ગામ નામે કનકાવરના નિવાસી હતા અને તે કૃષ્ણ યજુર્વેદની તૈતિરીય શાખાના તથા ભારદ્વાજ ગોત્રના હતા. શ્રીનારાયણ, ગંગાધર, ગણપતિ અને લક્ષ્મણ ભટ્ટ વગેરે ભટ્ટો સર્વએ મળીને ૧૦૦ સોમયજ્ઞ કર્યા હતા અને તેમાં શ્રી લક્ષ્મણ ભટ્ટે ૧૦૦મો સોમયજ્ઞ પૂર્ણ કરતાં શ્રીવલ્લભનો પ્રાદુર્ભાવ થયો હતો એમ કહેવાય છે.

સંદર્ભ નોંધ : ૧૦ शुद्धाद्वैतपदेज्ञेय: समास: कर्मधारय:।

अद्वैत शुध्दयो: प्रारु: पष्ठीतप्तुरुषं बुधा: ॥

मायासंबंधरहितं शुध्ध मित्युच्यते बूध्दै: ।

कार्यकारणरुपं हि शुध्धं हि ब्रह्म न मायिकम् ॥ શ્રી ગિરધરજીનું શુદ્ધાદ્વૈત માર્તંડ-૨૭,૨૮

સંદર્ભ નોંધ : ૧૧ अनन्यत्व अधिकरण અનુ ભા-૨-૧-૧૪-૧૫-૧૬

સંદર્ભ નોંધ : ૧૨ आत्मैव तदिदं सर्व सुन्यते सूजति प्रभु: ।

व्रायते व्राति विश्वात्मा हियते हरतिश्वर : ॥

आत्मैय तदिदं सर्व ब्रह्मैव तदिदं तथा ।

इति श्रुत्यर्थमादाय साध्यं सवैर्थथामति ॥

अयमेद ब्रह्मवाद: शिष्टं मोहाय काल्पितम् ॥ ટી.ડી.એન.-(૨)-૧૮૩, ૧૮૪

શ્રીવલ્લભ પાંચ વર્ષના હતા ત્યારે આપશ્રીના પિતાજી વારાણસીમાં રહેતા હતા. આપશ્રીને અભ્યાસાર્થે મધ્વમતના અનુયાયી એવા માધવેન્દ્ર પુરીની પાઠશાળામાં મોકલામાં આવ્યા હતા. દોઢેક વર્ષ બાદ, માધવેન્દ્ર વ્રજ-પ્રદેશમાં સ્થળાંતર કરી ગયા એટલે પછી શ્રીમાધવતીર્થને ત્યાં શ્રીવલ્લભે તત્કાલિન તત્ત્વજ્ઞાન-દર્શનોનો અભ્યાસ કર્યો હતો. જ્યારે શ્રીલક્ષ્મણ ભટ્ટ વિજયનગર આવીને રહ્યા હતા. ત્યારે સરસ્વતી ભંડારમાં રહીને શ્રીવલ્લભે બન્ને મીમાંસાનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. તે સમયગાળા દરમિયાન, એક દાર્શનિક વિદ્વાન તરીકે તેમને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઇ હતી અને યુવાન વયમાં તેમણે તત્ત્વાર્થદીપ નિબંધ નામક ગ્રંથ લખ્યો હતો.

આપશ્રીના પિતા વિક્રમ સંવત ૧૫૪૫માં તીર્થાટને ગયા અને લક્ષ્મણ બાલાજીમાં સંવત ૧૫૪૬માં નિધન પામ્યા. શ્રીવલ્લભના મોટાભાઇ સંન્યાસી થઇ ગયા હતા એટલે સમગ્ર પરિવારનો ભાર, આપશ્રીએ વહન કરવો પડ્યો હતો.

કેટલોક સમય થયા પછી કાકા જનાર્દનની અનુમતિ મેળવી, આપશ્રી ઉત્તર ભારતની યાત્રા જવા નીકળ્યા હતા. આ યાત્રા દરમિયાન, આપશ્રીએ દામોદરદાસ હરસાણી અને કૃષ્ણદાસ મેઘનને દીક્ષા આપી નિજશિષ્યો તરીકે શરણે લીધા હતા જે બેઉ જણા સર્વસ્થળે આપશ્રીની સેવામાં સદૈવ ઉપસ્થિત રહેતા હતા. આપશ્રી જ્યારે ઝારખંડમાં યાત્રા કરી રહ્યા હતા ત્યારે વ્રજની યાત્રા કરવાની અને શ્રીનાથજીનાં દર્શન કરવાની આપશ્રીને અંતરની પ્રેરણા થઇ હતી. આથી આપશ્રી ગોકુલ પધાર્યા જ્યાં શ્રાવણ સુદ ૧૧ (વિક્રમ સંવત ૧૫૪૮)[૧૩]ના દિને શ્રીનાથજીનાં આપને સાક્ષાત્ દર્શન થયાં જેમણે આપશ્રીને ગદ્ય-મંત્ર[૧૪] આપ્યો અને વળી આજ્ઞા કરી કે, દૈવીજીવોને મંત્ર આપી શરણે લેવા તથા સેવા પૂજા-પદ્ધતિ શીખવવી. આપશ્રીને અત્રે જાણવા મળ્યું કે, શ્રીગોવર્ધનનાથજીનું ગિરિરાજ પર્વત પર જતિપુરા ખાતે પ્રાકટ્ય થયું છે. આ સમગ્ર ઘટનાની જાણકારી આપશ્રીને આન્યોર[૧૫] ગામના શ્રીસદુપાંડે પાસેથી પ્રાપ્ત થઇ હતી અને ઝારખંડમાં થઇ હતી એવી જ દિવ્ય આજ્ઞા સંભળાઇ. તે સ્થળે, આપશ્રીએ કેટલાક દિવસ નિવાસ કર્યો અને ભગવાન શ્રીનાથજીની સેવા પૂજા કરી હતી.

આપશ્રીએ ભારતની ત્રણ વખત પરિક્રમા કરી હતી વિક્રમ સંવત ૧૫૪૯માં વ્રજ-પ્રદેશથી યાત્રા આરંભી અને ઉત્કલમાં વિદ્યાનગર પધારી ત્યાંની વિદ્વદ્ સભામાં એકત્રિત થયેલા પંડિતોને વાદ-વિવાદમાં હરાવ્યા હતા અને નિજના સિદ્ધાંતોને પ્રસ્થાપિત કર્યા હતા. ત્યારબાદ ત્યાંથી આપશ્રી પુરી, સેતુબંધ અને અન્ય પવિત્ર સ્થળોએ પધાર્યા હતા અને સંખ્યાબંધ સ્થળોએ શ્રીમદ્ ભાગવતની કથા પારાયણ કરી હતી. અંતે આપશ્રી ગિરિરાજ પધાર્યા અને ત્યાં આપશ્રીએ અન્નકૂટનો ભવ્ય મહોત્સવ કર્યો હતો. ત્યારબાદ આપશ્રી બદ્રિકાશ્રમ પધાર્યા હતા અને ગુજરાત થઇને વતનમાં પરત પધાર્યા હતા.

માતુશ્રી અને કાકાશ્રી સાથે નિવાસ કર્યા બાદ, આપશ્રીએ માતા સાથે બીજી યાત્રાનો પ્રારંભ કર્યો હતો. આપશ્રી વ્રજમાં પધાર્યા ત્યારે જાણ્યું કે મુસલમાનોએ શ્રીનાથજીના મંદિરને ધ્વસ્ત કર્યું હતું. આથી બીજું મંદિર આપશ્રીએ બંધાવ્યું અને તે નવા મંદિરમાં શ્રીનાથજીની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરાવી હતી. તેમની આ યાત્રા દરમિયાન,

---

સંદર્ભ નોંધ : ૧૩ નિજ વાર્તા ક્રમાંક -૫ જેમાં વિક્રમ સંવત ૧૫૪૯ અને ૮૪ વાર્તાના પૃ-૧૨
(દ્વારકાદાસ પરીખ પાસેની આવૃત્તિમાં દર્શાવેલ છે.)

સંદર્ભ નોંધ : ૧૪ જુઓ- સિદ્ધાંત રહસ્ય

સંદર્ભ નોંધ : ૧૫ જુઓ- કલ્યાણ ભટ્ટકૃત કલ્લોલ ૧-૪-શ્લોક ૧૯ થી ૨૫

સિકંદર લોદીને શ્રીવલ્લભની મહાનતાની પ્રતીતિ થઇ અને તેણે (ત્રણ શિષ્યો સહિતનું) આપશ્રીનું ચિત્ર હોનહાર નામના ચિત્રકાર પાસે તૈયાર કરાવ્યું હતું જે આજે પણ કિશનગઢમાં જોવા મળે છે. જ્યારે પંઢરપુર પધાર્યા ત્યારે આપશ્રીને ભગવાન વિઠોબાએ લગ્ન કરવાની આજ્ઞા કરી હતી, જેથી આપશ્રીના આત્મસ્વરૂપ એવા પુત્રનો[૧૬] જન્મ થાય. આથી વિક્રમ સંવત ૧૫૬૦માં કાશીના શ્રી દેવેન ભટ્ટ[૧૭]ના સુપુત્રી મહાલક્ષ્મી સાથે આપે લગ્ન કર્યું. આગળ યાત્રા દરમિયાન આપશ્રી વિજયનગર પધાર્યા હતા જ્યાં કૃષ્ણદેવ રાજા (૧૫૦૯-૧૫૨૯ ઇસ્વીસન)[૧૮] રાજ્ય કરતા હતા. તેમણે તેમના દરબારમાં આયોજિત બિરુદસભામાં શાસ્ત્રાર્થ કરવાનું નિમંત્રણ આપશ્રીને પાઠવ્યું હતું. ત્યાં આપશ્રીએ સર્વ પંડિતોનો પરાભવ કર્યો હતો અને આચાર્ય તરીકે સન્માન-ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગ કનકાભિષેક તરીકે જાણીતો છે. વિક્રમ સંવત ૧૫૬૧માં આ પ્રસંગ બન્યો હતો. વળી કેટલાક એમ માને છે કે આ પ્રસંગ વિક્રમ સંવત ૧૫૬૯માં બન્યો હતો, જ્યારે શ્રીવલ્લભ ત્રીજી પરિક્રમા કરી રહ્યા હતા.

જગન્નાથપુરીમાં પંડિતોએ આપશ્રીનો ભારે વિરોધ કર્યો હતો અને તેથી एकं शास्त्रं देवकीपुत्र गीतं નો શ્લોક[૧૯] લખી ભગવાન જગન્નાથની સન્મુખ મૂક્યો હતો. શ્રીવલ્લભના ઉક્ત શ્લોકને ભગવાન જગન્નાથે સ્વયં અનુમોદિત કરતાં, સર્વ પંડિતો શાંત થઇ ગયા હતા. તેવી જ રીતે, કાશીમાં પત્રાવલંબન દ્વારા આપશ્રીએ વિરોધીઓને પરાસ્ત કર્યા હતા.

વિક્રમ સંવત ૧૫૬૬ કે ૧૫૬૭માં આપશ્રીએ અલ્હાબાદ નજીકના આન્યોરને આપનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું. આપશ્રીએ કેટલાક ગ્રંથો યાત્રા-પ્રવાસો દરમિયાન લખ્યા હતા પરંતુ બહુધા મહત્ત્વના ગ્રંથો જેવા કે મીમાંસા ભાષ્ય, સુબોધિનીજી વગેરે અડેલમાં રહીને જ લખ્યા હતા. યાત્રા-પ્રવાસ દરમ્યાન કેટલાંક સ્થળોએ ભાગવત પારાયણ કર્યા હતાં અને આ સ્થળો ૮૪ બેઠકને નામે ઓળખાય છે

આપશ્રીને બે પુત્રો હતા, નામે શ્રીગોપીનાથજી (જન્મ વિ.સં. ૧૫૬૭ કે ૧૫૭૦) અને શ્રીવિઠ્ઠલનાથજી (જન્મ વિ.સ ૧૫૭૨). કહે છે કે, આપશ્રીને આ મૃત્યુલોક[૨૦] ત્યજી જવાની અલૌકિક આજ્ઞા થઇ હતી. ૧૫૮૭માં શ્રી વલ્લભાચાર્ય કાશી પધાર્યા અને સંન્યાસી બની ગયા. એક વખત, આપશ્રીએ આપના પુત્રોને બોલાવ્યા. સર્વોત્તમ ઉપદેશ "શિક્ષા-શ્લોકો" દ્વારા આપશ્રીએ તેમને આપ્યો અને ગંગાના જલમાં સમાધિ લીધી હતી. લોકોએ તે પ્રસંગે આકાશ ભણી જતો અનન્ય પ્રકાશનો લીસોટો જોયો હતો. શ્રીકૃષ્ણ સ્વયં તે વખતે પ્રગટ થયા હતા અને શ્રીવલ્લભના શિક્ષા-શ્લોકોને પૂર્ણ કરવા શ્લોક ક્રમાંક ૧૧/૨ થી ૩૧/૨ લખ્યા હતા.

શ્રીવલ્લભાચાર્યના લખેલા ગ્રંથોની[૨૧] સંખ્યા પરત્વે એકમત પ્રવર્તતો જણાતો નથી. તેમના લખેલા ગ્રંથોની

સંદર્ભ નોંધ : ૧૬ જુઓ-ગોપાલદાસકૃત બીજું વલ્લભાખ્યાન

સંદર્ભ નોંધ : ૧૭ જુઓ-કલ્લોલ ૧ થી ૪ શ્લોક ૩૯-૪૦

સંદર્ભ નોંધ : ૧૮ સરખાવો-હીસ્ટરી ઓફ મેડિવેલ ઇન્ડીઆ - ઇશ્વરીપ્રસાદ

સંદર્ભ નોંધ : ૧૯ સરખાવો-તત્ત્વદીપનિર્ણયગ્રંથ

સંદર્ભ નોંધ : ૨૦ સરખાવો-શ્રી વલ્લભાચાર્ય કૃત અંતઃકરણ પ્રબોધ ગ્રંથ

સંદર્ભ નોંધ : ૨૧ સરખાવો-હિસ્ટરી ઑફ ઇન્ડીઅન ફિલોસોફી
વો. ૪. તેમણે શ્રીમદ્ વલ્લભાચાર્યની ઉપલબ્ધ એવી બધી રચનાઓનો ઉલ્લેખ કર્યો નથી અને કેટલીક રચનાઓનો તો ખોટી રીતે ઉલ્લેખ કર્યો છે. દા.ત. સર્વોત્તમસ્તોત્ર અને ટિપ્પણી તેમણે લખ્યાનું કહ્યું છે.

કોઇએ સંપૂર્ણ યાદી તૈયાર કરી નથી. શ્રીયદુનાથ-દિગ્વિજયમાં ૮૪ ગ્રંથો[૨૨] શ્રીવલ્લભાચાર્યે લખેલા એવું નોંધ્યું છે પરંતુ આપશ્રીના ઉપલબ્ધ ગ્રંથોની સંખ્યા તેનાથી નાની જણાય છે. ગ્રંથોનો આ રહસ્યમય આંકડો શ્રીવલ્લભાચાર્યની મહાનતાને આભારી હોય અને તેથી ગ્રંથોની સંખ્યાની ખરાઇ પરત્વે ચોક્કસાઇ ન રહી હોય. હાલમાં તો નીચે દર્શાવ્યા ગ્રંથો આપશ્રીના લખેલા છે એમ મનાય છે:

અણુભાષ્ય
બૃહદ્ભાષ્ય
તત્ત્વાર્થદીપ સપ્રકાશ
ભગવત્પીઠિકા
સુબોધિનીજી
સૂક્ષ્મટીકા
ષોડષગ્રંથાઃ
પુરુષોત્તમનામસહસ્રસ્તોત્ર
શિક્ષાશ્લોકાઃ
સુદર્શન
ગાયત્રીભાષ્ય
ત્રિવિધનામાવલિ
પત્રાવલંબન

પૂર્વમીમાંસા કારિકા
પૂર્વમીમાંસા ભાષ્ય
શ્રુતિગીતા
શ્રુતિસાર
દસમસ્કંધાનુક્રમણિકા
મધુરાષ્ટક
પરિવૃઢાષ્ટક
ગિરિરાજધાર્યષ્ટક
શ્રીકૃષ્ણાષ્ટક
ગોપીજનવલ્લભાષ્ટક

ડૉ. દાસગુપ્તાએ[૨૩] આચાર્યકારિકા; આનંદાધિકરણ, આર્યા, એકાન્તરહસ્ય, પદ્ય યા પરિત્યાગ નામક ગ્રંથો શ્રીવલ્લભાચાર્યે રચેલા છે એમ નોંધ્યું છે, પરંતુ સાંપ્રદાયિક સાહિત્યમાં આવા ગ્રંથોની કોઇ જ નોંધ જોવા મળતી નથી. અલબત્ત, શ્રી વસંતરામ શાસ્ત્રીએ[૨૪] 'પ્રતિબોધ'ની ગ્રંથરચના શ્રીવલ્લભાચાર્યની હોવાનું નોંધ્યું છે. એક પ્રાચીન માસિક વૃત્તપત્રમાં વૈષ્ણવવૈભવ,[૨૫] વ્યાસ-વિરોધલક્ષણ, ચિત્તિપ્રબોધ, વેદવલ્લભ, નિબંધસ્થએકાદસ્કંધકારિકા, શ્રીકૃષ્ણપ્રેમામૃત, પંચશ્લોકી વગેરેનો શ્રી વલ્લભાચાર્યની ગ્રંથરચના હોવાનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેવી જ રીતે, એક જૂની હસ્તપ્રતના આધારે પુષ્ટિભક્તિસુધામાં[૨૬] શરણાગતઆર્યા, લૌકકાલૌકિકભેદ અને આત્મનિવેદન પદ્ધતિની અન્ય ગ્રંથ રચના શ્રીવલ્લભાચાર્યની હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

ઉપરોક્ત બધી જ ગ્રંથ રચનાઓ આજે ઉપલબ્ધ નથી અને તેમના રચનાકાર વિશે કોઇ ખરાઇ થઇ શકે તેમ નથી. આપશ્રીની ગ્રંથ-રચનાઓ પૈકી અત્યંત મહત્ત્વની રચનાઓ છે અણુભાષ્ય, નિબંધ, ષોડશ ગ્રંથો અને સુબોધિનીજી.

શ્રીવલ્લભાચાર્યના ગ્રંથોનુ અધ્યયન કરતાં એ સ્પષ્ટ થાય છે કે આપશ્રી મહાન તત્ત્વજ્ઞાની-દાર્શનિક, મૌલિક વિચારક અને પ્રેરક ધાર્મિક ઉપદેશક હતા. આપશ્રીનાં તત્ત્વજ્ઞાનમાં આત્મા, વિશ્વ અને પરમાત્માના ઐક્યનું નિરૂપણ થયેલું જોવા મળે છે અને વિશ્વની વ્યાપકતાના લક્ષણનું સુપેરે અર્થઘટન થયું છે. જીવનના સાચા હેતુ અને સાક્ષાત્કારના માર્ગ વિશે એટલે કે પરમાનંદ-જીવનની પરમ સાર્થકતાનું આપશ્રીએ તેમાં નિરૂપણ કર્યું છે.

સંદર્ભ નોંધ : ૨૨ સરખાવો - ચતુરશીતિ તદ્ગ્રંથાઃ । શ્રી એચ.ટંડને લખ્યું છે. વાર્તાસાહિત્ય પૃ. ૧૨૦

સંદર્ભ નોંધ : ૨૩ સરખાવો - હીસ્ટરી ઑફ ઇન્ડીઅન ફિલોસોફી વો. ૪ પૃ ૩૭૩

સંદર્ભ નોંધ : ૨૪ સરખાવો - અનુગ્રહ વો.-૧૦ (ઑક્ટો. ૧૯૫૪ પૃ ૩)

સંદર્ભ નોધ : ૨૫ સરખાવો - ભાગ-૧ નં ૧૦ થી ૧૧(૧૯૮૧ વિ.સં.)

સંદર્ભ નોંધ : ૨૬ સરખાવો - વો.૨. નં. ૧૧

(૭) શ્રીવલ્લભાચાર્યનું તત્ત્વજ્ઞાન-દર્શન

શ્રીવલ્લભાચાર્યનું તત્ત્વજ્ઞાન-દર્શન સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે:

આત્માના સાચા સ્વરૂપનું, સ્થૂળ વિશ્વનું અને વૈશ્વિક સત્તા એટલે બ્રહ્મ કે જે ભૌતિક અને અભૌતિક વિશ્વ સમસ્તનું અને તેમની વચ્ચેના સંબંધોનું નિયમન કરે છે, તેનું સ્પષ્ટ નિરૂપણ આપશ્રીનું તત્ત્વજ્ઞાન કરે છે. આ વિશેનું અણુભાષ્ય અને નિબંધમાં પણ નિરૂપણ કર્યું છે.

શ્રીવલ્લભાચાર્યના મતાનુસાર આત્મા અણુરૂપ છે, પરંતુ તે વ્યાપક છે અને અગ્નિના તણખાની જેમ બ્રહ્મના અંશરૂપ છે. બ્રહ્મને સ્વયંને પ્રગટ થવાની અને જ્યારે રમણ કરવાની ઈચ્છા થઇ, ત્યારે તેમણે આત્મા એવું સર્જન કર્યું. બ્રહ્મ ત્રણ ગુણો ધરાવે છે જેને સત્, ચિત્ અને આનંદ કહે છે. આત્મા બ્રહ્મના જેવો જ છે, પરતુ બ્રહ્મથી કેટલાક અંશે એ જુદો પડે છે. આત્મામાં આનંદનો ગુણ અપ્રગટ અથવા ગુપ્ત રહેલો છે અને તેથી તેમને આનંદની અનુભૂતિ થતી નથી. તેઓ શાશ્વત, જ્ઞાતા અને ચેતનાવંત હોય છે. તેઓ કર્મ કરવાની ક્ષમતા ધરાવે છે અને તે કર્મોનાં ફળ તેમણે ભોગવવાં પડે છે. તેઓ કોઇ વસ્તુના આભાસ કે પ્રતિબિંબરૂપ નથી પરંતુ વાસ્તવિક અસ્તિત્વ ધરાવે છે. બ્રહ્મ સાથેનો તેમનો સંબંધ સમગ્ર એક અને તેના ભાગ અર્થાત્ અંશ-અંશીનો છે.[૨૭]

શ્રીવલ્લભાચાર્યના મતે, આ દૃશ્યમાન જગત-વિશ્વ કંઇ નિર્જીવ અને અસદ્રૂપ નથી-મિથ્યા નથી. તે આત્મા જેટલું અને જેવું જ સત્ય છે અને માયારૂપ નથી. सर्वं खल्विदं ब्रह्मं, यतो वा इमानि-भूतानि जायन्ते। શ્રુતિઓ કહે છે કે વિશ્વ બ્રહ્મથી સર્વથા ભિન્ન નથી. ભૌતિક વિશ્વ, ચિદંશ અને આનંદાંશ અપ્રગટરૂપે ધરાવે છે. શ્રીવલ્લભાચાર્યે આ મુદ્દા અંગે શ્રીશંકરાચાર્યના મતની ભારે ટીકા કરી છે. વળી, આપશ્રીએ ભારે હિંમતપૂર્વક કહ્યું છે કે આ જડ દેખાતું વિશ્વ એ બીજું કંઇ નથી, પણ સ્વયં બ્રહ્મ છે.[૨૮] અર્વાચીન ન્યુકલીઅર ફિઝિકસે સાબિત કર્યું છે કે એક ભૌતિક પદાર્થમાં રહેતાં અણુ સદા સર્વદા ગતિશીલ હોય છે અને કેટલાક ભારતીય વિજ્ઞાનીએ એવું પણ સાબિત કરી બતાવ્યું છે કે, સંયોજન દ્વારા ઉત્પન્ન થતી, વસ્તુઓમાં જીવનના ગુણધર્મો વિદ્યમાન હોય છે.[૨૯]

શ્રીવલ્લભાચાર્યે વિશ્વમાં અસત્ એટલે કે મિથ્યા શું છે, તેનું મૌલિક અર્થઘટન કર્યું છે. આપશ્રીએ દર્શાવ્યું છે કે, જે અસત્ એટલે કે મિથ્યા છે તે સંસાર છે, અને નહીં કે જગત, જે બ્રહ્મસ્વરૂપ છે. બ્રહ્મ કે જે કારણ છે, તેના ફળ સ્વરૂપે જગત નિપજ્યું છે. બ્રહ્મ સત્ય છે એટલે તેના પરિણામરૂપે નિષ્પન્ન થયેલુ જગત પણ સત્ય છે. આત્માની અવિદ્યામાંથી સંસાર નિષ્પન્ન થાય છે. આત્મા પોતાના વાસ્તવિક સ્વરૂપને અને સ્વભાવને અવિદ્યાને કારણે ભૂલી

સંદર્ભ નોંધ-૨૭ **સરખાવો** - તત્ત્વદીપનિર્ણય ગ્રંથ શ્લોક ૨૮-૩૦, ૫૪-૫૫ અને ૫૭

સંદર્ભ નોંધ-૨૮ **જુઓ** -એજન-શ્લોક-૨૩ પ્રપંચો भगवत्कार्यः तद्रूपो माययाऽभवत् ।

સંદર્ભ નોંધ-૨૯ **સરખાવો**

તા. ૨૪/૪/૬૩ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆની એક નવી બાબત જુઓ - ડૉ. કૃષ્ણબહાદુર ઇત્યાદિ વૈજ્ઞાનિકોને જોવા મળ્યું છે કે, સૂર્યના પ્રકાશમાં સાદા વાયુના સંમિશ્રણોમાંથી જે એનિમો-એસિડ્સ બને છે તે તેમની રાસાયણિક પ્રવૃત્તિ જેવી કે પેપ્ટાઇડ્ઝ અને પ્રોટિન્સને જાળવી રાખે છે અને તેમાંથી જીવન જેવું જ ગુણ ધરાવતું ઇલ-ને ઉત્પન્ન કરે છે.

આ બાબતમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના તા. ૨૦/૧૧/૬૩ના અંકમાં બ્રાયન્ટ ઇવાન્સ દ્વારા લખાયેલો "આપણો ઉદ્‌ગમ કયાંથી થયો ?" એ લેખ વાંચવાલાયક છે.

આથી એ સિદ્ધ થાય છે કે, અચેતન જણાતી વસ્તુઓમાં પણ ચેતન અપ્રગટરૂપે રહેલું હોય છે.

જાય છે અને જીવાત્મા જીવાત્મા વચ્ચેના વૃથા સંબંધોનું નિર્માણ કરે છે. અહંભાવ અને સ્વામી હોવાનો ભાવ એટલે કે, અહંતામમતાત્મક ભાવ એ જ સંસાર છે. આથી જ્યારે આત્મા પોતાના વાસ્તવિક સ્વરૂપને અને સ્વભાવને જાણે છે તથા તેના અહંભાવ અને મમત્વનો નાશ થાય છે, ત્યારે સંસારનો પણ નાશ થાય છે અને જગત તો જેમનું તેમ રહે છે. આથી આપણને જોવા મળે છે કે જ્યારે મનુષ્ય જીવન-મુક્ત થાય છે ત્યારે સંસારની ઘટના કે પ્રસંગો તેને સ્પર્શતા નથી અને તે જલકમલવત્ બની રહે છે તથા વિશ્વની ઘટનાઓ ઘટતી રહે છે. આમ તેના માટે, જગત ભગવત્સ્વરૂપ બની જાય છે અને તેમાં બનતી ઘટનાઓ ભગવાનની ભગવલ્લીલા બની રહે છે.

બ્રહ્મ પરમેશ્વર છે, નિરપેક્ષ, શાશ્વત, નિર્વિકારી સર્વત્ર વ્યાપ્ત, સર્વશક્તિમાન અને આપ્તકામ કે પૂર્ણકામ છે. તે નિરાકાર તેમજ સાકાર છે. તે નિરાકાર કે આનંદકાર છે. અને તેને કોઇ ભૌતિક ગુણો કે દેહ-શરીર નથી હોતાં. તે નિર્ગુણ છે, કારણ કે કોઇ ભૌતિક ગુણો તેને નથી હોતાં. તે સગુણ છે, કારણ કે તે દિવ્ય અને મનુષ્યેતર[૩૦] ગુણો ધરાવે છે. તેના ગુણો અનંત છે. તે સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે.[૩૧] આથી શ્રીવલ્લભાચાર્ય બ્રહ્મનું વિરુદ્ધ ધર્માશ્રયી તરીકે નિરૂપણ કરે છે.[૩૨] આ કંઇ આધાર વિનાનું નથી. બ્રહ્મના આ ગુણ વિશેનું સંદોહન શ્રીવલ્લભાચાર્યે उभयव्यपद्देशात् त्वहिकुंडलवत्[૩૩]અને आत्मानि.........चैवं विचित्राश्चिहि[૩૪] જેવાં સૂત્રો અને શ્રુતિ વાક્યો જેવાં કે एकं रुपं बहुधा यः करोति[૩૫] अने अणोरणीजान् महतो महीयान्[૩૬] अने आसोनो दुरं व्रजति शयानो-याति सर्वतः[૩૭] જેવાં શ્રુતિ વાક્યોના આધારે કર્યું છે.

તમામ વિવિધતા અને ભેદો સહિતના આ વિશ્વનું સર્જન, બ્રહ્મ સ્વ એટલે કે પોતાનામાંથી કરે છે. શ્રુતિ કહે છે કે स रंतुमैच्छत् स एकाकि न रमते..... एकोडहं बहुस्यम् प्रजायेयेति ।[૩૮] આમ બ્રહ્મ સ્વયં આ વિશ્વના

સંદર્ભ નોંધ : ૩૦ સરખાવો - પ્રમેયં હરિરેવૈકઃ સગુણો નિગુર્ણશ્ચ સઃ। - તત્ત્વદીપનિર્ણય ગ્રંથ ૨-૮૪

સંદર્ભ નોંધ : ૩૧ સચ્ચિદાનંરૂપં તુ બ્રહ્મવ્યાપકમવ્યયમ્। સર્વશક્તિ સર્વતંત્ર ચ સર્વજ્ઞં ગુણવર્જિતમ્ । - તત્ત્વદીપનિર્ણય ગ્રંથ - પૃ ૧૬૫

સંદર્ભ નોંધ : ૩૨ **સરખાવો**
વિરુદ્ધ સર્વધર્માણામાશ્રયમ।................ તત્ત્વદીપનિર્ણય। ૧-૭૧
વિરુદ્ધોભયધર્માશ્રયત્વાદ્ ભગવતૌ મહિમા। સુબોધિનીજી- ૨-૬-૧૭
વિરુદ્ધસર્વધર્માશ્રયત્વં બ્રહ્મણો ભૂષણાય ॥ - અણુભાષ્ય ૧-૧-૩

સંદર્ભ નોંધ : ૩૩ સરખાવો - બ્રહ્મસૂત્ર ૩-૨-૨૭

સંદર્ભ નોંધ : ૩૪ જુઓ - એજન ૨-૧-૨૮

સંદર્ભ નોંધ : ૩૫ જુઓ - કથા ૧૧-૫-૧૨

સંદર્ભ નોંધ : ૩૬ જુઓ - એજન ૧-૨-૨૦

સંદર્ભ નોંધ : ૩૭ જુઓ - એજન - ૧-૨-૨૧

સંદર્ભ નોંધ : ૩૮ સરખાવો - તૈત્તિરીય ઉપનિષદ -૨-૬-૧
છાંદોગ્ય ઉપનિષદ ૬-૨-૩
બૃહદારણ્યક ઉપનિષદ ૧-૪-૩

સર્જનનું નિમિત્ત અને ભૌતિક ઉભય કારણરૂપ છે.[૩૯] પરંતુ આ વિશ્વની વિવિધતા બ્રહ્મને અસર કરી શકતી નથી, કારણ કે વિશ્વ એ તો બ્રહ્મની રમણ કરવાની લીલા માત્ર છે.[૪૦] વિશ્વનું સર્જન કર્યા પછી બ્રહ્મમાં કોઇ જ પરિવર્તન થતું નથી અને કરોળિયો જેમ મુખવડે તેની લાળથી જાળું સર્જે છે, તેવી જ રીતે બ્રહ્મ સ્વમાંથી વિશ્વનું સર્જન કરે છે. આથી, શ્રી વલ્લભાચાર્યના આ સિદ્ધાંતને શ્રીશંકરાચાર્યના વિવર્તવાદથી વિરુદ્ધ એવો "અવિકૃતપરિણામવાદ" કહેવામાં આવે છે. બ્રહ્મ અને વિશ્વ વચ્ચેના સંબંધ સત્ય છે અને પરિણામે વિશ્વ પણ સત્ય છે. શ્રીવલ્લભાચાર્યના તત્ત્વદર્શનમાં આમ સત્કારણવાદ અને સત્કાર્યવાદનો સ્વીકાર થયો છે. શ્રીવલ્લભાચાર્ય નવસર્જન (ઉત્પત્તિવાદ)માં માનતા નથી પરંતુ સ્વ-પ્રકટીકરણ અને સ્વ-અપ્રકટીકરણ (આવિર્ભાવિતિરોભાવવાદ)[૪૧]માં માને છે. માયા એ તો બ્રહ્મની શક્તિ છે.[૪૨] આખું વિશ્વ એ બીજું કઇ જ નથી પણ બ્રહ્મ છે જેમાં કેટલાક ગુણો પ્રકટ દેખાય છે. તો વળી કેટલાક અપ્રકટ જણાય છે. દાખલા તરીકે, વૃક્ષો,ઘાસ અને કેટલીક સ્થિતિપ્રાપ્ત વસ્તુઓ બ્રહ્મ છે. જેનામાં ચિત્ અને આનંદ ગુપ્તપણે રહેલા છે. આત્મામાં આનંદ ગુપ્તપણે સ્થિત છે આથી જ્યાં સુધી આત્મા સંસારી બની રહે છે, ત્યાં સુધી તેમાં બ્રહ્મત્વ અપ્રકટ રહે છે. આર્વિભાવ અને તિરોભાવની શક્તિ વડે બ્રહ્મ લીલા-રમણ કરે છે. આ વિશાળ વિશ્વનું નિરૂપણ આ પ્રકારે શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનમાં થયું છે.

બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો છે. (૧) આધિદૈવિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિભૌતિક. તેમાનું પ્રથમ સ્વરૂપ છે ભગવાન કૃષ્ણ, પુરુષોત્તમ પૂર્ણાનંદ.[૪૩] તેમની પ્રાપ્તિ અનુગ્રહ કે કૃપાથી થઈ શકે. બીજું સ્વરૂપ છે અક્ષર-બ્રહ્મ જેની પ્રાપ્તિ સત્ય-જ્ઞાન દ્વારા થઈ શકે. ત્રીજું સ્વરૂપ છે જગત, માનવીય અનુભવનું વિશ્વ. બીજા પ્રકારના સ્વરૂપમાં પુરુષોત્તમના સર્વે ગુણો હોય છે ખરા, પરંતુ તેમાં કેટલોક આનંદ ન્યૂન અર્થાત્, ઓછો હોય છે. એક રીતે તે નિકૃષ્ટ બ્રહ્મ છે જે ક્રિયાશીલ હોય છે અને ચેતન અને અચેતન વિશ્વરૂપે દેખાય છે. પરબ્રહ્મનું એક અન્ય સ્વરૂપ પણ છે જેને અંતરયામિન્ અક્ષર કહે છે. જે જડ અને જીવ તથા અંતરયામિન્‌ને ઉત્પન્ન કરે છે અને જે પ્રત્યેક આત્મા સાથે સંલગ્ન થઇ રહે છે અને સાક્ષી બની રહે છે. વળી તેનામાં અક્ષરબ્રહ્મની જેમ આનંદ ગુપ્તભાવે

સંદર્ભ નોંધ : ૩૯ **સરખાવો** - જગતઃ સમાવાયિ યાત તદેય ચ નિમિત્તકમ । તત્ત્વદીપનિર્ણય ૧-૬૮

સંદર્ભ નોંધ : ૪૦ **સરખાવો** - લોકવત્તુ લીલાકૈવલ્યમ્ । બ્રહ્મસૂત્ર ૨-૧-૩૩
આ સિદ્ધાંતો અર્વાચીન દ્રષ્ટા શ્રીઅરવિંદ પણ માને છે.અરવિંદ કે અનુસાર પરમતત્વ સત્‌ચિત્તુ આનંદ બ્રહ્મ હૈ। વિશુદ્ધ સત્ હો મૂલ તત્ત્વ હૈ, કિન્તુ ગતિ શક્તિપ્રક્રિયા ભી ઉતની હી મૌલિક ઔર ઉતની હી સત્ય હૈ, સત્ ઔર પ્રક્રિયા દોનોંકા સ્વીકાર કરના આવશ્યક હૈ.......બ્રહ્મ નિર્ગુણ ઔર સગુણ, એક ઔર અનેક, સ્થાણુ ઔર ગતિશીલ સભી કુછ હૈ - અરવિંદ કહેતે હૈ, જગત કી સત્તા શિવ કા આનંદનૃત્ય હૈ, વહ ઉસ અવદાત સત કો જૈસા કા તૈસા જહૉ કા તહાં, ઉસકા એકમાત્ર નિરપેક્ષ લક્ષ્ય કેવલ નૃત્યકા આનંદ હૈ।
-હિંદી સાહિત્ય કોશ પૃ ૫૦

સંદર્ભ નોંધ : ૪૧ **સરખાવો**
આવિર્ભાવ તિરોભાવે મોહનં બહુરૂપતઃ । તત્ત્વદીપનિર્ણય ૧-૭૨
આવિર્ભાવ તિરોભાવૌ શક્તિ વૈ મુરવૈરિણ : । એજન ૧૧-૧૪૦

સંદર્ભ નોંધ : ૪૨ **સરખાવો**
ભગવતો જ્ઞાનરૂપસ્ય વશવર્તિની કાચિચ્છકિતર્માયેતિ-સુબોધિનીજી -૨-૫-૧૨

સંદર્ભ નોંધ : ૪૩ **સરખાવો**
કૃષિ ર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિવૃતિવાચકઃ.......ઇતિ
સંદાનંદઃ કૃષ્ણ ઉક્તઃ ।- સુબોધિનીજી ૧૦-૧-૧૨

રહે છે. આથી પ્રત્યેક આત્મા જીવનમાં દુ:ખોનો અનુભવ કરતો હોય છે. આત્માનું સૌ પ્રથમ સ્થાનનું સ્વરૂપ એટલે કે આધિદૈવિક આત્મા પૂર્ણકામ અને પૂર્ણાનંદ બની રહે છે પરંતુ તે જ્યારે રમણ કરવાની ઇચ્છા કરે છે ત્યારે તે અક્ષરબ્રહ્મથી મૂઠી ઊંચેરો બની રહે છે.[૪૪]

શ્રીવલ્લભાચાર્ય પરંપરાપ્રાપ્ત પ્રસ્થાનત્રયીનો સ્વયંના તત્ત્વદર્શનને પ્રસ્થાપિત કરતી વખતે પ્રમાણ તરીકે શબ્દશઃ સ્વીકાર કર્યો છે.[૪૫] આપશ્રીએ અણુભાષ્ય અને તત્ત્વદીપનિર્ણય ગ્રંથમાં પ્રસ્થાનત્રયીમાં રહેલા સમાન દૃષ્ટિબિંદુને સાબિત કરેલાં છે, પરંતુ સાથોસાથ આપશ્રીએ એક વધુ પ્રમાણનો એટલે કે શ્રીમદ્ ભાગવતનો સ્વીકાર કર્યો છે. આથી, શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનમાં પ્રસ્થાન ચતુષ્ટયીને પ્રમાણ[૪૬] તરીકે ગણવામાં આવે છે અને શ્રીમદ્ભાગવતને[૪૭] પ્રથમના ત્રણ ગ્રંથો કરતાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે.

ઉપર કહ્યું તેમ, આત્મામાં આનંદ ગૂઢભાવે રહે છે અને તેથી તેને જીવનમાં દુ:ખનો અનુભવ થતો હોય છે. તે પંચપર્વ અવિદ્યાથી ઘેરાયેલો હોય છે જેનો પંચપર્વ વિદ્યાથી નાશ થઇ શકે છે અને મુક્તિની પ્રાપ્તિ તે કરે છે આથી જીવનનો એકમાત્ર હેતુ આત્માના સાચા સ્વરૂપને પામવાનો એટલે કે મુક્તિ પ્રાપ્તિ કરવાનો છે.[૪૮]

ભગવત્ કૃપા કે અનુગ્રહ[૪૯] દ્વારા જ તેની પ્રાપ્તિ થઇ શકે. ભગવાનને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન છે ભક્તિ.[૫૦] શ્રી વલ્લભાચાર્યના મત અનુસાર, ભક્તિ ઉપાસનાથી પ્રકારે કરીને ભિન્ન છે. ઉપાસનામાં નિયમો અને વિનિયમો વ્રતો અગ્રસ્થાન ધરાવે છે. જ્યારે ભક્તિમાં કોઇપણ જાતના હેતુ વિનાનો ભગવત્ પ્રેમ અગ્રસ્થાન[૫૧] ધરાવે છે અને તેમાં વિધિ-વિધાનોનું કોઇ જ મહત્ત્વ નથી. શ્રીવલ્લભાચાર્ય ભક્તિના નવ પ્રકાર હોવાનું સ્વીકારે છે, પરંતુ સાધના-ભક્તિ તેમને માન્યતા પ્રદાન કરે છે. પ્રેમ-લક્ષણા ભક્તિ એ જ સાધ્ય ભક્તિ[૫૨] છે. તેના ત્રણ તબક્કા

સંદર્ભ નોંધ : ૪૪ **સરખાવો** - ગીતા ૧૮
હરિવંશ ભવિષ્ય પર્વ ૧૭-૬૫ અને ૧૦-૬૯ (ગીતા પ્રેસ આવૃત્તિ)
અને તત્ત્વદીપનિર્ણય ૧૧-૯૪
તથા સિદ્ધાંતમુક્તાવલિ પણ

સંદર્ભ નોંધ : ૪૫ **સરખાવો**- એસ. રાધાકૃષ્ણન્ કૃત ઇન્ડીયન ફિલોસોફી વો.૨-પૃ ૭૫૬ અને
વળી વેદશ્ય પરમાપ્તો અક્ષરમાત્રમપ્યન્યથા ન વદતિ । - અણુભાષ્ય ૧-૧-૨

સંદર્ભ નોંધ : ૪૬ વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિ ભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ । - તત્ત્વદીપનિર્ણય ૧-૭

સંદર્ભ નોંધ : ૪૭ **સરખાવો** - ઉત્તરં પૂર્વસંદેહવાકં પરિકીર્તિતમ્
તત્ત્વદીપનિર્ણય ૧-૮

સંદર્ભ નોંધ : ૪૮ **સરખાવો**- સુબોધિનીજી ૧૦-૨૬-૩૩ અને તત્ત્વદીપનિર્ણય ૫૧ થી ૫૬ તથા ૮૩

સંદર્ભ નોંધ : ૪૯ **સરખાવો**- યમેવૈષુ ગુણુતે તેનલભ્યઃ કઠોપનિષદ ૧-૨-૩૩ અને મુંડકોપનિષદ ૩-૨-૩

સંદર્ભ નોંધ : ૫૦ **સરખાવો**- ભક્તિય પ્રેમપૂર્વિકાસેવા । સુબોધિનીજી ૩-૨૯-૧૨

સંદર્ભ નોંધ : ૫૧ **સરખાવો** - માલાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદઢઃ સર્વતોડધિકઃ ।
સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તઃ તમા મુક્તિઃ ન ચાન્યથા ॥ - તત્વદીપનિર્ણય ૧-૪૨

સંદર્ભ નોંધ : ૫૨ તત્ત્વદીપનિર્ણય ૨-૨૨૦ અને ૨૨૬

કહ્યા છે; પ્રેમ, આસક્તિ(પૂર્ણ ભગવદાનુરાગ)અને વ્યસન (ભૌતિક વિશ્વનું વિસ્મરણ અને સર્વત્ર ભગવદાનુભવ[૫૩] કરાવતી પ્રેમની ઉત્કટદશા). આ બાબતમાં ગોપીઓને આદર્શ ગણી તેમને અનુસરવું ઘટે. જ્ઞાનનું પ્રાધાન્ય જે જીવાત્મા વધુ હોય તે અક્ષરબ્રહ્મને પામે છે અને જેમનામાં ભક્તિનું પ્રાધાન્ય હોય, એટલે કે વિશુદ્ધ ભગવત્ પ્રેમ હોય તેઓ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની દિવ્યલીલામાં તેમના સખા-સંગાથી બની રમણ કરવાની યોગ્યતા ધરાવે છે. આ સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર બ્રહ્મમાં લય પામવું એ કંઇ પરમ મુક્તિ નથી, પરંતુ સાયુજ્યભાવે કૃષ્ણસેવા[૫૪] કરવી કે જે પછીથી સ્વયંને સાધ્યરૂપમાં[૫૫] પરિવર્તિત કરે છે તેને પરમ મુક્તિ ગણે છે. જીવાત્માના પ્રયાસો છતાં, તેને પરમલક્ષ્યની[૫૬] પ્રાપ્તિ ભગવત્ કૃપા દ્વારા જ થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ પણ તેને ભગવત્ કૃપા દ્વારા જ થઇ શકે છે. આ કારણે જ, પુષ્ટિમાર્ગના આ સંપ્રદાયને કૃપામાર્ગ કહ્યો છે.

શ્રીવલ્લભાચાર્યના મતાનુસાર, જીવાત્માના ત્રણ પ્રકાર છે - પુષ્ટિજીવ, મર્યાદાજીવ અને પ્રવાહીજીવ.[૫૭] આને ભગવત્ સાક્ષાત્કારના માર્ગે પ્રગતિ કરવાની જીવાત્માની ત્રણ પ્રકારની અવસ્થા કહી શકાય. વળી, જીવાત્માના ભક્તિ જ્ઞાન અને કર્માનુસારના આના ત્રણ પેટા-વિભાગ છે.

પ્રત્યેક ધર્મનાં પણ પાસાં હોય છે -તત્ત્વજ્ઞાન સંબંધી, ભગવાનના અસ્તિત્વની શ્રદ્ધા અને આસ્થા સંબંધી અને વ્યાવહારિક નીતિ-નિયમો સંબંધી. ભારતમાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્ર અવિભાજ્ય છે. પરંતુ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના તત્ત્વજ્ઞાન સંબંધી શાસ્ત્રનું, અણુભાષ્ય અને તત્ત્વદીપનિર્ણય નામક ગ્રંથો નિરૂપણ કરે છે. તેની ભગવાન પરત્વે શ્રદ્ધા અને આસ્થા સંબંધી પત્રાવલંબન અને શ્રીસુબોધિનીજીમાં તથા તત્ત્વદીપનિર્ણયના પ્રકરણ બેમાં અને ષોડશ ગ્રંથો પૈકીના કેટલાકમાં તેના નીતિ-નિયમોનું નિરૂપણ થયેલું છે. પુષ્ટિમાર્ગ એ વેદ-સંમત માર્ગ છે એવું પ્રતિપાદન કરવા શ્રીવલ્લભાચાર્યે અણુભાષ્યનું આલેખન કર્યુ હતું, પરંતુ આપશ્રીએ તેમના અનુયાયીઓને શ્રીમદ્ ભાગવતનું વિશેષ અધ્યયન કરવા તથા ભગવાનની સેવા સૂક્ષ્મ અને વિશુદ્ધ પ્રેમપૂર્વક કરવા આજ્ઞા કરી હતી.

આ સંસાર, જીવાત્માને પાપો કરવા પ્રેરતો હોય છે. આથી તેણે પોતાની તમામ બધી પ્રવૃત્તિ સમર્પણભાવપૂર્વક કરવી જોઇએ. શ્રીવલ્લભાચાર્યે અનુયાયીઓને દિવ્ય ગદ્ય-મંત્ર આપ્યો અને શરણે લીધા અને પુષ્ટિમાર્ગના પથ પર અગ્રેસર કર્યા હતા. આપશ્રીએ કરેલી આજ્ઞાનુસાર અનુયાયીઓએ દૈન્યભાવ અને અનન્ય આશ્રયભાવની વૃદ્ધિ

સંદર્ભ નોંધ : ૫૩ સરખાવો

વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદિ યતેત્ સદા।
તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ સદા ભવેત્ ॥ - ભક્તિવર્ધિની શ્લોક ૩

સંદર્ભ નોંધ : ૫૪ સરખાવો

સર્વત્યાગેઽનન્યભાવે કૃષ્ણમાત્રૈકમાનસે ।
સાયુજ્યં કૃષ્ણદેવેન શીઘ્રમેવ ધ્રુવં ફલમ્ ॥ - તત્ત્વદીપનિર્ણય ૨-૨૧૮

સંદર્ભ નોંધ : ૫૫ સરખાવો- પુષ્ટિમાર્ગ સ એવ યત્ર ફલ

સ્વયમેવ સાધનમિત્યસકૃદુક્તમાચાર્યૈઃ । હરિરાયજી કૃત બ્રહ્મવાદે (હસ્તપ્રત ન ૬૧) પૃ ૧૯

સંદર્ભ નોંધ : ૫૬ ભગવદતો હિ જ્ઞાનં ગદિતમપિ કૃપાવ્યતિરેકેણ ન

પ્રાપ્યતે। -સુબોધિનીજી ૨-૯-૩૦

સંદર્ભ નોંધ : ૫૭ જુઓ - પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદઃ।

કરવા સતત પ્રયત્નશીલ રહેવું અને અસમર્પિત વસ્તુમાત્રના ત્યાગ કરવાના વ્રતનું દૃઢતાપૂર્વક પાલન કરવું એટલે કે ભગવાનને સમર્પિત કરીને જ સર્વ વસ્તુ ભોજન ઇત્યાદિને પ્રસાદ લેખે લેવાં. વળી, બધાં જ દુ:ખોને ભગવદ્ઈચ્છા ગણીને અત્યંત ધૈર્યપૂર્વક[૫૮] પુષ્ટિમાર્ગના અનુયાયીએ સહન કરવાં એવી આજ્ઞા આપશ્રીએ[૫૯] કરી છે. એવા તટસ્થભાવપૂર્વક તમામ કાર્યો કરવાની આજ્ઞા શ્રીવલ્લભે અનુયાયીઓને કરી છે. અર્વાચીન સમયમાં આપણે જેને ટ્રસ્ટી કહીએ છીએ.

શ્રીવલ્લભાચાર્યે સેવાને ત્રણ પ્રકારની કહી છે: તનુજા, વિત્તજા અને માનસી:, આ પૈકી છેલ્લી સેવાનો પ્રકાર આદર્શ છે. બીજી દૃષ્ટિએ જોતાં, સેવા બે પ્રકારની છે: સ્વરૂપ-સેવા (ભગવાનનું પૂજન-અર્ચન) અને નામ-સેવા(શાસ્ત્રોનું અધ્યયન). આપશ્રી બન્ને પ્રકારની સેવાને મહત્ત્વની ગણતા હતા. શ્રીવલ્લભાચાર્ય નિતાંત સાદું અને સરળ જીવન જીવ્યા હતા અને સેવા, સ્મરણ અને ચિંતન કરવામાં વિશેષ સમય વીતાવતા હતા અને અનુયાયીઓને માટે સ્વયં ઉદાહરણરૂપ બન્યા હતા.

શ્રીવલ્લભાચાર્યનો પ્રાદુર્ભાવ વિષ્ણુસ્વામીના વંશમાં થયો હતો એવું કહેવાય છે. ભકતમાલાના લેખક નાભાજીએ શ્રીવલ્લભાચાર્યને વિષ્ણુસ્વામીના[૬૦] અનુયાયી હોવાનું કહ્યું છે. સંપ્રદાયમાં આ અંગે બે મત પ્રવર્તે છે. એક મત એવો છે કે શ્રીવલ્લભાચાર્ય વિષ્ણુસ્વામીના અનુયાયી[૬૧] હતા જ્યારે બીજો મત એવો છે કે વિષ્ણુસ્વામી સાથે શ્રીવલ્લભનો કોઇ જ સંબંધ નથી. મારું તારણ એવું છે કે શ્રીવલ્લભના કુટુંબમાં વિષ્ણુસ્વામી[૬૨] દ્વારા પ્રસ્થાપિત ગોપાલોપાસનાનુ અનુસરણ પરંપરાથી કરવામાં આવતું હતુ અને તેથી વિષ્ણુસ્વામીની પરંપરામાં સ્થાન પામ્યા હોય અથવા તો તેમના અનુયાયી[૬૩] પોતે હતા એવો ઉલ્લેખ આપશ્રીએ ક્યો હોય; પરતુ સંભવ છે કે ત્યારપછી બહુધા સંવત ૧૫૪૮ કે સંવત ૧૫૪૯માં થયેલ દિવ્યદર્શન પછી આપશ્રીએ વિષ્ણુસ્વામી મતના અનુયાયી તરીકે નિજની ઓળખ આપવાનું બંધ કર્યું હોય, અન્યથા આપશ્રીને પૃથક્-શરણમાર્ગોપદેષ્ટા કઇ રીતે કહી શકાય ?

સંદર્ભ નોંધ : ૫૮ જુઓ - ત્રિદુ:ખ સહનં ધૈર્યમ્ । વિવેકધૈર્યાશ્રય શ્લોક ૬

સંદર્ભ નોંધ : ૫૯ જુઓ- तथैव तस्य लीलेति मत्वा चितां द्रुतम् त्यजेत्-नवरत्न श्लोक -८

સંદર્ભ નોંધ : ૬૦ જુઓ- પરકુહર-ધાર્મિક સાહિત્ય પૃ ૩૧૭

સંદર્ભ નોંધ : ૬૧ જુઓ- (૧) પુષ્ટિભક્તિસુધા વર્ષ ૨/૧૦ પૃ.૧૫૩
વલ્લભદ્રશર્માં પુષ્ટિમાર્ગીય આચાર્ય પરંપરા
(૨) ગદાધરકૃતે સંપ્રદાય પ્રદીપે: શ્રીવલ્લભ પ્રોક્ત-વિષ્ણુસ્વામી સંપ્રદાયે પૃ. ૧૦૩
કાંકરોલી પ્રકાશન-સંવત ૧૯૯૨
(૩) નિજ વાર્તા પ્રસંગ ૪ (એલ.સી - દેસાઇની આવૃત્તિ)
(૪) બેઠક - ચરિત્ર ક્રમાંક ૩૬, ૪૯ પૃ-૧૮૯-૨૦૦-૨૩૧-૨૩૨) (એલ.સી. દેસાઇની આવૃત્તિ)
(૫) સી.એમ.વૈદ્ય લિખિત શ્રીગટ્ટુલાલજીનું જીવન (ગુજ. આવૃત્તિ ઈસ્વીસન ૧૯૫૬) પ્રકરણ ૩૬ જેમાં પુરુષોત્તમજીનું કથન ટાંકવામાં આવ્યું છે.

સંદર્ભ નોંધ : ૬૨ જુઓ - નિર્ભયરામભટ્ટ: અધિકરણ સંગ્રહ વિષ્ણુસ્વામી સંપ્રદાય કે બિલ્વમંગલ આયે-નિજ વાર્તા ૪ (એલ.સી.દેસાઇની આવૃત્તિ)

સંદર્ભ નોંધ : ૬૩ જુઓ श्री वेदव्यास विष्णुस्वामिमतानुवर्त्य: श्रीवल्लभाचार्य: मर्यादानुगामिना वल्लभेन अवंतिकायां नरोत्तम शर्मापौरोहित्येन संमाननीय: । - सं.१५४६ चैत्र शुक्ल प्रतिपदि । શ્રી એચ. ટંડન દ્વારા લિખિત વાર્તા સાહિત્યના પૃ.૧૪૪-૪૫માંથી ઉતારેલુ.

વળી, આપશ્રી એ સ્વયં કહ્યું છે કે તેમનો માર્ગ વિષ્ણુસ્વામીથી ભિન્ન પ્રકારનો છે. શાસ્ત્રં પુરસ્કૃત્ય વિવિધો ભકિતયોગઃ ઉક્તઃ । તે ચ સાંપ્રતં વિષ્ણુસ્વામ્યાનુસારિણઃ તત્ત્વવાદિનઃ રામાનુજાશ્ચેતિ તમોરંજઃ સત્યૈર્ભિન્નાઃ । અસ્મત્પ્રતિપાદિતઃ- નિર્ગુણ્ય.[૬૪]

આ અંગે ડૉ. એચ.વી. ગ્લેસનેપ્પનું મંતવ્ય સર્વથા સાચું છે.[૬૫]

આ બાબત અંગેનો આખરી નિર્ણય કરવાની અપેક્ષા આપણે ત્યારે જ રાખી શકીએ કે, જ્યારે વિષ્ણુસ્વામીના સાંપ્રદાયિક સિદ્ધાંતોની જાણકારી પ્રાપ્ત કરવામાં આપણે એવી ચોક્કસ પ્રગતિ સાધી શકીએ.

(૮) શ્રીવિઠ્ઠલનાથજી એટલે કે શ્રીગોસ્વામીજી (શ્રીગુસાંઈજી)

શ્રીવલ્લભના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી યુવાનવયે[૬૬] નિત્યલીલામાં પધાર્યા. આથી દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી જે સમર્થ સાબિત થયેલ તેમના શિરે સંપ્રદાયનો સમગ્ર કાર્યભાર આવી પડ્યો હતો જે આપશ્રીએ સામર્થ્યપૂર્વક અને સરસ રીતે વહન કર્યો હતો. આપશ્રીએ ૯૦ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવ્યું હતું અને પુષ્ટિમાર્ગના પ્રસારમાં મુખ્ય કારણભૂત બન્યા હતા. આપશ્રીએ આપના સમગ્ર જીવનકાળ દરમિયાન ગુજરાતની છ વખત યાત્રા કરી તેને ધન્ય કર્યું હતું અને અનેક લોકોને પુષ્ટિમાર્ગની દીક્ષા આપી હતી. અકબરની સૈનિક પ્રવૃત્તિઓને કારણે અડેલથી ગઢા અને ગઢાથી મથુરા તથા અન્ય સ્થળોએ પધાર્યા હતા અને અંતે વિક્રમ સંવત ૧૬૨૮માં ગોકુલમાં સ્થાયી થયા હતા. આપશ્રી મહાન પિતાના મહાન પુત્ર, મહાન વિદ્વાન અને મહાન વહીવટકર્તા હતા અને ધર્મનો આપશ્રીએ પ્રસાર કર્યો હતો. એક સાચા પ્રસારકની નિષ્ઠાપૂર્વક આપશ્રીને એકસાથે બે પ્રકારના પડકારોનો સામનો કરવો પડ્યો હતો. એક મોરચો તે ધર્મ-તત્ત્વજ્ઞાનનો અને બીજો મોરચો હતો તત્કાલીન વાસ્તવિક અને સામાજિક પરિસ્થિતિનો. આપશ્રી પડકારને પહોંચવામાં સક્ષમ સાબિત થયા હતા. આપના પિતાશ્રીવલ્લભનું અપૂર્ણ રહી જવા પામેલું "અણુભાષ્ય" હતું તેનાં સૂત્ર લખી, આપે તેને પૂર્ણ કર્યું હતું તથા વિદ્વન-મંડન નામક ગ્રંથ વિશુદ્ધ ભગવદ્-ભક્તિના સિદ્ધાંતના સત્ય અને યથાર્થતાને સિદ્ધ કરવા માટે લખ્યો હતો.

આપશ્રીના બીજી ગ્રંથ-રચના નીચે દર્શાવ્યા પ્રમાણે છે.[૬૭]

સુબોધિની
ભક્તિહંસ
ભક્તિહેતુ
ટિપ્પણી
ભક્તિહેતુનિર્ણય

વળી, ષોડશ ગ્રંથમાંના કેટલાક પર ટીકા, અનેક સ્તોત્રો જેવાં કે સર્વોત્તમ, સ્વામિન્યાષ્ટક, ગુપ્તરસ, લલિતત્રિંભગ, શ્રીવલ્લભાષ્ટક, શૃંગાર રસમંડન, રસસર્વસ્વ અને વ્રતચર્યા અને દાનલીલા તથા

ઉત્સવ નિર્ણય
વિજ્ઞપ્તિ,
ગીતાતાત્પર્ય
સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત

સંદર્ભ નોંધ : ૬૪ જુઓ સુબોધિનીજી ૩-૩૨-૩૭

સંદર્ભ નોંધ : ૬૫ જુઓ ગ્લેસેનપ્પ શ્રીવલ્લભના સિદ્ધાંતો પૃ. ૧૦૮

સંદર્ભ નોંધ : ૬૬ જુઓ શ્રી ગોપીનાથજીએ સેવાવિધિ, સાધનદીપિકા, નામનિરૂપણસંજ્ઞા અને શ્રીવલ્લભાષ્ટક લખ્યાં હોવાનું કહેવાય છે, પણ હાલ ઉપલબ્ધ થતાં નથી.

સંદર્ભ નોંધ : ૬૭ જુઓ - બૃહત્ સ્તોત્ર સરિત્સાગર અને વૈષ્ણવવૈભવ (ગ્રંથ ૨ના ૫-૬ પૃ.) શ્રીવલ્લભના લિખિત ગ્રંથો વિશે એકમત જણાતો નથી.

આર્યા　　　　　　　અષ્ટાક્ષર નિરૂપણ
ગીતગોવિંદટીકા　　મુક્તિતારતમ્ય નિર્ણય
ન્યાસાદેશવિવરણ　　ષટ્પદી
વૃત્રાસુર ચતુશ્લોકી　　પ્રબોધ
વિવૃતિ　　　　　　ચૌરચર્યા
ચૌર્યસ્વરૂપનામલીલા　લખેલાં કહેવાય છે.

શ્રીવલ્લભાચાર્યે સિદ્ધાંત પ્રબોધ્યો અને ધર્મ એટલે કે સેવામાર્ગ પ્રવર્તવ્યો. આપના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ પિતાએ નાંખેલા પાયા પર ધર્મનું અતિ ભવ્ય માળખું બાંધ્યું. આપે (અષ્ટપ્રહર-સમાનાં દર્શન વગેરે)નો સેવા-પ્રકાર વિકસાવ્યો અને "ઉત્સવપ્રિયા: ખલુ મનુષ્યા:" - [૬૮] મનુષ્યોની ઉત્સવપ્રિયતાને જાણી હવેલીઓમાં થતી ભગવત્ સેવામાં લલિતકળાઓનો વિનિયોગ કર્યો અને પુષ્ટિમાર્ગના મંદિર-હવેલીઓમાં વિવિધ ઉત્સવોનુ આયોજન કર્યું.

(૯) શ્રીવલ્લભાચાર્યનો સમય અને પુષ્ટિમાર્ગનો પ્રસાર

શ્રીવલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ ભક્તિનો જે પ્રકાર પ્રબોધ્યો, તે અત્યંત લોકપ્રિય સિદ્ધ થયો. તે સમય જ એવો હતો, કે જીવનના નવા અભિગમ અને શૈલીની આવશ્યકતા ઊભી થઇ હતી. મુસલમાનોએ હિંદુ રાજાઓને પરાજીત કર્યા અને ભારતમાં પોતાનુ સામ્રાજ્ય સ્થાપ્યું અને ત્યારપછી અને મૂળ ભારતીયો પર અત્યાચાર કર્યા હતા તે વખતે સમગ્ર રાષ્ટ્રનું રાજકીય રીતે પતન થયું અને તે નૈરાશ્યની ઊંડી ગર્તામાં ડુબી ગયું હતું. હિંદુ-સંસ્કૃતિ પર ભારે આઘાત થયો અને તેના શીર્ણવિશીર્ણ થવાનો લુપ્ત થવાનો ભય ઉત્પન્ન થયો. ધાર્મિક કાર્યો શાંતિથી અને આનંદથી થઇ શકતાં નહોતાં અને સામાજિક કર્તવ્યકર્મો સરળતાપૂર્વક થઇ શકતાં નહીં. તીર્થો અને મંદિરોને ભ્રષ્ટ કરાયાં અને તેમનો નાશ કરાયો હતો. ધર્મોપદેશમાં બાધા [૬૯] કરવામાં આવતી હતી. સમાજમાં સાર્વત્રિક અંધેર પ્રવર્તતું હતું. હિંદુઓની આર્થિક ઉન્નતિ બાધામાં પડી હતી. અનાજના ઊભા પાકનો નાશ કરવામાં આવતો અને લશ્કરો ગામડાંને લૂંટતા હતાં. રાજકાજના મહત્વનાં પદો અને આર્થિક લાભો જે હિંદુઓ ભોગવતા હતા તે તેમની પાસેથી આંચકી લેવાયા હતા. અકબરના રાજ્યકાળમાં જ, હિંદુઓને ન્યાય મળ્યો હતો.

સ્થળ, કાળ, વિત્ત, મંત્ર અને કર્મ તથા કર્તા એમ મળીને આ છ વસ્તુઓની શુદ્ધતાની વૈદિક કર્મ કરવામાં આવશ્યકતા રહે છે અને તે સર્વ શુદ્ધ સ્વરૂપમાં ઉપલબ્ધ ન હતી. વજયાન માર્ગ વામમાર્ગ બની ગયો હતો. નાથો અને સિદ્ધોએ એકાંતવાસ સ્વીકારી લીધો હતો અને હિંદુ સમાજને પ્રેરણા આપી શકે તેમ નહોતા. બીજે પક્ષે જોઇએ તો મુસલમાનોના સામાજિક સંબંધો તેમના સમાજમાં ઉચ્ચ અને નીચ એવી કોઇ જ્ઞાતિઓ અસ્તિત્વ ન હોવાને કારણે, એકેશ્વરવાદમાં શ્રદ્ધા અને ધાર્મિક વિધિ વગેરે કરવામાં સૌને સરખો અધિકાર પ્રાપ્ત હતો તે બધી બાબતો હિંદુ સમાજને પડકારરૂપ બની ગઇ હતી. તદુપરાંત, સૂફીઓ ભારતમાં વિશુદ્ધ પ્રેમનો એક નવો ધર્મ લાવ્યા હતા. ઈસ્લામના આ નવા પ્રવાહની શક્તિ સામે હિંદુઓ ભયત્રસ્ત અને આશ્ચર્યવિમૂઢ થઇ ગયા હતા. શ્રીવલ્લભાચાર્ય લોદીવંશના રાજકીય રીતે ઉથલપાથલના ભારે કપરા કાળમાં થયા હતા, જ્યારે સમગ્ર હિંદુ સમાજ ભયગ્રસ્ત [૭૦] થયો હતો અને આંતરિક વિનાશના આરે આવી ઊભો હતો. ભક્તિ-માર્ગ તો કંઇ કેટલાય પ્રાચીન સમયથી અસ્તિત્વમાં

સંદર્ભ નોંધ : ૬૮　જુઓ- કાલિદાસનુ શાકુંતલ અંક ૪-૧૨

સંદર્ભ નોંધ : ૬૯　જુઓ- શ્રીવલ્લભલિખિતકૃષ્ણાશ્રય અને તત્ત્વદીપનિબંધ ૨-પૃ. ૨૧૧-૧૩

સંદર્ભ નોંધ : ૭૦　જુઓ-મહાપ્રભુસ્તુતિ મુક્તાવલિ -૧ (૧૯૪૦માં પ્રકાશિત) કવિ નાનાલાલની પ્રસ્તાવના પૃ-૧૭

હતો. શ્રીવલ્લભાચાર્યે તે કપરા કાળમાં ભક્તિના એક નવા જ માર્ગનો ઉપદશ કર્યો. તે માર્ગ એટલે પુષ્ટિમાર્ગ જેમાં જીવે ભગવાનને સંપૂર્ણતઃ સમર્પિત થવું ને પોતાની બધી જ ચિંતા ત્યજી દેવી અને તે પ્રમાણે ભગવદાશ્રય કરી જીવવું. આપશ્રીએ ઘોષણા કરીઃ-

સર્વમાગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
-પાષંડપ્રચુરે લોકે કૃષ્ણએવ ગતિર્મમ ॥[૭૧]

લોકોને "કૃષ્ણ એવ ગતિર્મમ"માં ભારે આશ્વાસન પ્રાપ્ત થયું. શ્રીવલ્લભાચાર્યે ઉપદેશ કર્યો કે, ભગવાન જીવાત્મા માટે શું સાચું છે અથવા શું ખોટું છે, તે સુપેરે જાણે છે. જીવાત્માએ પોતે જે કંઇ કરે તે ભગવાનને અર્પણ કરવું ઘટે. આ વિશ્વ એ તો ભગવાનની લીલા છે અને તેમાં જીવો પાત્રો ભજવતા નટ છે-નિમિત્તમાત્ર છે અને તે કારણસર તેમણે ખેદ કરવો જોઇએ નહિ, તેમનું કર્તવ્યકર્મ છે નાટકના નિર્દેશકની ઇચ્છાનુસાર વર્તવું અને ભગવાનની ઇચ્છામાં પોતાની ઇચ્છાને લય કરી દેવી[૭૨] સંસારનો ત્યાગ કરવાની અને એકાંતવાસમાં શાંતિ શોધવા જવાની કોઇ જ આવશ્કયતા નથી. ભગવાનની દૃષ્ટિમાં શ્રીવલ્લભાચાર્યે કહ્યું કે સર્વ જીવો સામાજિક નાત-જાત કે મોભા કે સ્ત્રી કે પુરુષના કોઇપણ ભેદભાવ વિના એક સમાન છે અને આપશ્રીએ તદનુસાર નાત-જાત, મોભા કે સ્ત્રી-પુરુષના કોઈપણ ભેદભાવને ધ્યાને લીધા વિના સૌને પુષ્ટિમાર્ગમાં શરણે લીધા હતા. આપશ્રી કહે છે કે[૭૩] વર્ણાશ્રમધર્મ અનુસાર જીવો પોતાના ધર્મને ભલે બજાવે, પરંતુ ભગવત્-સેવા કરવી જીવનું પરમ કર્તવ્ય છે. પ્રાચીન વૈદિકધર્મ, સ્ત્રી અને શૂદ્રોને વેદોના અધ્યયન કરવા અને યજ્ઞો કરવાની પરવાનગી આપતો નહોતો. સ્ત્રીઓ અને શૂદ્રોને વેદો ભણવા દેવા અને યજ્ઞો કરવા દેવા જોઇએ એના વિવાદમાં ઉતરવાને બદલે, શ્રીવલ્લભાચાર્યે કહ્યું કે નાત-જાત અને પુરુષ સ્ત્રી એવા કોઇજાતના ભેદભાવ વિના સર્વ જીવોને ભગવત્ સેવા કરવાનો અને મોક્ષ મેળવવાનો અધિકાર છે.[૭૪] બ્રાહ્મણો અને શૂદ્રોને ભક્તિમાર્ગમાં એકસમાન ધોરણે સ્વીકારવામાં આવ્યા હતા. આ રીતે, સનાતન હિંદુધર્મ સામે પડકાર બની રહ્યો, કારણ કે સમાજના દલિતો, અસ્પૃશ્યો અને મુસલમાનો સુદ્ધાંને ભકિત-માર્ગ પોતાની અંદર પ્રવેશ આપ્યો હતો. શું આ હિન્દુઓના સવર્ણો અને અસવર્ણો અને વળી મુસલમાનો વચ્ચેની ભેદની ખાઇ અસ્તિત્વ ધરાવતી હતી તેને દૂર કરવાનો સભાન કે અભાનપૂર્વકનો પ્રયાસ નહોતો ? ભક્તિ-માર્ગે વર્ણાશ્રમધર્મને નકાર્યો નહોતો અને ન તો પોતાના અનુયાયીઓને વર્ણાશ્રમધર્મનો ત્યાગ કરવા કહ્યું, પણ સર્વ લોકોને પ્રવેશ આપ્યો અને જીવાત્માનું પરમ કર્તવ્ય પરમાત્માની ભક્તિ કરવી એવો સિદ્ધાંત પ્રબોધ્યો હતો.

જીવનનું આ પ્રકારનું દૃષ્ટિબિંદુ એટલે કે ભક્તિનું નવું સૂત્ર તત્કાલીન સમયના પ્રશ્ન પ્રત્યેનો નવો અભિગમ હતો. શ્રીવલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગે ભગવદ્ ભકિતનો નવતર માર્ગ ચીંધ્યો અને લોકોએ તેને આત્મસાત્ કરી લીધો.

સંદર્ભ નોંધ : ૭૧ જુઓ-કૃષ્ણાશ્રય શ્લોક ૧ વળી માહાત્મ્ય જ્ઞાનં દુર્લભમિતિ तदर्थ प्रयासमकृत्वा, केवलं भगवते नमनं कर्तव्यम् । कृष्णा तादृशं मां परिपालय-सुबोधिनीजी ३-६-४०

સંદર્ભ નોંધ : ૭૨ આવું જ મંતવ્ય સરસ્વતીચંદ્રમાં લક્ષ્યાલક્ષ મીમાંસામાંશ્રી ગોવર્ધન ત્રિપાઠીએ દર્શાવ્યું છે. જુઓ બુદ્ધિ પ્રકાશમાં વોલ્યુમ ૧૦૭-૯ પૃ.૨૯૦-૯૧ શ્રી આર.ત્રિવેદીનો લખેલો લેખ-ગોવર્ધનરામનો જીવન તત્ત્વવિચાર સહૃદયરૂપમાં જે સ્થૂળ શરીરરત્ન ધારણ કર્યુ તે ઉત્તમ સંસ્કારોથી પરિપાક્વત સૂક્ષ્મરૂપ આપી જ્યાંથી ઉદ્ભવ્યું ત્યાંજ સમર્પિત કરવું એ તેનો સાચો અંત છે.

સંદર્ભ નોંધ : ૭૩ જુઓ- यावदेहोऽयम् तावद् वर्णाश्रमधर्माः - सुबोधिनीजी ३-२८-२

સંદર્ભ નોંધ : ૭૪ જુઓ - किरातादयस्तत्तद्देशगिरीबासिनः अन्त्यजाः जातिनः कार्यतः च दुष्टाः ।
भक्तिसमाश्रयमात्रेण शुद्धाः भवन्ति । सुबो-२-४-१८

ડો. રાધાકૃષ્ણને સાચું જ કહ્યું છે કે મનુષ્યની જરૂરિયાતોમાં જ તત્ત્વજ્ઞાનનાં મૂળ રહેલાં હોય છે. આવી કોઇ તત્ત્વજ્ઞાનની વિધારધારા મુખ્ય માનવીય વૃત્તિઓનું સમર્થન કરવાને અને ધર્મના ગહનતર હાર્દનું અર્થઘટન કરવાને અસમર્થ હોય તેને સર્વસામાન્ય સ્વીકૃતિ પ્રાપ્ત થઇ શકે નહીં. તત્ત્વજ્ઞાનીઓનું તત્ત્વદર્શન કે જે આપણને આપણા તનાવ અને દુઃખમાં આશ્વાસનદાયક ન હોય, તે બીજું કંઇ નથી, પણ બૌદ્ધિક વિપર્યય હોય છે અને તેમાં કોઇ ગંભીર વિચારણા સમાયેલી નથી હોતી.[૭૫] શ્રીવલ્લભાચાર્યે તત્કાલીન સમયના વહેણ અને વૃત્તિને સાચા અર્થમાં પીછાણી લીધાં હતાં અને નવીન તત્ત્વજ્ઞાનીય વિચારધારા પ્રદાન કરી હતી જે પૂર્વગ્રહથી પીડાતી વ્યક્તિઓને બાદ કરતાં સર્વ લોકોને સ્વીકાર્ય બની હતી. ત્યારપછી શ્રીવલ્લભાચાર્યે સંપ્રદાયનો બહોળો પ્રચાર આજે જેને પશ્ચિમ ઉત્તર પ્રદેશ[૭૬] રાજસ્થાન અને ગુજરાત આપણે કહીએ છીએ તે પ્રદેશોમાં કર્યો હતો અને સંપ્રદાયનાં મૂળ ઊંડાં અને દૃઢપણે નાંખ્યા હતાં. આપશ્રીએ ઘરેલું જીવન કેવી રીતે જીવવું અને ભગવાનની સેવા પણ કરવી એવી જીવનપદ્ધતિ બતાવી હતી. આ ધાર્મિક સંપ્રદાયમાં સમાજના ઉચ્ચ અને નીચ જાતિના વિવિધ પ્રકારના લોકસમસ્તને પ્રવેશ આપી શરણે લીધાં હતાં. તે કાળ એવો હતો કે જે જીવન પ્રત્યે જોવાના અને નવા હેતુને સિદ્ધ કરવા માટે નવા અભિગમની અપેક્ષા રાખતો હતો. અને ભક્તિનો આ નવો શરણમાર્ગ આ અપેક્ષાની પૂર્તિ કરનારો હતો. શ્રીવિઠ્ઠલનાથજીએ મથુરા, ગોકુલ ઇત્યાદિ સ્થળોએ મંદિરો બંધાવ્યાં અને પુષ્ટિમાર્ગની સેવા-પૂજાની સૂક્ષ્મરીતિનું નિર્માણ કર્યું. આ પદ્ધતિથી લોકોને પોતાનું એટલે કે નિજી સેવ્ય ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું. જેની લોકો સ્વયં સેવા-પૂજા દ્વારા પ્રત્યક્ષ ભગવદાનુભૂતિ પ્રાપ્ત કરવાને શક્તિમાન થયાં. આનાથી લોકોમાં એક પ્રકારનો નવો ઉત્સાહ જાગ્યો અને હતાશાનાં વાદળો કેટલાક અંશે વીખેરાઇ ગયાં. આ રીતે, શ્રીવિઠ્ઠલનાથજી તત્કાલીન હિંદુ-સમાજના અને બહુધા તેના એક વિભાગના એક પ્રકારના પુનરોત્થાન કરવામાં નિમિત્ત બન્યા હતા. આપશ્રી આથી પુષ્ટિમાર્ગના અનુયાયીઓમાં[૭૭] અત્યંત લોકપ્રિય થયા હતા અને અન્ય સંપ્રદાયો અને ધર્મોના અનુયાયીઓના પણ ભારે લોકપ્રિય થયા હતા. આપશ્રીએ આપના જીવનકાળમાં ગુજરાતની છ વખત યાત્રા કરી હતી અને ઘણા બધાં સ્ત્રી-પુરુષોને પુષ્ટિમાર્ગમાં શરણે લીધાં હતાં. વિક્રમ સંવત ૧૬૨૮માં ગોકુલમાં જ્યારે આપશ્રીએ કાયમી નિવાસ કર્યો ત્યારે મથુરાના પ્રદેશમાં અત્યંત લોકપ્રિયતા પામ્યા હતા. મહાન મોગલ સમ્રાટ અકબર પણ આપશ્રીથી ભારે પ્રભાવિત થયા હતા. આથી કેટલીક વખત મહાન અકબર વૈષ્ણવ જેવાં વસ્ત્રો પહેરતો અને વૈષ્ણવનાં ચિહ્નો ધારણ કરતો અને એ રીતે સંપ્રદાય પ્રત્યેના પ્રેમભાવને વ્યક્ત કરતો હતો. તેણે સમ્રાટ તરીકે ફરમાન[૭૮] જારી કર્યું હતું અને મહાવનની આસપાસની જમીન પશુઓને ચરાવી શકાય તે હેતુથી શ્રીવિઠ્ઠલનાથજી એટલે કે શ્રીગુસાંઇજીને નિઃશુલ્ક દાનમાં આપી હતી અને તેનો ગોસ્વામીઓ પાસેથી કોઇ જાતનો કર લેવામાં આવતો નહોતો તથા ભગવાનની સેવા-પૂજા તેઓને તેમની રીતે કરવા દેવામાં આવતી હતી.

આ અંગે શ્રીદુર્ગાશંકર શાસ્ત્રીએ કહ્યું છે : ૧૦મા શતકથી જોરમાં આવતી વિષ્ણુભક્તિ ૧૫મા શતકમાં પૂરજોરમાં અનેક રસ્તે ઉભરાતી હતી... પણ ભાગવત જેવાં પુરાણોએ, ગીત-ગોવિંદ જેવાં કાવ્યોએ કે નરસિંહ મહેતા

સંદર્ભ નોંધ : ૭૫ ઇન્ડીયન ફીલોસોફી પાર્ટ ૨ જો(આવૃત્તિ ૧૯૪૮)પૃ ૬૫૯

સંદર્ભ નોંધ : ૭૬ ચૈતન્ય અને તુલસીદાસે પૂર્વ-ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ અને ઓરિસ્સાના કેટલાક ભાગોમાં આ જ કાર્ય કર્યું હતું.

સંદર્ભ નોંધ : ૭૭ કોઇકે કહ્યું હતું કે, શ્રીવિઠ્ઠલદીક્ષિતે રાજમાને મહીતલે । વૈકુંઠગમનેચ્છા કુંઠિતા વૈકુંઠવાસિનામ્ ।

સંદર્ભ નોંધ : ૭૮ જુઓ - શાહી ફરમાન શ્રી દિવાન બહાદુર કે.એન.ઝવેરી સંપાદિત

જેવા ભક્ત કવિઓએ માત્ર ભક્તિને જગાડી, પણ એને ચાલવા માટે સામાન્ય લોકોને પણ અનુકૂળ એવો કોઇ રસ્તો-ચીલો બતાવ્યો નહીં. શ્રીવલ્લભાચાર્યે રસ્તો બતાવ્યો. ગુજરાતની વેપારી પ્રજાને એ રસ્તો ફાવી ગયો. શ્રીવલ્લભાચાર્યના વખતમાં જ ૧૬મા શતકના આરંભમાં જ ગુજરાતમાં શ્રીવલ્લભાચાર્યને અનેક અનુયાયીઓ મળ્યા હતા અને પછી પણ બહુ ઝડપથી ગુજરાતમાં વલ્લભમત પ્રસરી ગયો. બીજા વૈષ્ણવમતો ઝાંખા પડીને ક્ષીણ થઇ ગયા અને એકાદ શતકમાં જ વલ્લભમતનું જોર એવું થઇ ગયું કે વૈષ્ણવમતનો પર્યાય જ વલ્લભમત મનાવા લાગ્યો.[૭૯]

(૧૧) પ્રાચીન ધર્મગ્રંથોમાં ભક્તિમાર્ગ

શ્રીવલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ ઉપદેશેલો ભક્તિમાર્ગ સદંતર નવીન નહોતો. ભાગવત-ધર્મ અત્યંત પ્રાચીન છે. ભક્તિભાવ એ મનુષ્યનું સાહજિક લક્ષણ છે. ધર્મના ઇતિહાસમાં ઋગવેદની ઋચાઓમાં સર્વપ્રથમ વરુણદેવને સંબોધીને ભક્તિભાવ અછતો થતો જોવા મળે છે. તે કેટલાક ઉપનિષદોમાં પણ જોવા મળે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા કે જે સર્વ ઉપનિષદો અને કેટલાંક તત્ત્વદર્શનોના સારરૂપ ગણાય છે, તેમાં ભક્તિનું પ્રતિપાદન વિશેષ કરીને થયું છે. મહાભારત કે જેના ભાગરૂપે ગીતાની રચના થઇ છે, તે મહાકાવ્યમાં પણ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ પ્રત્યે વધુ સાનુકૂળભાવ હોવાનું જણાય છે. પ્રાચીનકાળમાં ભક્તિને સાત્વત-માર્ગ કે ભાગવત-ધર્મ કહેવામાં- ઓળખવામાં આવતો હતો, અને સર્વાધિક દેવ નારાયણ અથવા વાસુદેવ મનાતા હતા. ત્યારબાદ, તે વાસુદેવ અને કૃષ્ણના નામે ઓળખાવા લાગ્યા. આ તબક્કો, ભાગવતમાં થતો જોવા મળે છે.[૮૦] ભાગવતની રચના ક્યારે થઇ હતી, તે વિશે કોઇ અંતિમ નિર્ણય થયો નથી જણાતો, છતાં તેમાં ભક્તિ-માર્ગનું એક ભારે અભિયાન તરીકે નિરૂપણ થયેલુ જોવા મળે છે. નારદ અને શાંડિલ્યનાં સૂત્રો ભક્તિ-સંપ્રદાયના પ્રસારનાં મુખ્ય શાસ્ત્રો બની રહ્યાં. ભક્તિના વિવિધ સિદ્ધાંતોનો વિકાસ ક્યારે અને કેવી રીતે થયો, તે નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ તેમાંના ઘણા બધાનું સૌ પ્રથમ નિરૂપણ મહાભારતના શાંતિ-પર્વનાં નારાયણીય-પર્વ(અધ્યાય-૩૩૪-૩૪૭)માં થયેલું આપણને જોવા મળે છે.[૮૧]

ઉદાહરણ લેખે જોઇએ તો, શ્વેત-દ્વીપનું ભગવદ્ધામ તરીકે જે વર્ણન થયું છે, તે ગોલોકને મળતું આવે છે. અધ્યાય ૩૩૯માં આપણને અવિકૃત-પરિણામ-વાદનું નિરૂપણ થયેલુ આપણને જોવા મળે છે. વૈષ્ણવોના વિવિધ મતો થકી માન્યતા પ્રાપ્ત એવા ચાર વ્યૂહોનું પણ તેમાં નિરૂપણ થયું છે. ભક્તિ-માર્ગના સિદ્ધાંતો જ્ઞાનમાર્ગના[૮૨] કરતાં શ્રેષ્ઠ હોવાનું અને જ્ઞાનની સિદ્ધિ પણ ભગવત્ કૃપાની[૮૩] પ્રાપ્તિ પર નિર્ભર રહે છે, એવું નિરૂપણ મહાભારતમાં થયેલું જોવા મળે છે. ભાગવતમાં ભક્તિના નવ પ્રકાર કહ્યા છે અને તેના પરિણામ સ્વરૂપ પરા કે પ્રેમ-લક્ષણા ભક્તિ[૮૪] અને સાધન અને સાધ્ય-ભક્તિનું પણ તેમાં નિરૂપણ થયેલું જોવા મળે છે.[૮૫]

સંદર્ભ નોંધ : ૭૯ વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ ૧૮૪

સંદર્ભ નોંધ : ૮૦ જુઓ ડો. આર. જી. ભંડારકર કૃત "વૈષ્ણવમત અને શૈવમત તથા અન્ય મતો પરનું વિગતપૂર્ણ અધ્યયન" નામક પુસ્તક

સંદર્ભ નોંધ : ૮૧ સરખાવો - શાંતિ-પર્વ શ્લોક ૩૩૫-૩૬

સંદર્ભ નોંધ : ૮૨ સરખાવો - ન સ શક્યસ્ત્વભક્તેન દ્રષ્ટું દેવઃ કથંચન - શાંતિપર્વ શ્લોક ૩૩૬-૫૩ અને ૩૫૬-૬૪

સંદર્ભ નોંધ : ૮૩ સરખાવો - યસ્ય પ્રસાદં કુરુતે સ વૈ તં દ્રષ્ટુમર્હતિ । શાંતિપર્વ શ્લોક ૩૩૬-૨૦

સંદર્ભ નોંધ : ૮૪ સરખાવો - કેવલેન હિ ભાવેન મોપ્યો ગાવો નગા મૃગાઃ..... મામિયુરંજસા । ભાગવત સ્કંધ ૧૧મો - ૧૨ અધ્યાય ૮ શ્લોક તથા ભાગવત સ્કંધ ૭મો ૫ - અધ્યાય ૨૪ મો શ્લોક

સંદર્ભ નોંધ : ૮૫ સરખાવો - ભાગવત-સ્કંધ ૩ - ૨૯ શ્લોક ૧૧ અને ૧૪

ભક્તિ-સંપ્રદાય આ રીતે જોઇએ તો અત્યંત પ્રાચીન છે. દક્ષિણ ભારતના અલવરોનો, ગુપ્તવંશની સમાપ્તિ બાદના સમયમાં તેનો પ્રચાર કરવામાં ભારે ફાળો હતો. શ્રીમદ્ શંકરાચાર્ય પછી ભક્તિનો પ્રસાર થયો જણાય છે.

ભક્તિ-સંપ્રદાયને અવૈદિક તરીકે ઓળખવામાં ન આવે તેથી જ તો રામાનુજાચાર્ય જેવા આચાર્યોએ બ્રહ્મ-સૂત્રો ગીતા વગેરે પર ભાષ્ય લખ્યાં અને એવું પ્રતિપાદન કયું કે ભક્તિ-સંપ્રદાય એ વૈદિક માર્ગ છે. આથી, ભક્તિ-સંપ્રદાય બ્રહ્મવિદ્યા છે તેમાં તત્ત્વદર્શનની વિલક્ષણતાનું સંયોજન થયું. શ્રીવલ્લભાચાર્યને આવો અણમોલ વારસો પ્રાપ્ત થયો હતો. આપશ્રી રામાનુજાચાર્ય[૮૬] અને નિમ્બકાચાર્યની વિચારધારા દ્વારા પ્રભાવિત થયાનું જણાય છે. છૂટા-છવાયા વિચારોનું શ્રીવલ્લભાચાર્યે દોહન-સંયોજન કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું અને દ્વૈતભાવને તેમાંથી અલગ કાઢી તથા ભગવાનને સંપૂર્ણ રીતે સમર્પિત થવા અને ભગવત્-કૃપાની પ્રાપ્તિ પરત્વે ભાર મૂક્યો હતો. આપશ્રીએ ભારપૂર્વક એવું પણ પ્રતિપાદન કર્યું કે મુક્તિ પામવા માટે અન્ય સાધનો કરવાનું નિરર્થક છે અને તેથી જીવાત્માનું એકમાત્ર કર્તવ્ય કર્મ એ છે કે તેણે વિશુદ્ધ અને ભારે પ્રેમપૂર્વક ભગવાનની સેવા કરવી. ભક્તે માત્ર ભગવન્મય જીવન જીવવું ન જોઇએ, પરંતુ ભગવદ્ અર્થે પણ જીવવું જોઇએ અને ભગવાનનાં સુખોનો જ વિચાર કરવો જોઇએ એવો ઉપદેશ આપશ્રીએ આપ્યો હતો. શ્રીવલ્લભે અને શ્રીવિઠ્ઠલે ભગવત્ તત્ત્વદર્શન અને બ્રહ્મવિદ્યાની એક સર્વથા સુંદર એવી પદ્ધતિ નિર્માણ કરી હતી. પરંપરાગત ભક્તિ-માર્ગ વચ્ચે અને પુષ્ટિ-માર્ગ એટલે કે શરણમાર્ગ વચ્ચેનો એ જ તો તફાવત હોવાનું જણાય છે.

(૧૨) પુષ્ટિ-માર્ગ અંગે કેટલીક વિપરીત રજૂઆત

શ્રીવલ્લભાચાર્ય અને આપશ્રીના પ્રસ્થાપિત કરેલા ધર્મની રીતિ વિશે ખાસ કરીને પશ્ચિમના દેશોમાં જે કેટલીક વિપરીત માન્યતા પ્રવર્તે છે તેનો હું અહીં ઉલ્લેખ કરવા ચાહું છું. શ્રીમતી એની બિસેંટે કહ્યું છે કે શ્રીવલ્લભાચાર્ય[૮૭] સદંતર અભણ હતા. શ્રી એમ.એમ.વિલિયમ્સે તેમના લખેલા "બ્રહ્મવાદ અને હિંદુ ધર્મ" પુસ્તકમાં આ માર્ગને સિદ્ધાંત હીણો કહીને ઉતારી પાડ્યો છે. વળી" એન-સ્લાયકોપિડિયા ઑફ રિલિજીયન્સ અને એથિક્સ" નામનો સર્વસંગ્રહ તો તેનાથી પણ આગળ વધીને નોંધે છે કે પુષ્ટિમાર્ગ "દૈહિક ભોગવિલાસ"નું પ્રતિપાદન કરનારો છે. તેમાં એમ પણ કહ્યું છે કે શ્રીવલ્લભાચાર્ય ભૌતિક ભોગવિલાસમાં રાચનારા છે અને શ્રીવલ્લભનું જીવન વગેરે અન્ય ધર્મસંસ્થાપકો જેવું નહોતું[૮૮] આ સર્વસંગ્રહમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંત અંગે ઘણાં ખોટાં અને વિરોધી વિધાનો શ્રીવલ્લભાચાર્યના જીવન વિશે કરાયાં છે અને પ્રારંભમાં ગુરુને ચરણે સમર્પણ જે રીતે કરાય તેનો ઉલ્લેખ કરાયો છે.[૮૯] આ અંગે જે તેમાં દર્શાવ્યું છે તે પુષ્ટિમાર્ગના સિદ્ધાંત અને રીતિથી સર્વથા જૂદું અને વિપરીત પ્રકારનું છે. "સિદ્ધાંત રહસ્ય"ના ખરા અર્થનો જ તેમાં હ્રાસ થયો છે. " મહારાજોના પ્રસ્થાપિત સંપ્રદાયનો ઈતિહાસ" એ નામક ગ્રંથના આધારે એનસ્લાયકોપિડિઆએ ઉપર મુજબનું તારણ કાઢ્યું છે, પરંતુ સદરહુ પુસ્તકે એક કે બે ગોસ્વામી મહારાજોની વર્તણૂકને ધ્યાને લઇને માર્ગના મૂળ-સિદ્ધાંતની જ ઉપેક્ષા કરી છે. આવાં પુસ્તકોએ અવળી રજૂઆતો કરીને પુષ્ટિ-સંપ્રદાયને ભારે નુકસાન પહોંચાડ્યું છે. વાસ્તવમાં, શ્રીવલ્લભાચાર્યે "તત્ત્વદીપ-નિર્ણય" નામક ગ્રંથમાં આદર્શ ગુરુની વ્યાખ્યા બાંધી છે અને એટલે સુધી કહ્યું છે કે, જો કોઇ ભક્તને આદર્શ ગુરુ મળે નહિ તો તેણે

સંદર્ભ નોંધ : ૮૬ જુઓ- દશ શ્લોકનો શ્લોક ૯મો જેમાં દૈન્ય અને કૃપા પર ભાર મૂકાયો છે.

સંદર્ભ નોંધ : ૮૭ જુઓ- મીસી એની.બીસેંટ: ઈસોટેરીક ક્રિશ્ચિયાનિટી પૃ-૩૬૯ (જેનો ઉલ્લેખ શ્રી એલ.પી.પારેખે પોતાના પુસ્તક શ્રીમદ્ વલ્લભાચાર્યમાં કર્યો છે.)

સંદર્ભ નોંધ : ૮૮ વો. ૧૨-પૃ. ૫૮૧ (જેમ્સ હેસ્ટિંગ્સ દ્વારા સંપાદિત સને ૧૯૨૧)

સંદર્ભ નોંધ : ૮૯ એજન પૃ. ૫૮૨

સ્વતંત્રપણે પોતાનું સેવ્યસ્વરૂપ નક્કી કરી તેની સેવા-પૂજા કરવી.[૯૦] આનાથી વધુ ઉદાર એવો બીજો પ્રગતિશીલ કોઇ આચાર્ય કયાંય જોવા મળે ખરો ? પુષ્ટિ-સંપ્રદાયમાં શ્રીવલ્લભાચાર્યને ગુરુ અને આચાર્ય ગણવામાં આવે છે. શ્રીપુરુષોત્તમજી(પ્રાક્ટય ૧૩૨૪ વિ.સં)એ "કૃષ્ણસેવા પરં" એ શ્લોકની ટીકા કરતાં કહે છે કે સ્વસ્મિન્નેવેતન્માર્ગીય.....ગુરુત્વંનિમચ્છન્ત્ વગેરે[૯૧] શ્રીવલ્લભાચાર્યને પાખંડી અને ભોગવિલાસનું પ્રતિપાદન કરનાર સિદ્ધાંતના પ્રવર્તક કહેવા તે સર્વથા ખોટું છે. પ્રત્યેક ધર્મમાં એવા કેટલાક લોક હોય છે જે નીતિ-અનીતિની વાતો કરી હતાશા અને નિરાશાની પરિસ્થિતિનું નિર્માણ કરે છે અને ખાસ કરી પોતાનો સ્વાર્થ સાધવામાં તેનો ઉપયોગ કરતા હોય છે. અરે ! ભારતમાં પણ એવા અજ્ઞ લોકો છે જે પુષ્ટિ શબ્દનો અર્થ ખાઇ-પીને શરીરે તગડા થવું એવો કરે છે જ્યારે તેનો વાસ્તવમાં અર્થ છે ભગવત્-કૃપા-ભગવાનની અલૌકિક કૃપા. આથી, તટસ્થ વિવેચકો અને લેખકોએ આવા મિથ્યા વિધાનો કરવામાં રાચતા કેટલાક દુષ્ટભાવનાવાળા લોકોના પ્રભાવ હેઠળ આવી દોરવાઇ જવું જોઇએ નહીં. સદ્નસીબે આ સેકામાં થઇ ગયેલા પ્રોફેસર એચ.વી. ગ્લેસનેપ્પ અને શ્રી પી.જોન્સ અને શ્રી મણિલાલ સી. પારેખ જેવા મહાનુભાવોએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનો પોતાની રીતે તટસ્થ એવો અભ્યાસ કર્યો અને તેથી સંપ્રદાયનું ગૌરવ જળવાયુ છે.[૯૨]

(૧૩) શ્રીવિઠ્ઠલનાથજીના વંશજો

અગાઉ દર્શાવ્યા મુજબ, શ્રીવલ્લભાચાર્યે પુષ્ટિ માર્ગ પ્રસ્થાપિત કર્યો હતો પરંતુ એક માર્ગ તરીકેનું પૂર્ણ સ્વરૂપ તેને શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા પ્રાપ્ત થયું હતું. વળી, તેનું એ સ્વરૂપ બદલાયેલા સમયકાળની આવશ્યકતાઓને પરિપૂર્ણ મહદ્અંશે કરનારું નીવડ્યું અને તેથી પુષ્ટિમાર્ગનો ત્વરિત-ગતિએ સાર્વત્રિક પ્રસાર થયો હતો. શ્રીવિઠ્ઠલનાથજીના વંશજો પણ તેનો આવો સાર્વત્રિક પ્રચાર કરવામાં નિમિત્તરૂપ બન્યા હતા. શ્રીવિઠ્ઠલનાથજીને સાત બાલકો હતા. તે બધા જ ધર્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો પ્રસાર કરવાને સક્ષમ અને તત્પર હતા. આ સાત બાલકોના ઉત્તરાધિકારીઓએ, ભારતમાં પછીથી વિવિધ સ્થળોએ ગાદીની સ્થાપના કરી હતી. શ્રીગોકુલનાથજી, શ્રીવિઠ્ઠલનાથજીના ચતુર્થ બાલક હતા. આ મહાનિબંધમાં, વિષય લેખે શ્રીગોકુલનાથજીની જ ગ્રંથ-રચનાઓનો અભ્યાસ કરવા નિરધાર્યું છે. આપશ્રી સમર્થ-પિતાના સમર્થ પુત્ર હતા અને ચિદ્રૂપ નામના સંન્યાસીએ કરેલા પડકારનો આપે સફળતાપૂર્વક સામનો કર્યો હતો. આપશ્રીના અનુગામી શ્રીહરિરાયજી (૧૬૪૬-૧૭૭૨ વિ.સં) થઇ ગયા જે આપશ્રીના ભત્રીજાના પુત્ર હતા. શ્રીહરિરાયજી પણ મહાન ભક્ત અને ગ્રંથોના રચનાકાર હતા. ત્યારપછી,

---

સંદર્ભ નોંધ : ૯૦ સરખાવો કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરં। શ્રી ભાગવતતત્ત્વજ્ઞં ભજેજિજ્જ્ઞાસુરાદરાત્ ॥
તદભાવે સ્વયં વાડપિ મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્। પરિચયાં સદી કુર્યાત્તદ્રુપં તત્ર ચ સ્થિતમ્। -
તત્વદીપનિર્ણય-૨-૨૨૭-૨૨૮

સંદર્ભ નોંધ : ૯૧ તત્ત્વદીપનિર્ણય ગ્રંથ-૨ આવરણભંગ સહિત, પૃ-૧૭૪ (આસનમલ આવૃત્તિ)

સંદર્ભ નોંધ : ૯૨ **સરખાવો** - આદર્શ જગતને વધુ સારી રીતે સમજવામાં શ્રીમદ્ વલ્લભાચાર્ય આપણને સહાય કરે છે. રામાનુજાચાર્ય આ જગતને ભગવાનના દ્યોતકરૂપે ગણે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય આ અસંગતિને દૂર કરે છે. આદર્શ જગત ભગવવાનું સ્વ-વિશ્લેષણ છે જે પરંબ્રહ્મમાં કંઇજ વધારો કરતું નથી, પરંતુ તે શું છે એનું માત્ર દર્શન કરાવે છે.

"આપશ્રીના વ્યવહારુ તત્ત્વજ્ઞાનમાં જ, આપણને શ્રીમદ્ વલ્લભાચાર્યના બહુમૂલ્ય પ્રદાનનું અલબત્ત દર્શન થાય છે. ભગવાનની સંપૂર્ણ વ્યાખ્યા આપણને આપશ્રીના પ્રવર્તાવેલ સંપ્રદાયમાં જ પ્રાપ્ત થાય છે કારણ કે તેનું કહેવું છે કે, આપણે ભગવાનને ભગવાનના ખાતર અને આપણા પોતાના ખાતર અને ભગવાનના ખાતર અન્ય પ્રત્યેક ચીજવસ્તુને અવશ્ય પ્રેમ કરવો જોઇએ. આનાથી વધુ સારી વ્યાખ્યા મળવી-કરવી અશક્ય છે."પી. જોહન્સ -ટુ ક્રાઇસ્ટ થ્રુ વેદાંત ભાગ-૩-વલ્લભ વિષયક (ત્રીજી આવૃત્તિ)- પૃ.૧

અન્ય ગોસ્વામી બાલકો થયા, જેવા કે શ્રીકાકા વલ્લભજી (પ્રાકટ્ય ૧૭૦૩ વિ.સં.), શ્રીપુરુષોત્તમજી (પ્રાકટ્ય ૧૭૨૪ વિ.સં) શ્રીયોગી ગોપેશ્વરજી(પ્રાકટ્ય ૧૮૩૬ વિ.સં.), શ્રીગિરધરજી (પ્રાકટ્ય૧૮૭૪ વિ.સં.) અને પંડિતો જેવા કે સર્વ શ્રીબાલુભટ્ટજી, બલભદ્રજી, ગોવર્ધનજી, ગટ્ટુલાલજી અને અષ્ટ-છાપ કવિઓ અને કવિ દયારામ થઇ ગયા, જેમણે શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન[૯૩] અંગે મહત્ત્વની રચના-ગ્રંથો વગેરે લખ્યા હતા. આ બધામાં શ્રીપુરુષોત્તમજીએ અનેક ટીકાઓ અને લેખો લખ્યા અને વિરોધીઓનો પરાભવ કર્યો હતો તથા શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગ સુદૃઢ આધારશીલા પર સંસ્થાપિત થયેલો છે એવું સિદ્ધ કરી બતાવ્યું હતું. ઈસ્વીસનના ૧૮ અને ૧૯માં શતકમાં લોકો અને રાજાઓએ ઘણી મોટી સંખ્યામાં પુષ્ટિમાર્ગનો ધર્મ-સંપ્રદાય તરીકે સ્વીકાર કર્યો અને દેશના વિવિધ ભાગો-પ્રાંતોમાં ઘણા બધાં મંદિરો બંધાયાં. મેવાડમાં જ્યારે ઉદયપુર નજીક શ્રીનાથજી બાવાજીના મંદિરનું નિર્માણ થયું ત્યારે સંપ્રદાયના વિકાસને ભારે વેગ પ્રાપ્ત થયો. અને ગુજરાત તથા રાજસ્થાનમાં તેનો વ્યાપક પ્રસાર થયો હતો.

સાંપ્રદાયિક પુષ્ટિમાર્ગીય ગ્રંથના રચયિતાના તારામંડળમાં શ્રીગોકુલનાથજી ગ્રંથોના રચયિતા તરીકે સર્વથા નાના કદના ગણાય એવા પ્રકાશ વેરતા તારલા નહોતા. આપશ્રીની પૂર્વે થઇ ગયેલા પૂર્વજો એટલે કે આપશ્રીના પિતા અને પિતામહ પુષ્ટિમાર્ગની દૃઢતાપૂર્વક સ્થાપના કરી ગયા હતા અને આપશ્રીના પિતાશ્રીએ તો ધાર્મિક જીવનની એક સર્વથાસંપૂર્ણ એવી વ્યાવહારિક પદ્ધતિ નિર્માણ કરી હતી. તે જીવન પદ્ધતિનું અર્થઘટન કરવાની અને અનુયાયીઓનાં મન-બુદ્ધિ પુષ્ટિમાર્ગના હાર્દને સમજીને આત્મસાત્ કરી શકે એવું આયોજન કરવાની જવાબદારી શ્રીગોકુલનાથજીના શિરે આવી પડી હતી. ઘણી વખત બને છે એવું કે તત્ત્વદર્શનના વાદ-વિવાદમાં માર્ગના સિદ્ધાંતનો મૂળ મુદ્દો-હેતુ વીસરાઇ જાય છે. આથી શ્રીગોકુલનાથજીએ પ્રમાણ અને સાધન કરતાં પ્રમેય પર વિશેષ ભારપૂર્વક કહેવું એને જ નિજનું કર્તવ્યકર્મ માન્યું હતું. આપશ્રીએ અનેક વિવરણો, નિબંધો, ગ્રંથો વગેરેની રચના સંસ્કૃત ભાષામાં કરી હતી. પરંતુ ઉપદેશ આપવાનું લોક-ભાષામાં રાખ્યું હતું. હવે પછીના આ મહાનિબંધના પૃષ્ઠોમાં આપણે તેમની કૃતિ-રચનાઓને સમજી મૂલ્યાંકન કરીશું, પરંતુ તેમ કરતાં પહેલાં આપશ્રીના જીવન અને કવનની ચાલો આપણે એક ઝાંખી કરી લઇએ કારણ કે એ જ તો આપણને આપશ્રીની અસીમ બુદ્ધિ-પ્રતિભાને સમજવામાં સહાયક બની રહેશે.

સંદર્ભ નોંધ : ૯૩ આ બાબતમાં ખ્યાતનામ કવિ નાનાલાલે એમનાં ૧૬ લેખોનાં ભાષાંતરની પ્રસ્તાવનામાં પ્રશંસા કરેલ છે.

પ્રકરણ - ૨

શ્રીગોકુલનાથજીનું જીવન અને વ્યક્તિત્વ

(૧) પ્રસ્તાવના

આજ દિનપર્યંત શ્રીગોકુલનાથજીના જીવનચરિત્રનું ઐતિહાસિક અને તટસ્થતાપૂર્વકનું આલેખન થયું નથી અને ન તો તેમના વિશેની ઉપલબ્ધ સામગ્રીનો સંપૂર્ણ ઉપયોગ થયો છે. આપશ્રીના જીવન અને વ્યક્તિત્ત્વ વિશેની ઉપલબ્ધ એવી તમામ સાહિત્ય-સામગ્રીનો સંક્ષેપમાં વિનિયોગ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. શ્રીગોકુલનાથજીના અનુયાયીઓએ આપશ્રીના જીવનચરિત્ર વિશે ઘણું વિસ્તારપૂર્વક લખ્યું છે. આમાં શ્રીકલ્યાણ ભટ્ટનું કલ્લોલ, ગોપાલદાસના પાંચ તરંગ તથા સજ્જન મંડન જેની રચના માધવદાસે કરેલી, તે સર્વ મહત્ત્વનાં છે. તેમના લેખો-રચનાઓ બહુધા અપ્રકાશિત રહ્યા છે. મેં આ રચનાઓનું અધ્યયન કર્યું છે. અને તેમાં આલેખિત થયેલી અતિશયોક્તિને અલગ તારવી કાઢવાનો પ્રયાસ કર્યો છે અને શ્રીગોકુલનાથજીના જીવનચરિત્રનું તટસ્થતાપૂર્વક આલેખન કર્યું છે.

(૨) આપશ્રીનો બાલ્યકાળ અને શિક્ષણ

શ્રીગોકુલનાથજીનું મૂળ નામ વલ્લભ હતું અને આપશ્રીના પિતાશ્રી શ્રીવિઠ્ઠલનાથજી આપશ્રીને એ નામથી જ બોલાવતા. શ્રીવિઠ્ઠલનાથજીએ લખેલા પત્રોમાં પણ આપશ્રીનો શ્રીવલ્લભ તરીકે નામોલ્લેખ થયો છે. આપશ્રીનું આ નામાભિધાન જ્યોતિષની દષ્ટિએ કરાયું હતું અને આપશ્રીની કરેલ રચનાઓ ગ્રંથોમાં શ્રીવલ્લભ નામનો ઉલ્લેખ સ્વને માટે આપશ્રીએ કર્યો છે. પરંતુ સંપ્રદાય અને આપશ્રીના અનુયાયીઓ આપશ્રીને શ્રીગોકુલનાથજીના લોકપ્રિય નામે જ ઓળખે છે. કહેવાય છે કે આપશ્રીના- પ્રાકટ્ય સમયે કૃષ્ણ-દાસ નામક અનુયાયીનાં મુખેથી "પધારો મારા ગોકુલનાથ"[૧] એવા શબ્દો સહજ રીતે સરી પડ્યા હતા અને તેથી આપશ્રી શ્રીગોકુલનાથજીના નામથી ઓળખાવા લાગ્યા. વળી એ પણ સંભવિત છે, કે આપશ્રીને ગોકુલની ગાદી પર પ્રસ્થાપિત કરાતાં અને તે ગાદી અત્યંત પ્રસિદ્ધિ પામી, લોકપ્રિયતા પામી અને વૈભવશાળી આપશ્રીને કારણે થઈ એટલે તેનું નામાભિધાન આપને પ્રાપ્ત થયું હોય.

આપશ્રીના અનુયાયીગણમાં આપશ્રી શ્રીજી અને મહાપ્રભુજી એવા નામે પણ ઓળખાય છે. મહિનાના નક્ષત્ર વગેરેના આધારે જ્યોતિષશાસ્ત્રના ગણનાનુસાર આપશ્રીનું માસ-નામ કૃષ્ણ અને નક્ષત્રનું નામ દામોદર હતું.

આપશ્રીનું પ્રાકટ્ય અલ્હાબાદ નજીક અડેલ ખાતે વિક્રમ સંવત ૧૬૦૮ ના(૧૫૫૧ ઈસ્વીસન) માગશર મહિનાના શુક્લપક્ષમાં થયું હતું. શ્રીવિઠ્ઠલનાથજીના સાત બાળકોમાં આપશ્રી ચતુર્થ બાળક હતા. આપશ્રીના પ્રાકટ્ય સમયે, કહે છે કે, સંપ્રદાયના અનુયાયીગણમાં અલૌકિક અને અગમ્ય આનંદ વ્યાપી ગયો હતો, શુભ સંકેતો થતા જણાયા હતા અને તેથી આપશ્રીના પ્રાકટ્યનો ઉત્સવ અભૂતપૂર્વ ઉત્સાહથી મનાવવામાં આવ્યો હતો. આ ઉત્સવનું અતિશયોક્તિપૂર્ણ નિરૂપણ, પ્રાકટ્ય-સિદ્ધાંત[૨] નામક રચનામાં ગોપાલદાસ વ્યારાવાળા દ્વારા કરાયું છે. શ્રીવિઠ્ઠલનાથજીએ પણ આપશ્રીના પ્રાકટ્ય પ્રસંગે બ્રાહ્મણો અને અન્ય લોકોને દાન-દક્ષિણા આપીને અલૌકિક આનંદ અનુભવ્યો હતો અને આપશ્રીનો પ્રાકટ્ય ઉત્સવ તદનુસાર ઉજવ્યો હતો.

સંદર્ભ નોંધ : ૧ સરખાવો - તદા બ્રદીન્મોદયુતાડય દાસી કૃષ્ણસ્ય વૈ ગોકુલનાથ એવ। જાતસ્તદાડભૂદ્વિ તદૈવ નામા.....!
માધવદાસ કૃત સજ્જન મંડન-૬ નો-૧૨,૧૩

સંદર્ભ નોંધ : ૨ સરખાવો - શ્રી એમ.એલ. ગાંધી કૃત શ્રીગોકુલનાથજીનું જીવન પૃ ૮૦

શ્રી ગુસાંઇજી ઔર દામોદરદાસજી કા સંવાદ (બંધ, ૯૨/૪ સરસ્વતી ભંડાર, કાંકરોલી) મધ્યેની હસ્તપ્રતમાં[૩] નીચે દર્શાવ્યા મુજબની જાણકારી પ્રાપ્ત છે.

"ઇતની બાત કહી શ્રીદામોદરદાસજીને અરુ શ્રીગુસાંઇજી કે ચરણારવિંદ પર ઠેરે તબ શ્રી હસ્તસૌ પકરિ કે ઉઠાએ અરુ કરી જૂ તુમ પાવનમતિ પરો તુમ્હારા પ્રાકટ્ય કો યહ પ્રાકટ્ય શ્રી કૃષ્ણ જૂ કહયો હૈ ઔર શ્રી આચાર્ય જૂ તુમ્હારે હૃદયમેં વિરાજમાન તાતેં તુમ બડન કે સેવક હો અરૂ બડે હો તાતે યહ જાનિકે હમ સંકોચ પાવત હૈ તબ કહો જૂ સંકોચકાહે કો નિજધામ મેં તો હમારો પ્રાકટ્ય તુમ્હારે મુખારવિંદ તેં હૈ। અરૂ યહાં ભૂતલ પર ફેરી જન્મ હોઇગો સો તો તુમહી તે તુમ્હારે ઘર હમ બેટા હોઇંગે। તાતેં દોઉ પ્રકાર હમારો પ્રાકટ્ય તુમહી તેહી તાતેં હમકો પાવન પર્યો ઉચિત હી હૈ। તાતેં શ્રી ગિરિધર ગોવિંદજૂ પ્રકટ હૈ। અરુ બાલકૃષ્ણજી જબ પ્રકટેંગે, પાછે હમ તુમ્હારે પ્રકટેંગે। તાતેં પિતા કો ડંડીત કરની ઉચિત હૈ।"

આ દર્શાવે છે કે દામોદરદાસજી કે જેમનું મૃત્યુ વિક્રમ સંવત ૧૬૦૭માં થયું હતું તેમનો શ્રીગોકુલનાથજી તરીકે પુનર્જન્મ થયો હતો. પરંતુ આ તો શ્રીવિઠ્ઠલનાથજી સ્વયં શ્રીગોકુલનાથજી થઇ પુનઃ પ્રકટ્યા હતા એવી સંપ્રદાયના અનુયાયીઓની સર્વવિદિત માન્યતાથી વિરુદ્ધની વાત હતી. શ્રીગોકુલનાથજીની જન્મકુંડળી[૪] સોમ જોષીએ બનાવી હતી તેમણે એવું કથન કર્યું હતું કે આ બાળક ભારે કીર્તિવંત, વૈભવી અને ધર્મનો મહાન પ્રવર્તક અને સંરક્ષક બનશે.

અત્રે આપશ્રીના બાલ્યકાળનો એક પ્રસંગ કહેવો ઉચિત થશે. વિક્રમ સંવત ૧૬૦૯ના જેઠ મહિનાના શુકલપક્ષની નવમીના દિવસે, શ્રીગોકુલનાથજીનો અન્નપ્રાશન એટલે પ્રથમવાર ભોજન કરાવવાનો શુભપ્રસંગ યોજાયો હતો. અન્નપ્રાશન કરાવ્યા પછી શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગોકુલનાથજીની સમક્ષ આપશ્રીના મનોભાવને જાણવાના આશયથી કેટલીક વસ્તુઓ મૂકી હતી. તે વખતે, શ્રીગોકુલનાથજીએ એક સ્ત્રીનો પાલવ પકડયો, હાથમાં ભાગવત અને તુલસીની માલા લીધાં અને નિજ-મંદિરની દિશામાં પ્રસ્થાન કર્યું હતું. આનો અર્થ-સંકેત એવો કરાયો કે ભાગવતધર્મ કે જેમાં સ્ત્રીના જેવી સમર્પણ અને મનોભાવનાને સર્વોચ્ચ સ્થાને ગણવામાં આવે છે. તેના શ્રીગોકુલનાથજી ભવિષ્યમાં મહાન પ્રવર્તક અને ઉદ્ધારક બની રહેશે. ત્યારબાદ, બીજા કેટલાક સંસ્કારો જેવા કે કર્ણ-વેધ ચુડાકર્મ વગેરે આપશ્રીના વિધિપૂર્વક કરાયાં હતાં. આપશ્રીનું બાળસ્વરૂપ અત્યંત સુંદર હતું[૫] અને સમસ્ત સંબંધી અને સેવકગણને આકર્ષિત કરનારું હતું.

આપશ્રીને ગાયો અને વાછડાઓ સાથે રમવું ગમતું અને તેમના માટેનો આપશ્રીનો પ્રેમ અનન્ય હતો. જહાંગીરની વિનંતિથી પાછલા જીવન-કાળમાં આપશ્રીએ ગોકુળ છોડ્યું ત્યારે આપશ્રી પોતાની સાથે બધી જ ગાયોને પણ લઇ ગયા હતા."[૬]

સંદર્ભ નોંધ : ૩ જુઓ - કાંકરોલી હસ્તપ્રત(હિંદી) ૯૨/૪/૧ પૃ.૨૩-૨૪

સંદર્ભ નોંધ : ૪ **જુઓ** - પરિશિષ્ટ-૧

સંદર્ભ નોંધ : ૫ આપશ્રીના બાળપણની અત્યંત રસપ્રદ માહિતીનું નિરૂપણ ગોપાલદાસ દ્વારા રચિત પ્રાકટ્ય સિદ્ધાંતમાં થયું છે. દા.ત. આપશ્રી કેવી રીતે ચાલતા શીખ્યા અને દામોદરદાસીને બોડાદાસી બોલતા શીખ્યા ત્યારે કહેતા અને આપશ્રીના માતા-પિતા અને અનુયાયીઓ તે જોઈ સાંભળીને કેવાં રાજી થતાં હતાં.

સંદર્ભ નોંધ : ૬ જુઓ - ગાય અપને બહોત હૈ સો સબ સંગ આવે કહાઁ,
તાતે સંગ કછુ એક લીજીએ
ત્યારે ગોકુલપાલ બોલિયા જો ગાય કો છોડે આંહાં
તો સંગ લે જાઇએ કહા, ગાય તો જાંહાઁ હમ તાંહાં।
(શ્રી એમ.એલ.ગાંધીએ ગોપાલદાસ રચિત માલોદ્ધાર પૃ ૨૭૫ માંથી શ્રીગોકુલનાથજીના જીવન વિશેનું ઉદ્ધરણ)

આપશ્રીનું વય સાત વર્ષનું થયું, ત્યારે વિક્રમ સંવત ૧૬૧૫ના ચૈત્ર માસના શુકલપક્ષના છઠ્ઠા દિવસે આપશ્રીનો યજ્ઞોપવિત ધારણ સંસ્કાર કરવામાં આવ્યો હતો. આપશ્રી શ્રીવિઠ્ઠલનાથજીને અત્યંત પ્રિય હતા, તેથી આ શુભપ્રસંગ ભારે ધામધૂમપૂર્વક અને ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.

પાંચ વર્ષની વયે આપશ્રીએ વિદ્યારંભ કર્યો. આપશ્રીને બાલ-રામાયણ, અમરકોષ અને વિવિધ સંસ્કૃત-કાવ્યોનો અભ્યાસ કરાવવામાં આવ્યો, જે ભારે સરળતાથી સંપન્ન કર્યો હતો. ઉપનયન સંસ્કાર પછી જ આપશ્રીનો વિદ્યારંભનો ધાર્મિક વિધિ કરવામાં આવ્યો હતો. આપશ્રીને વિદ્યાપ્રાપ્તિ અર્થે કર્ણાટકમાં શ્રીનારાયણને[૬-અ] ત્યાં મોકલવામાં આવ્યા હતા. તેમની પાસે વિવિધ દર્શનો અને શાસ્ત્રો, સાહિત્ય કૃતિઓ અને ભાગવત ઇત્યાદિનું આપશ્રીએ અધ્યયન કર્યું. આપશ્રીની વિદ્યા ધારણ કરવાની શક્તિ અપ્રતિમ હતી અને તેથી ગુરુના આશ્રમેથી પ્રાપ્ત કરેલ જ્ઞાનનું શબ્દશઃ પઠન કરી બતાવીને માતા-પિતા અને અન્યજનોને પ્રસન્ન કરતા. વળી સહાધ્યાયીઓની ભૂલો તેમને દર્શાવતા અને તેમને સાચા પાઠ આપશ્રી ભણાવતા. પવિત્ર ધર્મગ્રંથો અને સાહિત્યકૃતિઓનું જ અધ્યયન એવો માનસિક વ્યાયામ કરવામાં આપશ્રીને સીમિત રસ નહોતો, પરંતુ શારીરિક વ્યાયામ કરવામાં પણ રસ ધરાવતા હતા તેથી આપશ્રી વ્યાયામશાળામાં જતા અને ત્યાં જઇ ઘણી બધી રમતોનું અને શારીરિક વ્યાયામ-કસરતોનું આપશ્રીએ જ્ઞાન મેળવ્યું હતું. આપશ્રીને ઘોડેસ્વારીનો ભારે શોખ હતો અને તેથી આપશ્રીને અશ્વની પીઠ પર પ્રવાસ કરવાનું સદા ગમતું અને નહિ કે બળદ-ગાડામાં કે હાથીની અંબાડીમાં બેસવાનું. આપશ્રી જ્યારે મિત્રો સાથે વિવિધ રમતો રમતા ત્યારે રાજવીની અદાથી રમતા.

ઇસ્વીસન ૧૫૬૧(વિક્રમ સંવત ૧૬૧૭)માં અડેલ ગામની અકબરની લશ્કરી પ્રવૃત્તિને લીધે ભારે તારાજી થઈ અને તેથી શ્રીવિઠ્ઠલનાથજીએ (બુંદેલખંડનું ઐતિહાસિક સ્થળ જે અસ્તિત્વ આજે જાણી શકાતું નથી) એવા ગઢ નામના સ્થળે જવાનો નિર્ણય લીધો. તે સ્થળે રાણી દુર્ગાવતી રાજ્ય કરતી હતી અને તેણે શ્રીવિઠ્ઠલનાથજી શાહી સ્વાગત કર્યું. શ્રીવિઠ્ઠલનાથજીએ ત્યાં ત્રણ વર્ષ નિવાસ કર્યો અને ત્યાંથી ગોકુલ અને મથુરા જવા વિ.સં ૧૬૨૧માં પ્રસ્થાન કર્યું જ્યારે અકબરે ગઢ પર ચઢાઇ કરી હતી.

આ યાત્રા-પ્રવાસે એક વખત એવું બન્યું કે ભારે ગરમીને કારણે બધાને પાણીની તરસ લાગી. તેમના એક સેવક પાસે પાણીનો ભરેલો કુંજો હતો. આપશ્રીને ભારે તૃષા લાગી હોવા છતાં શ્રીગોકુલનાથજીએ દૂષિત થયેલું લેવું અધાર્મિક ગણાતું તેથી તે પીધું નહીં. શ્રીવિઠ્ઠલનાથજી આણેલું પાણી આપશ્રીએ ગ્રહણ કર્યું. આ રીતે, પૂર્વે થઇ ગયેલા મહાનુભાવોના ધર્માદેશો અને સંપ્રદાયના વ્રત-નિયમોનું ચુસ્તપણે આપશ્રી પાલન કરતા હતા.

આપશ્રી વૈષ્ણવો અને સેવકો સાથે વિક્રમ સંવત ૧૬૨૨માં(ભાદ્રપદ કૃષ્ણપક્ષના બીજા દિવસે) ગોકુલ પધાર્યા અને મહાવનના લોકોએ ભારે સ્વાગત કર્યું હતું. અહીં શ્રીવિઠ્ઠલનાથજીએ ભગવાનની પૂજા-અર્ચના માટે જરૂરી એવાં મંદિરો, ગૃહો અને ગૌશાળાનાં બાંધકામ કરાવ્યાં. જન્માષ્ટમીના ઉત્સવ દરમિયાન, વૈષ્ણવો અને મહાવનના કેટલાક વાસીઓ વચ્ચે ઝઘડો થયો. આથી શ્રીવિઠ્ઠલનાથજીને થયું કે પોતે અહીં શાંતિપૂર્વક અને આનંદથી ભગવાનની સેવા કરી શકશે નહિ અને તેથી આપશ્રીએ વિ.સં. ૧૬૨૩ના કારતક મહિનાના શુકલપક્ષમાં દસમાં દિને ગોકુલ ત્યજીને મથુરા ભણી પ્રસ્થાન કર્યું.

સંદર્ભ નોંધ : ૬-(અ) જુઓ- નારાયણમુપાધ્યાયં કર્ણાટવિષયોદ્રવં કલ્લોલ ૨-૩૦-૧



લલ્લુભાઈ સી. દેસાઈના સૌજન્યથી

મથુરામાં શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગોકુલનાથજીને શાસ્ત્રોના અધ્યયન સારુ મહાન પંડિત શિવદત્ત ભટ્ટની નિશ્રામાં પાઠવ્યા હતા. (માધવદાસના જણાવ્યા મુજબ તે પંડિતનું નામ સંદત્ત હતું.)[૭]

શ્રીગોકુલનાથજીએ શાસ્ત્રોના અધ્યયનમાં બહુ ઝાઝું ધ્યાન આપ્યું નહિ, પરંતુ શ્રીમદ્ ભાગવતના અધ્યયનમાં નિત્ય મગ્ન રહેતા હતા. જ્યારે બીજા વિદ્યાર્થીઓએ ગુરુ સમક્ષ જઇને ફરિયાદ કરી કે શ્રીવલ્લભ પાઠોનું અધ્યયન સારી રીતે કરતા નથી, ત્યારે ગુરુએ આપશ્રીને કેટલાક પ્રશ્નો પૂછયા-જેના ઉત્તર આપશ્રીએ આપ્યા હતા. તે તદ્દન ખરા હતા. વધુ પૃચ્છા કરતાં ગુરુના ધ્યાને આવ્યું કે શ્રીગોકુલનાથજી બહુધા ભાગવતના અધ્યયનમાં નિમગ્ન રહેતા હતા. શ્રીગોકુલનાથજીની બુદ્ધિ-સ્મરણશક્તિ અત્યંત સૂક્ષ્મ હતી અને ભક્તિમાર્ગના સાહિત્યના અધ્યયનમાં આપશ્રીને ભારે રસ હતો, એ વિશે ગુરુજીને પ્રતીતિ થઇ ગઇ હતી.

(૩) લગ્ન અને કૌટુંબિક જીવન-પ્રસંગો

સોળ વર્ષની વયે, શ્રીગોકુલનાથજીનું[૮] આઠ વર્ષની વયના પાર્વતી સાથે લગ્ન થયું હતું. જેના પિતાશ્રીનું નામ હતું વેણુ ભટ્ટ. લગ્નનો દિવસ હતો અષાઢ વદ બીજને ગુરુવાર તથા વર્ષ હતું વિક્રમ સંવત ૧૬૨૪. આપશ્રીના મામા અને અન્ય સંબંધીઓએ આપશ્રીને બીજું લગ્ન કરવા ભારે દબાણ કર્યું હતું, કારણ કે પાર્વતીજીને શરૂઆતના વર્ષોમાં ગર્ભ રહ્યો નહોતો. પરંતુ શ્રીગોકુલનાથજીએ તેમ કર્યું નહિ અને બીજા લગ્ન કરવા બાબત મચક આપી નહોતી.

વિક્રમ સંવત ૧૬૨૯માં મહાવનના[૯] રહેવાસીઓએ વિનંતિ કરવાથી શ્રીવિઠ્ઠલનાથજીએ ત્યાં સ્થાયી થઇ રહેવાનો નિર્ણય કર્યો અને ભગવાનની સેવા કરવા માટે નિવાસ-સ્થાન અને નિજ-મંદિરો બંધાવ્યાં.

કહે છે કે શ્રીવિઠ્ઠલનાથજીને પોતાના ભૌતિક જીવનના અંતનો અગાઉથી અંદેશો આવી ગયો હતો અને તેથી ઘનશ્યામજી (જે હજુ બાળક હતા) તેની સોંપણી શ્રીગોકુલનાથજીને કરી હતી અને એકાંતમાં આપશ્રીને એટલે કે શ્રીગોકુલનાથજીને ભગવાન શ્રીનાથજીની સેવા પોતાની સર્વોત્તમશક્તિ અનુસાર કરવા અને શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાંતોનું અનુપાલન કરવા સૂચના આપી હતી. ત્યારબાદ, શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગોકુલનાથજીને નિજ-માલા અને લખેલા ગ્રંથો આપ્યા હતા. શ્રીવિઠ્ઠલનાથજી વિક્રમ સંવત ૧૬૪૨ના માઘ માસની સાતમના દિને નિત્યલીલાસ્થ થયા હતા. કહે છે કે શ્રીવિઠ્ઠલનાથજીએ નિત્યલીલામાં પધાર્યા તે પહેલાં લખેલા બે પત્રો પોતાની ગાદી હેઠળ મૂકી રાખ્યા હતા. તે પૈકી એક પત્રમાં બધાને શ્રીગોકુલનાથજીની આજ્ઞામાં રહેવાની અને બીજા પત્રમાં આપની અંત્યેષ્ટિ કેવી

સંદર્ભ નોંધ : ૭ જુઓ- સજ્જન-મંડન-પ્રકરણ-૬

સંદર્ભ નોંધ : ૮ ૨૫૨ વાર્તામાં કિશોરીબાઇની વાર્તા (વાર્તા ક્રમાંક ૨૦૯) જેમાં શ્રીગોકુલનાથજીના બીજા જન્મમાં કિશોરીબાઇ તેમના પત્ની થશે એવું કથન છે. વળી શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી છે કે કિશોરીબાઇ ફરી જ્યારે ભૂતલ પર જન્મશે ત્યારે શ્રીગોકુલનાથજીનાં પત્ની થશે. જે ગોપનીય વાર્તા છે. (૨૫૨ વાર્તા ભાગ ૩ જો પૃ. ૧૫૩ (દ્વારકાદાસ પરીખ સંપાદિત)

સંદર્ભ નોંધ : ૯ ગુજરાતી પંચાગ પ્રમાણે મહિનો જેઠ છે. ગોપાલદાસે ભારે વિગતે આ લગ્નોત્સવનું નિરૂપણ કર્યું છે. જેમાં વધૂને પુષ્કળ કપડાં અને આભૂષણો તે પ્રસંગે આપ્યાંનો ઉલ્લેખ છે જે તે દિવસોમાં પ્રવર્તમાન રીત-રિવાજો અને વૈભવને દર્શાવે છે.

રીતે કરવી તેની સૂચના આપી હતી.[૧૦]

વિદ્વતા અને બુદ્ધિમતા, ધર્મભાવના અને આપની સૌષ્ઠવભરી દેહાકૃતિથી પણ, ઘણાબધા લોકો આકર્ષાતાં. આપશ્રીના સૌથી વડીલ બંધુ શ્રીગીરધરજી આથી આપની અદેખાઇ કરતા. શ્રીગોકુલનાથજી ઉદાર હૃદય હતા અને બધાંને છૂટે હાથે દાન આપતા. શ્રીગિરધરજીને આ બધું ગમતું નહોતું અને તેઓ એવું માનતા હતા કે પોતે અને પોતાનું કુટુંબ શ્રીગોકુલનાથજીને કારણે બરબાદ થઇ જશે. આથી તેમણે બીજા ભાઇઓને ચઢાવ્યા અને સંપત્તિની વહેંચણી આપસઆપસમાં કરી લેવા સમજાવ્યા. શ્રીગોકુલનાથજીએ કહ્યું કે સંયુક્ત કુટુંબ બનીને રહેવું એ કુટુંબના હિતમાં હતું અને જો વિભાજન થાય તો કુટુંબની તાકાત નષ્ટ થશે. આથી પુનઃ શ્રીગોકુલનાથજીએ મોટાભાઇને કહ્યું હતું કે કુટુંબના વ્યવહારો બાબત તેમણે કોઇ જ ચિંતા કરવી નહિ અને મોટા સંયુક્ત કુટુંબની સઘળી જવાબદારીનો ભાર પોતે (શ્રીગોકુલનાથજી સ્વયં) વહન કરશે. પરંતુ શ્રીગિરધરજીને આ વિચાર જચ્યો નહિ અને તેમણે અલગ થવાનો આગ્રહ ચાલુ રાખ્યો, તેથી શ્રીગોકુલનાથજીને અંતે નાછૂટકે સંમત થવું પડ્યું હતું. આમ શ્રીગોકુલનાથજી શ્રીગિરધરજીથી નહોતું ગમતું છતાં છૂટા થયા અને સૌથી નાનાભાઇ ઘનશ્યામજી અને ગોવિંદરાયજીના પુત્ર કલ્યાણરાયજી જે આપશ્રીના ભત્રીજા થતા હતા તેમની આપશ્રીએ સંભાળ લેવાનું શરૂ કર્યું. વિભાજનમાં આપશ્રીને ભાગે ભાગ્યેજ કોઇ સંપત્તિ આવી[૧૧] હતી, પરંતુ આપે તે અંગે કોઇ ઝઘડો કરવાનું આવશ્યક ગણ્યું નહિ, બલકે તે પરિસ્થિતિને ભગવદિચ્છા કહી આપે સ્વીકારી લીધી શ્રીવિઠ્ઠલનાથજીના કેટલાક અનુયાયીઓ શ્રીગોકુલનાથજીને ત્યાં પ્રથમ ત્રણ પુત્રીઓ થઇ હતી અને ત્યારબાદ ત્રણ પુત્રો થયા હતા જેમનાં નામ હતાં - ગોપાલજી, વિઠ્ઠલરાયજી અને વ્રજરત્નજી. પ્રથમ અને ત્રીજા પુત્રને ત્યાં કોઇ વંશવેલો થયો નહોતો જ્યારે બીજા પુત્રને ત્યાં ચાર પુત્રો થયા

સંદર્ભ નોંધ : ૧૦ આવો જ એક પ્રસંગ માધવદાસે તેમના સજ્જન મંડન-પ્રકરણ-૧૭માં લખ્યો છે:-

શ્રીગોવર્ધનનાથસ્ય સંન્નિધૌ વિઠ્ઠલેશ્વરઃ।
સ્વતેજઃ સ્થાપયામાસ વલ્લભે પશ્યતાં સતામ્ । ॥૪॥
સ્વકરે દર્પણં ધૃત્વા પશ્યત્તત્ર સુચક્ષુષા।
ગોકુલેશં નગેશં ચ વિઠ્ઠલો વ્રજભૂષણમ્। ॥૫॥
પશ્યતાં સર્વપૂત્રાણાં સતાં ચ વિઠ્ઠલેશ્વરઃ।
ઉત્સંગે વલ્લભં ધૃત્વા તત્ર વાચમુદાત્ર હિ। ॥૬॥
હે સંતો હેડર્ભેકા યુયં શ્રુણુપ્યં મે હિતં વચઃ।
સર્વ કાર્યાર્થ સિદ્ધયાર્થ મનોવાક્કર્મભિઃ મુદા। ॥૭॥
અહં શ્રીવલ્લભેડયાસ્મિન્નિવાસભિ સદા મુદા।
આચાર્યેણ સહૈવાશ્વ સર્વમંગલડકારિણા। ॥૮॥
યથા માં હિ તથાપ્યેનં જાનન્તુ મમસેવકઃ।
અર્ભકા અપિ સર્વેશં મદાત્યજમસુપ્રિયં। ॥૯॥

વળી જુઓ-તત્ત્વાર્થ દોહન અનુગ્રહ ગ્રંથ ભાગ ૧૦ પૃ ૩૪૫

સંદર્ભ નોંધ : ૧૧ આ પ્રસંગનો અહેવાલ શ્રી ગિરિધરજી મહારાજ કે ૧૨૦ વચનામૃતના ૧૧૭માં જોવા મળે છે.

સરખાવો - મેરે ધનુ કો દુઃખ દિયો હોયેગો તાકો વંશ
નિર્વશ જૈયૌ...પૃ-૨૯૪

હતા. ગોપાલજીની વંશવૃદ્ધિ થઇ નહિ તે બાબતમાં કહે છે કે તેમના પિતા (શ્રીગોકુલનાથજી)એ તેમને શ્રાપ આપ્યો હતો. એક વખત બન્યું એવું કે ઘનશ્યામજીએ પોતાના સેવ્યસ્વરૂપની કોઇએ ચોરી કરતાં સેવ્યસ્વરૂપ પોતાને પ્રાછું મળે નહિ ત્યાં સુધી અન્નગ્રહણ પોતે કરશે નહિં. એવી પ્રતિજ્ઞા લીધી હતી. શ્રીગોકુલનાથજીને ઘનશ્યામજી પર ખૂબ પ્રેમ હતો અને તેથી ઘનશ્યામજીની મનોવ્યથાને શ્રીગોકુલનાથજી જોઇ શક્યા નહિ અને આપશ્રીએ શ્રાપ આપ્યો કે ચોરી કરનારને ત્યાં વંશવૃદ્ધિ થશે નહીં. ત્યારે શ્રીગોપાલજી સમેત કેટલાક બાળકોએ રમતમાં જ ગોપાલજીના સેવ્યસ્વરૂપની ચોરી કરી હતી. આથી કેટલાક સેવકો અને વૈષ્ણવોએ શ્રીગોકુલનાથજીને ભારે શ્રાપ પાછો ખેંચી લેવા આગ્રહભરી વિનંતિ કરી, પણ આપશ્રીએ તે ન તો પાછો ખેંચ્યો અને ન તો તેમાં કોઇ ફેરફાર કરીને તેમાં ઘટાડો કર્યો. આ કિંવદંતિમાં તથ્ય ગમે તે હોય પણ એક વાત તેના પરથી નિશ્ચિતપણે ફલિત થતી હતી કે શ્રીગોકુલનાથજી નિજના લઘુબંધુને ભારે પ્રેમ કરતા હતા અને તે સર્વથા અન્નત્યાગ કરે તેને પોતે જોઇ-સહી શકે તેમ નહોતું.

વૈષ્ણવસંપ્રદાયના અનુયાયીઓમા શ્રીગોકુલનાથજી અત્યંત લોકપ્રિય હતા. શ્રીગોકુલનાથજી પાસે કેટલાક વૈષ્ણવો આવ્યા ત્યારે આપશ્રીએ તેમને આજ્ઞા કરી કે જાઓ અને શ્રીગિરધરજીની સેવા કરો, પરંતુ તેમને શ્રીગિરધરજી પાસે જવાનું ગમતું નહોતું. આવા વૈષ્ણવોને શ્રીગોકુલનાથજીએ આપના આશ્રયે લીધા. ભગવત્ સેવાર્થે. ઘણાં વૈષ્ણવોએ ભેટ લાવીને આપશ્રીને સમર્પણ કરી. એક વૈષ્ણવ નામે દેવદેવડાએ તો શ્રીગોકુલનાથજીને પોતાનું ઘર ભેટ તરીકે અર્પણ કર્યું કે જેથી આપશ્રી ભગવત્ સેવા હંમેશની રીતિથી કરી શકે. આમ છતાં, આપશ્રીને વડીલબંધુ પ્રત્યે ભારે આદર અને પ્રેમ હતો. આપશ્રી વડીલબંધુની આજ્ઞા કોઇપણ કાર્ય કરતાં પહેલાં અવશ્ય લેતા. આનો નિર્દેશ શ્રી ચત્રભુજદાસની[૧૧(અ)] કથામાં રાસ-પ્રસંગ વખતે જોવા મળે છે. કુટુંબ વિભાજન પછી પણ આપનો વડીલબંધુ પ્રત્યેનો પ્રેમ યથાવત્ રહ્યો હતો અને તેમાં કોઇ ઘટાડો થયો નહોતો. આપશ્રી વડીલબંધુને સાથે લઇને ચિદ્રૂપને મળવા ગયા હતા, તે એટલા માટે કે વડીલબંધુ શ્રીગિરધરજીનું માન જળવાઇ રહે.

(૪) શ્રીગોકુલનાથજી ગુજરાતમાં પધાર્યા

આપશ્રીને અમદાવાદના હરિવંશભાઇએ ગુજરાતમાં પધારવા અને ગોકુળથી અત્યંત દૂરના સ્થળે રહેતા તથા વિયોગ અનુભવતા એવા અનેક ભક્તોને દર્શન[૧૧(બ)] આપવાની કૃપા કરવા આપશ્રીને વિનંતિ કરતો[૧૨] પત્ર લખ્યો. પવા ત્રવાડી અને આપશ્રીના અન્ય અંતેવાસીઓએ પણ તે પ્રકારની ગુજરાત પધારવા આગ્રહપૂર્વક વિનંતિ કરી. આથી, તે દિવસોમાં ખરેખર મુશ્કેલીભરી ગણાય તેવી ગુજરાત યાત્રાની આપશ્રીએ સંમતિ દર્શાવી અને આજ્ઞા કરી કે યાત્રાની સર્વ તૈયારી કંપાભાઇએ કરવી. ત્યારબાદ મોટાંબહેન શુભજી અને અન્ય સૌની શુભાશિષ મેળવીને,

---

સંદર્ભ નોંધ : ૧૧(અ)સરખાવો-કલ્યાણભટ્ટના કલ્લોલ ૩નો તરંગ ૬૧
પરિધીન વસ્ત્રશેષ: પ્રથક વગેરે

સંદર્ભ નોંધ : ૧૧(બ) - ૨૫૨ વાર્તા-ભાગ ૩ જો પૃ. ૩૪૫(ડી-પરીખ સંપાદિત આવૃત્તિ)

સંદર્ભ નોંધ : ૧૨ સરખાવો - "રાજનગર હરિવંશજી લખી વિનતિ જેહ, કીપાનાથ કરુણા કરો, આવિ મિટે દાહ" ગોપાલદાસ- ગુજરાત ગમન અનુગ્રહ ભાગ ૪થો પૃ. ૩૮૨ વળી જુઓ ૨૫૨ વાર્તા ભા. ૧ પૃ.૧૯ (દ્વારકાદાસ પરીખની આવૃત્તિ) પણ જુઓ. સો શ્રીગોકુલનાથજીને પ્રથમ હિ સંકલ્પ કર્યો હતો જો મેરે દ્રવ્ય નિમિત્ત પરદેશ ન જાનો । યરિ દ્વારકાજિ કો માહાત્મ્ય વિચાર્યો । ઔર ચાચા હરિવંજો ને લિખ્યો । તાસો આપશ્રી ગોકુલનાથજી શ્રી દ્વારકાજી પધારે । સૌ પ્રથમ રાજનગર પધારે ।

આપશ્રીએ જ્યોતિશાસ્ત્ર અનુસાર નક્કી થયેલ શુભદિને એટલે કે વિક્રમ સંવત ૧૬૪૯[૧૩]ના ચૈત્રમાસના શુક્લપક્ષની નવમીના દિવસે ગુજરાત યાત્રાર્થે પ્રસ્થાન કર્યું. આપશ્રીએ ગોકુળ છોડતાં પહેલાં, નિજ-સેવકો અને અનુયાયી વૈષ્ણવો અને સગાં-સ્નેહીઓને ભગવત્ સેવા કેવી રીતે ઉત્તમપણે થઇ શકે તેની રીતિ કહી બતાવી અને તદનુસાર ભગવત્ સેવા કરવા આજ્ઞા કરી. વળી, શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીના સર્વ ભક્તોની સાર-સંભાળ રાખવા તથા પોતાની અને શ્રીવિઠ્ઠલનાથજીની અનુપસ્થિતિમાં કોઇપણ વૈષ્ણવ-ભક્તને કોઇપણ પ્રકારની અસુવિધા ન થાય તે જોવાની કંપાભાઇ કે જેમને બધો કાર્યભાર સોંપ્યો હતો તેને સૂચના આપી. આપશ્રી પોતે પણ ગોકુલનિવાસ દરમિયાન કોઇપણ વૈષ્ણવને અસુવિધા કે અસંતોષની લાગણી ન થાય તે પરત્વે સદા ધ્યાન આપતા હતા. વળી, વૈષ્ણવોની જે કંઇ સેવા કરતા તેને અહોભાગ્ય ગણતા અને આપશ્રી તેમાં ગૌરવ અનુભવતા.

આપશ્રી અશ્વો, રથો અને બેલગાડાં રાખતા અને અન્ય સેવકો રાખતા જેમાં ધોબીનો સમાવેશ થતો હતો. આપશ્રી કંઇ કેટલાંય સ્થળોમાં પધાર્યા[૧૪] હતા, જેમાં નાનાં મોટાં સ્થળો, ગામડાં, નગરો અને શહેરોનો સમાવેશ થયો હતો. વળી આપશ્રીએ કંઇ કેટલાય સ્ત્રી-પુરુષોને તેમનાં નાત-જાત અને સામાજિક દરજ્જો એટલે કે તેઓ ઉચ્ચવર્ણના છે કે નીચવર્ણના છે, તેને ધ્યાને લીધા સિવાય પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કર્યા હતાં. આપશ્રી નાનાં ગામો જેમ કે દધાલિયા અને સાતરડા (જે હાલ સાબરકાંઠા જિલ્લામાં છે) તથા ઉદેપુર અને અસારવા (જે હાલ અમદાવાદના ભાગરૂપ છે) તેવાં શહેરોમાં પણ પધાર્યા હતા અને વિજાપુરના રાજા વિક્રમદેવની સોળ રાણીઓને તેમજ મોડાસાના, રાજવી પુંજા રાવલ કે જેણે આપશ્રીને આતિસારઠુ[૧૫] નામક ગામ સમર્પણ કર્યું હતું તે સર્વને પુષ્ટિમાર્ગમાં શરણે લીધાં હતાં. વળી, આપશ્રીએ રંગરાય, માધવદાસ અને વૃંદાવન (અસારવા) નામના નીચજ્ઞાતિના વૈષ્ણવોને માર્ગમાં પ્રવેશ કરાવ્યો હતો અને શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્ય પાનોદના હરપાલ ભીલને ત્યાં પધાર્યા હતા. ગુજરાતના યાત્રા-પ્રવાસ દરમિયાન આપશ્રીએ વિવિધસ્થળોએ અને અન્ય સ્થળોએ પણ આપશ્રી સદાય એવો ઉપદેશ આપતા અને ઘોષણા કરી કહેતા કે પુષ્ટિમાર્ગમાં ઉચ્ચ અને નીચ એવા ભક્તો પરત્વે કોઇ જ ભેદભાવને સ્થાન નથી અને ભગવાન શ્રીકૃષ્ણ ભક્તની વિશુદ્ધ ભક્તિને જ સ્વીકારે છે અને નહિ કે ભક્તના ધન-વૈભવથી આકર્ષાય છે. કેટલાંક સ્થળોએ પ્રમાણમાં દીર્ઘકાળ આપશ્રીએ નિવાસ કર્યો હતો અને ભગવાનની સેવા-રીતિ સંપૂર્ણ વિગતો ભક્તોને સમજાવી હતી.

અસારવાથી શ્રીગોકુલનાથજી દ્વારિકા કે જે પશ્ચિમ ભારતના પવિત્ર ધામો પૈકીનું એક ધામ છે ત્યાં પધાર્યા હતા. આપશ્રી એક નાના સ્થળે નામક ધાંગદરા (હાલ જેનું નામ ધ્રાંગધ્રા છે) ત્યાં રોકાયા હતા. આપશ્રીના ભક્તોએ તળાવોમાં પાણી અંગે શોધાશોધ કરી હતી, પરંતુ કયાંય પાણીની ભાળ તેમને મળી નહીં. કહેવાય છે કે ત્યારે શ્રીગોકુલનાથજીએ તેમને એટલે કે ભક્તોને કહ્યું કે તેમને જે સ્થળે પાણી મળ્યું નહોતું, તેની નજીકમાં જ તેમને પાણી

સંદર્ભ નોંધ : ૧૩ શ્રીગોકુલનાથજી ગુજરાતમાં પધાર્યા તેનો વિગતે અહેવાલ-વર્ણન રસિક રસ અથવા ગુજરાત પ્રસંગ ગોપાલદાસ કૃતમાં અને કલ્યાણભટ્ટના કલ્લોલના ચોથા અને પાંચમા ભાગમાં આપેલ છે. આ રચનાઓમાં ૧૭મી સદીના ગુજરાતની ભૂગોળ, સમાજ અને ધાર્મિક વિધિઓની બહુમૂલ્ય માહિતી પ્રાપ્ત થાય છે.

સંદર્ભ નોંધ : ૧૪ જુઓ પરિશિષ્ટ ૨

સંદર્ભ નોંધ : ૧૫ સરખાવો-

અતિસરઠું ગામ છે જેહ
પ્રભુને ત્યાંહા સમર્પ્યું તેહ
(રસિકરસ-ભાગ ૩જો-૧૨-૩-૧૨૦) (અનુગ્રહ ૧૫મો-પૃ.૩૮૮)

મળશે. શ્રીગોકુલનાથજીની આજ્ઞા થતાં તે સેવકો ફરીથી ત્યાં ગયા તો તેમના આશ્ચર્ય વચ્ચે તળાવમાં શુદ્ધ પાણી હોવાનું માલૂમ પડ્યું હતું. આ ચમત્કારિક ઘટનાનો અનુભવ થતાં લોકો પર તેની ભારે અસર થઇ અને આપશ્રીની દિવ્યતા અને અધ્યાત્મ-શક્તિની તેમને પ્રતીતિ થઇ હતી.[૧૫-અ]

વિક્રમ સંવત ૧૬૪૬માં ભાદરવા મહિનાના કૃષ્ણપક્ષની તેરસના દિવસે દ્વારિકાના પવિત્ર યાત્રાધામમાં આપશ્રીએ પ્રવેશ કર્યો અને અગિયાર દિવસ ત્યાં નિવાસ કર્યો. ત્યાંના બ્રાહ્મણોને આપશ્રીએ સન્માનિત કર્યા અને ગુગળી(બ્રાહ્મણો કે જેમને ભગવાન રણછોડજીની સેવાનો અધિકાર હતો) તેમને ભગવાનની સેવા કરવાની સાચી રીતિ અને ભાવના સમજાવી અને શીખવી હતી.

દ્વારિકાથી આપશ્રી પુનઃ રાજનગર એટલે કે અમદાવાદ પધાર્યા હતા. એક વખત, બારભટ્ટ નામનો બ્રાહ્મણ ત્યાં આવ્યો અને તેણે સૌને પડકાર ફેંક્યો કે ધર્મવિષયક અને તત્ત્વજ્ઞાન-દર્શન શાસ્ત્રોની બાબતમાં શાસ્ત્રાર્થ કરવો - હિંમત હોય તો પટ્ટમાં આવી જવું. વળી, આ બ્રાહ્મણે પોતાનો મનઘડંત સર્વ શાસ્ત્રોથી વિરૂદ્ધ એવો મત-સિદ્ધાંત પ્રવર્તાવ્યો હતો. તે શ્રીગોકુલનાથજીને આવી મળ્યો અને તેણે આપશ્રીને પડકાર ફેંકતાં કહ્યું કે પોતે શાસ્ત્રાર્થમાં હરાવશે. તેના તે દીર્ઘ કથનને શ્રીગોકુલનાથજીએ સાંભળ્યું અને વેદોમાંથી અને શાસ્ત્રોમાંથી અધિકૃત એવાં વિવિધ વિધાનો કહીને-ટાંકીને તેને તે વિષયોમાં બોલતો બંધ કરી દીધો એટલે કે નિરુત્તર કરી દીધો - પરાજિત કર્યો હતો. તેવી જ રીતે, શાસ્ત્રના સિદ્ધાંતો અને ભક્તિમાર્ગનાં રહસ્ય વિશે બ્રાહ્મણ હરિકાકા અને રંગોજી[૧૬] સાથે પણ આપશ્રીએ શાસ્ત્રાર્થ કર્યો હતો.[૧૭]

રાજનગરથી આપશ્રી અનેક ભક્તોએ વિનંતિ કરતાં દક્ષિણ ગુજરાત પધાર્યા હતા અને ત્યારબાદ ઉજ્જૈન થઈને ગોકુલ પરત, સંવત ૧૬૪૭ના વૈશાખના શુકલપક્ષની બીજને દિવસે એટલે કે એક વર્ષના સમયગાળા પછી પધાર્યા હતા.

આપશ્રી યાત્રા-પ્રવાસ દરમિયાન ઘણાં બધાં પુસ્તકો સાથે રાખતા અને ગ્રંથોનાં લખાણો કરતા તથા વૈષ્ણવોને નામ-સેવા તેમજ ભગવત્સેવાનું મહત્ત્વ સમજાવતા અને શીખવતા હતા. કેટલીકવાર, આપશ્રી વૈષ્ણવોને આપે લખેલા ગ્રંથો - લખાણો ભેટ તરીકે આપવા કૃપા કરતા હતા. શ્રીસુબોધિનીજી સંવત ૧૬૪૬ અને ૧૬૪૭ની

સંદર્ભ નોંધ : ૧૫(અ)અન્ય ચમત્કારિક પ્રસંગો કલ્લોલમાં લખેલા છે. દા.ત. એક ગાયને સર્પદંશના મૃત્યુકારી વિષથી બચાવવામાં આવી હતી (કલ્લોલ ભા-૨-૩૭) અને પર્જન્ય સૂક્તના પઠન દ્વારા આપે વરસાદ વરસાવ્યો હતો (કલ્લોલ ભાગ-૨-૫૩) (આવા પ્રસંગો ઘણા સંતોના નામે કહેવામાં આવે છે, પરંતુ આ જમાનાનો માણસ વૈજ્ઞાનિક દૃષ્ટિથી તેને સાચા તરીકે સ્વીકારતો નથી. સંભવિત છે કે, આવા પ્રસંગોના નિરૂપણમાં અતિયશોક્તિઓનું તત્ત્વ ઘૂસી ગયેલું હોય. પરંતુ આપણે તે બધાને અર્થહીન કહી નકારી કાઢી શકીએ નહીં, કારણ કે જીવન અને આત્માની બાબતમાં કેટલુંક રહસ્ય ઓછામાં ઓછું પ્રવર્તતું જોવા મળે છે.

સંદર્ભ નોંધ : ૧૬ જુઓ ગુજરાત પ્રસંગ માંગલ્ય ૧૩, શ્રીગોપાલદાસ કૃત

સંદર્ભ નોંધ : ૧૭ શ્રીગોકુલનાથજી કી બેઠકન કે ચરિત્ર નામક રચનામાં શ્રીઅડેલની બેઠકજી વિશે નીચે મુજબ લખ્યું છે :
"શ્રીગોકુલનાથજી અપનિ બેઠક મેં બિરાજે હતે તબ માયાવાદિ પંડિત આયો। સો વાકે સંગ આપને ચર્ચા કીની સો દોય ઘડિમેં વાકો નિરુત્તર કરદીનો। તબ યા પંડિતને સાષ્ટાંગ દંડવત્ કિયે।"----
નિજવાર્તા - ઘરુવાર્તા (એલ.સી.દેસાઇ સંપાદિત) પૃ. ૩૧૯-૨૦

એક હસ્તપ્રત ખેડા જિલ્લાના કપડવંજમાં બેનાજી-રાજાના કોઠા નામે જાણીતા સ્થળે તે મળી આવી છે, જે બેનાજી-રાજાને મન અત્યંત પવિત્ર અને મહામૂલો ગ્રંથ હતો. તે ગ્રંથના છેલ્લાં પૃષ્ઠ (ક્રમાંક ૪૮૮)ના અંતે આપશ્રીનો "વલ્લભાનાં" એવો નામોલ્લેખ થયો જોવા મળે છે. ગુજરાતના યાત્રા-પ્રવાસ દરમિયાન શ્રીગોકુલનાથજી કપડવંજ[૧૮] પધાર્યા હતા અને આપશ્રીએ તે હસ્તપ્રત ત્યાં તૈયાર કરાવી હોય અને કોઇ નિજ-ભક્તને આપી હોય એવું તારણ કાઢવું સર્વથા ઉચિત જણાય છે.

(૫) દેવાં અદા કર્યાં

શ્રીવિઠ્ઠલનાથજીએ નિત્યલીલામાં પધાર્યા તે પૂર્વે કેટલુંક દેવું કર્યું હતું. તે દેવાંની રકમ લગભગ રૂપિયા ૩૨ હજારની જ્યારે શ્રીગોકુલનાથજી ગુજરાતનો યાત્રા-પ્રવાસ કરીને પરત આવ્યા તે વખતે થતી હતી. લેણદારોને શ્રીગિરિધરજીએ કહ્યું કે પોતે દેવું ચૂકવવાને શક્તિમાન નથી અને શ્રીવિઠ્ઠલનાથજીએ દેવું કર્યું હતું તેથી બધા ભાઇઓ પાસેથી વસૂલાત કરવી જોઇએ. લેણદારોએ કહ્યું કે તે અંગેના દસ્તાવેજ પર સહી શ્રીગિરિધરજીએ કરી હતી એટલે તેની વસૂલાત તેઓ તેમના ભાઇઓને દેવું પરત ચૂકવી આપવા કહી શકે નહીં. આ બધા લેણદારો એક વખત એકઠા થયા અને શ્રીનવનીતપ્રિયાજીના મંદિરના દ્વારે બેઠી હડતાલ તેમણે કરી તથા નિજ-મંદિરમાં રાજભોગનો થાળ જવા દીધો નહીં.[૧૮-અ] આ બનાવની જાણ જ્યારે શ્રીગોકુલનાથજીને થઇ ત્યારે જો દાદા એટલે કે શ્રીગિરિધરજી મને (શ્રીગોકુલનાથજી) તે દેવાં ભરપાઇ કરવા કહે તો હું તેમ કરવા તૈયાર છું એવું તેમણે કહ્યું. આથી ત્યારે લેણદારોએ શ્રીગિરિધરજીએ લખેલો પત્ર જેમાં લખ્યું હતું કે દેવાંની ભરપાઇ શ્રીગોકુલનાથજીએ કરવી તે શ્રીગોકુલનાથજીને બતાવ્યો. આ પત્ર વાંચતાંની સાથે આપશ્રીએ એવી પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી પોતે દેવાંની અદાયગી કરશે નહિં ત્યાં સુધી અન્ન-ગ્રહણ કરશે નહીં, કારણ કે આ દેવાં આપશ્રીના ભગવદીય પિતાએ કર્યાં હતાં. આ પ્રતિજ્ઞા સાંભળીને શ્રીગોકુલનાથજીના શિષ્યો ભયભીત થયા. આ મુશ્કેલ પરિસ્થિતિને હલ કરવા આપ વિચારી રહ્યા હતા ત્યારે એક ભક્ત નામે રણથંભોરની લાડબાઇએ પવા ત્રવાડી અને બીજાઓ દ્વારા આપશ્રીને ભોજન ગ્રહણ કરવાની વિનંતિ કરી, કારણ કે નાણાં ધીરનારાઓને-શાહુકારોને ઉક્ત દેવાંની રકમ પોતે ભરશે એવું બાંહેધરી આપતું કહેણ પાઠવી તે દેવાંની ભરપાઇની સમગ્ર જવાબદારી પોતાને શિરે લઇ લીધી હતી. અન્ય વૈષ્ણવોની વારંવારની વિનંતિને કારણે, શ્રીગોકુલનાથજીએ લાડબાઇની ઘણીખરી મિલકતને ભેટ તરીકે સ્વીકારવા સંમતિ દર્શાવી હતી.

આપશ્રીની ઉદારચિત્તતાનો બીજો એક વધુ પ્રસંગ નોંધવાપાત્ર છે. જ્યારે ઉપર્યુક્ત ઘટના ઘટી ત્યારે શ્રીગિરિધરજી ગોકુલની બહાર હતા. તેમણે જ્યારે જાણ્યું કે દેવાં ભરપાઇ થયાં છે ત્યારે ગોકુલ પ્રતિ પ્રસ્થાન કર્યું. તે વખતે, શ્રીગોકુલનાથજી દાદાભૈયા પ્રત્યેના આદરને કારણે સ્વાગત કરવા દોડી સામે ગયા હતા. આપશ્રી જે અશ્વ

સંદર્ભ નોંધ : ૧૮ પ્રથમ સ્કંધના અંતભાગે આ શબ્દો લખ્યા છે-

સંવત ૧૬૪૬ વર્ષે અશ્વમાસાસિતે પદો દશમ્યાં તિથૌ ચંદ્રદિને લિખિતો પં સ્કંધ સભાષ્ય ॥

તૃતીય સ્કંધની સમાપ્તિમાં આ શબ્દો લખેલા જોવા મળે છે-

"સંવત ૧૬૪૭ વર્ષ કાર્તિક માસે સિતેતર પક્ષીય પ્રતિપદિરવૌ લિખિતમિદં તૃતીય સ્કંધ વિવરણં મથા પ્રતિ ॥"

સંદર્ભ નોંધ : ૧૮(અ) સરખાવો - કલ્લોલ-ભાગ ૬-તરંગ ૮

શ્રી ગોકુલે સમાજગુઃ નવનીતપ્રિયસ્ય તે, રુરુઘુ :
ભોગસામગ્રી તત્સેવ્યસ્ય દ્વિજાધમાઃ ॥

પર સવારી કરતા તે અશ્વનું નામ હતું નયનસુખ[૧૯] અને હકીકતમાં તે અત્યંત સુંદર અશ્વ હતો અને બધા તેને જોઇ આનંદ પામતાં. શ્રીગિરિધરજીના પુત્ર મુરલીધરજીએ તે અશ્વ મેળવવા ઇચ્છા કરી. શ્રીગોકુલનાથજીએ પોતાનો તે અશ્વ અત્યંત માનીતો છે તેનો લેશમાત્ર વિચાર કર્યા વિના તત્કાળ તેમને ભેટ આપી દીધો.

વિક્રમ સંવત ૧૬૫૧માં શ્રીગોકુલનાથજીએ ઉત્તર ભારતમાં પવિત્ર યાત્રાધામો નામે કુરુક્ષેત્ર, હરદ્વાર, ઋષિકેશ વગેરેની યાત્રા કરી હતી. ઉક્ત યાત્રામાં આપશ્રીએ શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીના ભક્તો જે સ્થળોએ નિવાસ કરતા હતા તે સ્થળોમાં જઇ તેમને દર્શનનું ગૌરવ પ્રદાન કર્યું હતું. યાત્રા કરતા તે વખતે, આપશ્રી પુષ્ટિમાર્ગ અને ભગવત્ સેવાના પ્રકાર વિશે જ્ઞાનોપદેશ કરતા. ઉપદેશના આવાં અમૃત-વચનોને વચનામૃતરૂપે સંગ્રહિત કરવામાં આવ્યાં છે.

શ્રીગોકુલનાથજીએ શ્રીવિઠ્ઠલનાથજીની જેમ લાંબી પ્રવાસ-યાત્રા કરી નહોતી, કારણ કે આપશ્રીને ગોકુલમાં નિવાસ કરવાનું અને ભગવાનની સેવા સ્વહસ્તે કરવાનું ગમતું હતું. સાંજે અને શયનનાં દર્શન પૂર્ણ થયા બાદ, આપશ્રી ભક્તો સાથે સત્સંગમાં બેસતા અને તેમને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો પ્રબોધતા અને વળી શ્રીમદ્ ભાગવત અને શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીના લખેલા ગ્રંથોનાં રહસ્ય સમજાવતા. સંભવતઃ વિક્રમ સંવત ૧૬૫૮ પછી, જ્યારે આપશ્રીની પુત્રના લગ્ન ઇત્યાદિની સામાજિક જવાબદારી પૈકીની ઘણીખરી પૂર્ણ થઇ ગઇ હતી ત્યારે આપશ્રીએ લેખનકાર્યનો આરંભ કર્યો હતો અને શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજી લિખિત ગ્રંથોમાંના કેટલાક ગ્રંથો પર ટીકા લખી હતી.

(૬) માલા-પ્રસંગ

શ્રીગોકુલનાથજીની ઉત્તરાવસ્થામાં માલા-પ્રસંગના નામે જાણીતી મહાન ઘટના બની હતી.[૨૦] આપશ્રીને આ ઘટનાએ જ આચાર્ય તરીકે સન્માન અને કીર્તિથી ગૌરવાન્વિત કર્યા હતા અને પુષ્ટિમાર્ગને[૨૧] સુદૃઢતા પ્રદાન કરી હતી.

આ પ્રસંગ વિક્રમ સંવત[૨૨] ૧૬૭૪-૭૬(૧૬૧૮-૨૧ ઇસ્વીસન)માં બન્યો હતો. આ પ્રસંગનું વિગતવાર વર્ણન મઠપતિ કલ્યાણ ભટ્ટના કલ્લોલ નામક લખેલા "ગોકુલેશલીલા સુધાસિંધુ" સંસ્કૃત ગ્રંથના પ્રકરણ ૭, ૮ અને ૯માં તથા ગોપાલદાસ વ્યારાવાળાના માલોદ્ધાર નામક ગ્રંથમાં થયુ છે. આ પ્રસંગ ટૂંકમાં નીચે દર્શાવ્યા મુજબ છે :

સંદર્ભ નોંધ : ૧૯ આ ઘોડો આપશ્રીને સુરતના એક વૈષ્ણવે ભેંટ ધર્યો હતો જે ગોપાલદાસ કૃત પ્રાકટ્ય સિદ્ધાંત અનુસાર છે. માંગલ્ય ૧૩ શ્લોક ૬૧

સંદર્ભ નોંધ : ૨૦ શ્રીગોકુલનાથજી નિજને કદાપિ આચાર્ય તરીકે ઓળખાવતા નહિ એ વાત યાદ રાખવી ઘટે. સંપ્રદાયમાં પરંપરા એવી છે કે, શ્રીવલ્લભાચાર્ય એકમાત્ર આચાર્ય અને ગુરુ છે. બીજા બધા ગુરુદ્વાર કહેવાય છે. શ્રીવિઠ્ઠલનાથજીને કેટલાક આચાર્ય માને પણ છે, કારણ કે આપશ્રીએ અણુભાષ્યનું દોઢેક પ્રકરણ છેલ્લું લખ્યું હતુ.

સંદર્ભ નોંધ : ૨૧ સરખાવો-યતિવશધરણિસે ધર્મલોપ પ્રવૃત્તે હરિચરણસહાયો યઃ સ્વધર્મં જુગોપ । કૃષ્ણરાયકૃત ગોકુલેશાષ્ટક શ્લોક ૧ વળી સરખાવો-

"માલાયેન સુરક્ષિતા નિજમહાયત્નેન કંઠે સતામ્ ।"

- હરિરાયજી શ્રી ગોકુલેશાષ્ટક શ્લોક ૮

સંદર્ભ નોંધ : ૨૨-સરખાવો (શ્લોકના ક્રમાંક આપ્યા નથી)

"પુરુષાર્થ મુનિ રસેંદુ પ્રમિતે વર્ષે"

"કલ્યાણ ભટ્ટ કૃત કલ્લોલ-૭ ભાગ-૧ લો"

ઉજ્જૈન નજીક ક્ષીપ્રાનદીના તટ ઉપર ચિદ્રૂપ[૨૩] નામનો એક સંન્યાસી ગુફામાં રહેતો હતો. એક વખત ગોપાલ પંડ્યા અને મચીયા વ્યાસ જેઓ વિસનગરના હતા અને વલ્લભ સંપ્રદાયના અનુયાયી હતા તેમને ચિદ્રુપનો ભેટો થઇ ગયો. ચિદ્રુપે તે બન્નેને પૂછયું કે તેઓ તુલસીમાલા શા માટે પહેરે છે અને કપાળ પર તિલક-ચિહ્નને ધારણ કરે છે ? તેણે તેમને અસ્પૃશ્ય કહ્યા અને તેથી તેમણે તેને ચંડાળ કહ્યો. તે દિવસથી વૈષ્ણવોનો તે મોટો દુ:શ્મન બન્યો અને સંપ્રદાયને જળમૂળથી ઉખેડી નાખવાનો તેણે નિર્ણય કર્યો. વળી તે ગોસ્વામીઓની વધતી જતી લોકપ્રિયતાનો દ્વેષી બન્યો અને લોકો તથા રાજવીઓ વચ્ચે વધતી જતી તેમની લોકપ્રિયતાને અને મોભાને નુકસાન થાય તથા તેમના પરનો તેમનો પ્રભાવ શક્ય તેટલો ઓછો થાય એમ ઇચ્છતો હતો.

તે વર્ષ દરમિયાન એટલે કે ૧૬૧૭ ઇસ્વીમાં જહાંગીર જે તે કાળે ભારતનો સમ્રાટ હતો તે દોહાદના જંગલોમાંથી પસાર થઇ રહ્યો હતો[૨૩-અ] ત્યારે તેને તેના રાજપૂત સાથીઓએ જણાવ્યું કે, ઉજ્જૈન નજીક એક મહાન સંન્યાસી રહે છે. આથી તેને મળવાની જહાંગીરને જિજ્ઞાસા થતાં તેણે તેને મળવા ગયો. તે મુલાકાતની નોંધ બાદશાહના તુઝક-ઇ-જહાંગીરીમાં નીચે મુજબ કરી છે.

“ઇસફનદરમઝ બીજીના દિને, હું કલિયદાહથી નાની એવી હોડીમાં બેઠો અને તેની પછીના આવેલાં સ્થળે ગયો. મેં વારંવાર એવું સાંભળ્યું હતું કે એક મહાન તપસ્વી નામે ચિદ્રૂપે ઘણાં વર્ષો પૂર્વે ઉજ્જૈનનું નગરજીવન ત્યજીને ત્યાં આવીને રહ્યો હતો અને ભગવાનની સેવા-અર્ચના કરવામાં લાગી ગયો હતો. મને તેને મળવાની તીવ્ર ઇચ્છા થઇ હતી અને જ્યારે રાજધાની આગ્રામાં હતો ત્યારે તેને બોલાવી લાવવા માણસ મોકલવાની પણ ઇચ્છા થઇ હતી, પરંતુ તેના માટે આવવામાં તેને જે મુશ્કેલી પડશે તેનો વિચાર કરીને મેં બોલાવી લાવવા માટે માણસ મોકલ્યો નહીં. નગરની નજીક આવતાં હું નાવમાંથી ઉતરી ગયો અને અડધો કોસ ચાલીને તેમને મળવા ગયો. તે તપસ્વીએ રહેઠાણ તરીકે[૨૪] પસંદ કરેલું સ્થળ એક ટેકરીમાં ગુફા હતી જેનું દ્વાર ટેકરીને ખોદીને બનાવવામાં આવ્યું હતું.

ગુજરાતના પ્રવાસેથી પાછા ફરતાં નીચે દર્શાવ્યા મુજબની નોંધ, જહાંગીર- ચિદ્રૂપની મુલાકાતના પ્રસંગને વર્ણવતી છે.

“બુધવાર અને ૨૯મી તારીખે મેં ચિદ્રૂપની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ તેમની સાથેની મારી મુલાકાતને હું મારું ભારે સદ્ભાગ્ય[૨૫] ગણું છું.”

શનિવારે મને ચિદ્રૂપને મળવાની ફરીને ભારે ઇચ્છા થઇ. બપોરની નમાઝ અદા કરીને હું નાવમાં બેસીને તુરત જ સાંજના નીકળી પડ્યો હતો. તે તપસ્વીની સાથે ધર્મની કેટલીક ચર્ચા થઇ અને દિવ્ય વસ્તુઓ વિશે જાણકારી મળી. મને આ મુલાકાત દ્વારા સંપર્ક થયો તેમાં ભારે આનંદ થયો અને જે સાહજિકતાથી તે તપસ્વી ધર્મના સિદ્ધાંતો અને[૨૬] સૂફીવાદ વિશે બોલતો હતો તે હું જોઇ રહ્યો. જહાંગીર તેની સાધુતા અને સાધના તપની રીતિ જોઇને ભારે

સંદર્ભ નોંધ : ૨૩ આ ગુફાનું નામ કલ્યાણ ભટ્ટ અનુસાર ભરથરી અને ગોપાલદાસ કહ્યા મુજબ ભીમરથી હતું.

સંદર્ભ નોંધ : ૨૩(અ) જુઓ-કમિશરીયેટની હિસ્ટ્રી ઑફ ગુજરાત - વો.૨ પ્રકરણ ૫મું(જહાંગીરનો ગુજરાતનો (૧૬૧૭-૧૮) પ્રવાસ અને તેની રાજધાનીની મુલાકાત તથા પ્રકરણ છઠ્ઠું. (જહાંગીરની અમદાવાદની બીજી મુલાકાત (એપ્રિલ-સપ્ટેમ્બર ૧૬૧૮)

સંદર્ભ નોંધ : ૨૪ તઝુક એ-જહાંગીરી અનુવાદિત એલેકઝાન્ડર રોજર્સ વો ૧ - પૃ. ૩૫૪

સંદર્ભ નોંધ : ૨૫ એજન વો.૨ પૃ.૪૯

સંદર્ભ નોંધ : ૨૬ એજન વો ૨ પૃ. ૫૨-૫૩

પ્રભાવિત થયો હતો. આથી જહાંગીરે ચિદ્રૂપને તેની પાસેથી જે જોઇએ તે માંગવાની વિનંતિ કરી. ચિદ્રૂપે બાદશાહને આશિષ આપતાં કહ્યું કે તમારું રાજ્ય સમૃદ્ધ બનો અને પોતાને માટે તેને કંઇ જ જોઇતું નથી. તેના સામ્રાજ્યમાં જે અયોગ્ય ઘટના બની રહી હતી તે પ્રત્યે તેણે જહાંગીરનું ધ્યાન દોર્યું અને જણાવ્યું કે વૈષ્ણવો પોતાના કપાળ પર તિલક અને ગળામાં તુલસીની માળા ધારણ કરે છે તથા દશમીવેધરહિત એકાદશીનું વ્રત કરે છે તે સર્વથા અનુચિત છે.[૨૭] આને કારણે જહાંગીરને કહ્યું કે તેના સામ્રાજ્યમાં દુકાળ અને ભારે વિપત્તિ પડશે અને તેથી વૈષ્ણવોને હુકમ કરો કે માલા અને તિલક અને અન્ય ચિહ્નોનો તેમણે ત્યાગ કરવો. જહાંગીરે તેવા હુકમો પોતે કરશે એવું વચન તેને આપ્યું.

ત્યારબાદ, તે તપસ્વીએ વૈષ્ણવોને હેરાન કરવા માંડ્યા અને તુલસી અને માળાનો ત્યાગ કરવા જણાવ્યું. એક વખત, બે વૈષ્ણવો નામે ત્રિકમભટ્ટ અને દેવાભાઇને માલા અને તુલસી ધારણ કરતા જોયા. ચિદ્રૂપ અને દેવાભાઇ વચ્ચે આ વાતે ભારે ચકચક ઝરી અને દેવાભાઇએ વૈષ્ણવોના પવિત્ર ચિહ્નોનો ત્યાગ કરવાની વાત માની નહીં. ચિદ્રૂપે મહમદ ટકી નામના જહાંગીરના સૂબેદારને બોલાવ્યા અને દેવાભાઇને શિક્ષા કરવા કહ્યું. હાથીના પગતળે કચડી નાંખવાની સજા ફરમાવવામાં આવી, પરંતુ દેવાભાઇ પોતાની ટેકમાં અડગ રહ્યા. હાથીને લાવવામાં આવ્યો અને દેવાભાઇ સામે દોડાવવા પ્રયાસ થયા. દેવાભાઇને ભગવાનમાં અજબ શ્રદ્ધા હતી અને હાથી તેમને કંઇ ઇજા કરી શક્યો નહીં. આથી સૂબેદારે રાજ્ય તરફથી દેવાભાઇનું સન્માન કર્યું. અને તેમને શાલ અર્પણ કરી. આ ઘટના બની ત્યારપછી, જહાંગીરે (વિક્રમ સંવત ૧૬૭૫ના ફાગણ મહિનામાં) ગુજરાતથી પાછા ફરતી વખતે સીક્રી ખાતે રોકાણ કર્યું હતું. ગોસ્વામીશ્રી તેને સીક્રી ખાતે રાબેતા મુજબ મળવા જતા હતા. તદનુસાર મળવા ગયા હતા. ત્યારે માલા-તિલકને દૂર કરવા બાબત હુકમ અંગે કોઇ જ ચર્ચા થઇ નહોતી એમ લાગે છે.[૨૮]

ત્યારબાદ, જહાંગીર બાદશાહે આગ્રામાં રોકાણ કર્યું હતું અને કાશ્મીર જવાનો નિર્ણય લીધો હતો. આ સમાચાર મળ્યા ત્યારપછી ચિદ્રૂપ જહાંગીરને મળવા ગયો હતો. તેનો હેતુ વૈષ્ણવો, ખાસ કરીને ગોકુલના ગોસ્વામીઓએ માલા-તિલક ધારણ ન કરવાં એવું શાહી-ફરમાન મેળવવાનો હતો. તેના આ આગમનના સમાચાર શ્રીગોકુલનાથજીને શ્યામદાસ જેટલી દ્વારા મળ્યા અને આપશ્રી ચિદ્રૂપને જે સંન્યાસી હતો તેને સામે ચાલીને નિજગૃહે એટલે કે ગૃહસ્થીના ગૃહે આવી ભોજન-ભિક્ષા તે કરે એવું આમંત્રણ આપી આવ્યા હતા. ચિદ્રૂપે તે આમંત્રણ સ્વીકાર્યું નહોતું.

ચિદ્રૂપ મથુરા આવ્યો અને સૂર્યકુંડ પર રોકાયો[૨૯] મથુરા અને વૃંદાવનના વૈષ્ણવો તેને મળવા આવ્યા ત્યારે તેણે તેમને માલા-તિલકનો ત્યાગ કરવા કહ્યું.

સંદર્ભ નોંધ : ૨૭ "દશમી વેધવિરહિતમાત્રૈકાદશ્યુપોષણં ચાલમ્" કલ્યાણ કૃત કલ્લોલ ૭-૧

સંદર્ભ નોંધ : ૨૮ ૭મો કલ્લોલ અને માલોદ્ધાર એ બન્નેમાં લખ્યું છે કે, જહાંગીરે શ્રીગોકુલનાથજીને એવું કહ્યું હતું કે તે આપની સાથે કોઇ વાત ચર્ચા કરવા માંગે છે તેના ઉત્તરમાં શ્રીગોકુલનાથજીએ કહ્યું હતું કે સમ્રાટ ઇચ્છે ત્યારે તેમ કરી શકે છે. ત્યારપછી, શ્રીગોકુલનાથજી ગોકુલ પરત પધાર્યા હતા. આ બાબત પ્રતીતિજનક લાગતી નથી. કારણ કે શ્રીગોકુલનાથજીએ માલા-તિલક અંગે ચર્ચા કરવાનું ટાળ્યું ન હોત. માલા-તિલક વિશે કોઇ વાત જ થઇ ન હોય એ બાબત આશ્ચર્ય જેવું મને લાગે છે. અન્યથા જહાંગીરે આપશ્રીને ચિદ્રૂપની ઇચ્છા અનુસાર કરવા ચોક્કસ કહ્યું હોત.

સંદર્ભ નોંધ : ૨૯ તે દિવસ હતો આસો સુદ ૧૦, વિ.સં. ૧૬૭૬નો. સરખાવો "રસમુનિ રસચંદ્રમિતે સંવત્સર આશ્વિનમાસસ્ય હન્ત દશમ્યાં" કલ્લોલ-૪-થો ૪ વળી વાંચો એ વખતે તેણે પોતાનું નિવાસસ્થાન મથુરા ખાતે સ્થળાંતર કર્યું હતું અને જમુનાના કિનારે સાચા ભગવાનનું પૂજન કરવામાં પોતાની જાતને વ્યસ્ત કરી હતી. મને તેનો સંગ ગમતો હતો અને તેથી બનતી ત્વરાએ હું જઇને તેને મળ્યો અને કોઇ અન્ય અજાણ્યા માણસની હાજરીમાં નહિ એવા વખતે તેમની સાથે ઘણો સમય મેં આનંદપૂર્વક વીતાવ્યો હતો.

- તુઝકો-એ-જહાંગીર (રોજર્સ અનુવાદિત) વો. ૨ પૃ. ૧૦૪

કેટલાક દિવસો પછી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજી ચિદ્રૂપને મળવા ગયા અને ''નમો નારાયણ'' કહીને તેનું અભિવાદન તેમણે કર્યું, પરંતુ તે તેને ગમ્યું નહીં. તે વખતે માલા-તિલક, અગ્નિહોત્ર, પંચાયતન પૂજા વગેરે બાબત શાસ્ત્રીય ચર્ચા થઇ અને શ્રીગોકુલનાથજીએ તેને યોગ્ય ઉત્તરો તે વિશે આપ્યા. ચિદ્રૂપે શ્રીગોકુલનાથજીને ત્યારે ધમકી આપી કહ્યું કે પોતે તિલક-માલા ધારણ ન કરવા બાબત શાહી-ફરમાન બહાર પડાવશે[૩૦] પરંતુ શ્રીગોકુલનાથજીએ કહ્યું કે, મને જહાંગીરમાં વિશ્વાસ છે કે તે ધાર્મિક સિદ્ધાંતની બાબતમાં વિરુદ્ધ હોય એવું કંઇ જ કરશે નહીં.

ચિદ્રૂપ મથુરા ગયો તે દરમિયાન બાદશાહ જહાંગીર કાશ્મીર જવા નીકળી ગયા હતા. તેનો પ્રથમ મુકામ કરનવાલમાં હતો. શ્રીગોકુલનાથજી તેને મળવા અને આશિષ દેવા ત્યાં ગયા હતા. જહાંગીરે શ્રીગોકુલનાથજીને પ્રશ્ન કર્યો કે, શા માટે તેમણે માલા-તિલક ત્યજી દીધાં નથી ? ઉત્તર આપતાં શ્રીગોકુલનાથજીએ કહ્યું કે મને જો કોઇ શાસ્ત્રોમાં આવી આજ્ઞા છે એવું દર્શાવશે તો હું તેમ કરીશ અને શાસ્ત્રોમાં આવી કોઇ જ આજ્ઞા છે નહિ એ બાબત તેમણે ભારપૂર્વક કહ્યું બાદશાહે પ્રશ્ન કરતાં કહ્યું કે શું તમે આ બાબતમાં ચિદ્રૂપ સાથે ચર્ચા કરવા તૈયાર છો ? શ્રીગોકુલનાથજીએ સંમતિ દર્શાવી ત્યારે બાદશાહે શ્રીગોકુલનાથજીને મથુરા આવી મળવા કહ્યું.

જ્યારે બાદશાહ મથુરા[૩૧] નજીક રાવણકોટિ આવ્યા ત્યારે બધી શાસ્ત્રીય આજ્ઞાઓ એકઠી કરીને તેને મળવા શ્રીગોકુલનાથજી ગયા. બાદશાહ સંન્માન આપવા ચિદ્રૂપને[૩૨] મળવા ગયા ત્યારે ચિદ્રૂપે તેમને કહ્યું કે જો તે સર્વવાતે પોતાનું[૩૩] ભલું ઇચ્છતો હોય, તો જહાંગીરે વૈષ્ણવોને તેમની તિલક-માલા ત્યજી દેવા અને બદલામાં તેમણે રુદ્રાક્ષની માલા પહેરવી એવું શાહી-ફરમાન કરવું. જહાંગીરે તેને કહ્યુ કે, શ્રીગોકુલનાથજી મથુરામાં જ છે અને તેને મળી શાસ્ત્રોની ચર્ચા કરીને યોગ્ય આ બાબત કરવું. ચિદ્રૂપે કહ્યું કે, શ્રીગોકુલનાથજીએ બાદશાહના હુકમનું પાલન તેના સુખ-સંપતિ અને કલ્યાણ માટે કરવું જોઇએ. જહાંગીર[૩૪] આથી ઘડીકવાર વિચારમાં પડી ગયો, કારણ કે તેને ખબર હતી કે વૈષ્ણવો ધર્મશાસ્ત્રો પ્રમાણે પોતાનું ધર્માચરણ કરતા હતા અને વળી તેના પિતા પણ વૈષ્ણવો પ્રત્યે ભારે માનથી જોતા હતા. ચિદ્રૂપની ચમત્કારી પ્રતિભાથી તે પોતે અંજાઇ ગયો હતો. આથી, તેણે શ્રીગોકુલનાથજીને પૃચ્છા કરી કે શું ચિદ્રૂપ જે કહેશે તેને અનુસરશે કે કેમ ? ઉત્તર આપતાં શ્રીગોકુલનાથજીએ કહ્યું, આપ બાદશાહ સલામત પણ જેને માન આપતા હોય તેની આજ્ઞાને કોણ ઉથાપી શકે ? ધર્મશાસ્ત્રોની આજ્ઞાઅનુસાર જે યોગ્ય હોય તેમ

સંદર્ભ નોંધ : ૩૦ **સરખાવો**

યદિ ન મયોક્તં યૂયં કરિષ્યથ દ્રાક્ તદા યુષ્માન્ ॥
કારયિતા યવનેશ સ સાર્વભૌમો જહાંગીર ॥
અતિતીક્ષ્ણદંડધારી પ્રલભં બલવાનધીનો મે ॥

કલ્લોલ ૭ મું ૫

સંદર્ભ નોંધ : ૩૧ તે દિવસ હતો માલોદ્ધાર અનુસાર કાર્તિક વદ એકાદશી અને કલ્લોલ અનુસાર તેરસનો

સંદર્ભ નોંધ : ૩૨ જુઓ સંદર્ભ નોંધ ક્રમાંક ૨૯

સંદર્ભ નોંધ : ૩૩ તુલસી માલા નિરસનસદ્રાક્ષ વિભૂતિધારણાદિમયી । તામેવ વિયેહિતરાં વાચ્છસિ યદિ સર્વથા શુભં ॥
-કલ્લોલ ૭-૬ ।

સંદર્ભ નોંધ : ૩૪ ગોપાલદાસ લખે છે કે, જહાંગીરની એક હિંદુ-બેગમ નામે માનીબાઇએ સમ્રાટને કહ્યું હતું કે, જો તે ગોસ્વામીને પવિત્ર માલા-તિલકાદિ પવિત્ર વસ્તુઓનો ત્યાગ કરવા ફરજ પાડશે તો તે પોતાનો જીવ કાઢશે અને આથી ગોસ્વામી સામે જહાંગીરે સખ્તાઇ આદરી નહીં.

કરવાનું અમને કહે.

આથી, જહાંગીરે ઇતબારખાન અને આસફખાનને ચિદ્રૂપ અને શ્રીગોકુલનાથજી ચર્ચા કરે અને સાચો માર્ગ શોધી કાઢે એ બાબત જરૂરી વ્યવસ્થા કરવા હુકમ કર્યો. શ્રીગોકુલનાથજીને લઇને તેઓ ચિદ્રૂપને જઇને મળ્યા. આસફખાને ચિદ્રૂપને માલા-તિલકની બાબતમાં શાસ્ત્રીય ચર્ચા શ્રીગોકુલનાથજી સાથે કરવા જણાવ્યું. શ્રીગોકુલનાથજીએ કહ્યું કે, માલા-તિલક ધારણ કરવા વિરુદ્ધનો કોઇ શાસ્ત્રીય આધાર જો ચિદ્રૂપ બતાવશે, તો પોતે માલા-તિલક ત્યજી દેવા તૈયાર છે. પરંતુ ચિદ્રૂપે તેમ ન કરતાં વધુમાં જણાવ્યું કે, જો તેઓ બાદશાહનું કલ્યાણ ઇચ્છતા હોય, તો મેં કહ્યું હતું તેમજ કરો.

ઇતબારખાન અને આસફખાને જે કંઇ બન્યું તેનો અહેવાલ બાદશાહને પેશ કર્યો. બાદશાહે હુકમ કર્યો કે, બધાંએ સાધુએ જે કંઇ કહ્યું તે મુજબ કરવું અને તેનો કોઇએ અનાદર કરવો નહીં. બાદશાહે વધુમાં આસફને જણાવ્યું કે શ્રીગોકુલનાથજી પાસેથી પોતે તે પ્રમાણે કરશે એવું લેખિત લઇ લેવું. આસફને શ્રીગોકુલનાથજી પ્રત્યે સારો ભાવ હતો એટલે તેણે આપશ્રીને કહ્યું કે બાદશાહની ઇચ્છા પ્રમાણે લખાણ કરી આપો અને સાથોસાથ એવું પણ કહ્યું કે આપને કોઇ જાતની હેરાનગતિ થશે નહીં અને આશ્વાસન તે મુજબ આપ્યું. શ્રીગોકુલનાથજીએ આથી લખાણ કરી આપ્યું કે; જો ચિદ્રૂપ ધર્મશાસ્ત્રોના આધાર લઇને તેમના કર્તવ્યકર્મ શું છે તે કહેશે, તો પોતે તેની આજ્ઞા પ્રમાણે કરશે.[૩૫] ત્યારબાદ, આપશ્રી વિક્રમ સંવત ૧૬૭૬ના કારતક મહિનાની અમાસને દિવસે ગોકુલ પરત પધાર્યા.

બાદશાહે સંન્યાસી ચિદ્રૂપને સન્માન આપવા ખાતર ફરમાન કર્યું અને પોતે કાશ્મીર જવા રવાના થયો. આથી તે સાધુ સંન્યાસીને બાદશાહ પરના પોતાના પ્રભાવ અને શક્તિ અંગે હવે ગર્વ થયો. તે પોતે મહારાજા હોય તેમ વર્તવા લાગ્યો અને ઠાઠથી રહેવા લાગ્યો. તે વૈષ્ણવોનું અપમાન કરવા લાગ્યો અને તેમણે તેમનાં ધાર્મિક ચિહ્નો ત્યજી દેવાં એવી આજ્ઞા કરી. કેટલાક વૈષ્ણવોએ ત્રાસથી ભયભીત થઇને તે પ્રમાણે કર્યું પણ ખરું. તુલસી-માલાનું વેચાણ કરતી તમામ દુકાનો બંધ કરાવવામાં આવી જેથી કોઇને માલા મળે નહીં.

તે પછી, ચિદ્રૂપ સંન્યાસીએ કેટલાક ગુર્જર બ્રાહ્મણોને પોતાની આજ્ઞાનું પાલન થાય છે કે કેમ એની ખાતરી કરવા ગોકુલ મોકલ્યા. શ્રીગોકુલનાથજી અને તેમના શિષ્યોએ વૈષ્ણવ ચિહ્નોનો ત્યાગ કર્યો નથી એવા સમાચાર જાણતાં, સંન્યાસી ક્રોધે ભરાયો.

એક વખત વંશ ગોપાલ નામનો નાનો સરકારી અધિકારી મથુરા ગયો. તે ચિદ્રૂપને નમસ્કાર કરવા ગયો. ચિદ્રૂપે તેને શ્રીગોકુલનાથજીને પકડી લાવવા કહ્યું કે, જેથી પોતે તેમને અપમાનિત કરી શકે અને અધિકારીઓની મદદથી આજ્ઞાનું પાલન કરવાની ફરજ પાડી શકે. આ પ્રમાણે તેણે શ્રીગોકુલનાથજીને બળપૂર્વક લાવવા વિચાર્યું અને તે માટે સૈનિકોને તૈયાર કર્યા. તે જિલ્લાનો હવાલો સૂબેદાર રાજ ગદાધરનો હતો જેણે તેને પોતાની પરવાનગી વિના આવી કોઇ કાર્યવાહી આ બાબતમાં ન કરવા જણાવ્યું અને વધુમાં કહ્યું કે, શ્રીગોકુલનાથજીને આ રીતે સંન્યાસી સમક્ષ હાજર કરવાનું ઉચિત થશે નહીં.

વંશ ગોપાલ શ્રીગોકુલનાથજી પાસે ગયો અને તેણે આપશ્રીનું વર્તન જોતાં પ્રભાવિત થઇ ગયો. તેણે આપશ્રીની ધર્મભાવના પણ જોઇ. આથી તેણે શ્રીગોકુલનાથજીને વિનંતિ કરી કે, મારી સાથે સંન્યાસીને મળવા આવો

સંદર્ભ નોંધ : ૩૫ સરખાવો-ધર્મ્ય વચનં નાસ્યોલ્લડપયિતાહે કદાચિદપિ ॥
ઈત્યેતદર્થકં દાકુ પત્રં સમ્યગ્ થિલિખ્યાદાત્ ॥ કલ્લોલ ૭-૭

ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે, ચિદ્રૂપને મળવાનો કોઇ અર્થ નથી અને પોતે બાદશાહને જવાબ આપવા બંધાયેલા છે અને નહિ કે તે સંન્યાસીને.[૩૬] આ પ્રસંગની જાણ પછીથી લશ્કરખાનને થઇ જે આગ્રા વિભાગનો હવાલો ધરાવતો હતો. તેણે વંશ ગોપાલને પાછો બોલાવી લીધો.

ત્યારબાદ, ચિદ્રૂપે મથુરાના હાકેમોને નામે શેરખાન ફોજદાર, કતરડી કોષસ્થ પાલક, વલીદાદા વગેરેને બોલાવ્યા અને તેમને કહ્યું કે, તે લોકોએ શ્રીગોકુલનાથજીને તિલક-માલા ધારણ ન કરવાની ફરજ પાડવી જોઇએ. અન્યથા, બાદશાહ તેમના પર ખફા થશે. તે લોકોને શ્રીગોકુલનાથજી પ્રત્યે પ્રેમભાવ હતો, પરંતુ સંન્યાસીના કહેવાથી તે બધાને શ્રીગોકુલનાથજી પાસે જવું પડ્યું હતું, કારણ કે બાદશાહ તે સંન્યાસીને માન આપતો હતો. તે લોકોએ શ્રીગોકુલનાથજીને કહ્યું કે, તમે સાચા માર્ગ પર છો, પરંતુ સંન્યાસીએ જે કહ્યું છે તે મુજબ થોડાવખત માટે કરો-એવી અમારી વિનંતિ છે. આનો ઉત્તર આપતાં શ્રીગોકુલનાથજીએ તેમને કહ્યું કે હું આવું અધાર્મિક આચરણ કરવાનું કેવી રીતે કહી શકું ? વધુંમાં જતે દહાડે આજે માલા ન ધારણ કરવાનું કહે છે તેમ વૈષ્ણવોને કાલે કહેશે કે હવે જનોઇનો ત્યાગ કરો. આથી આવા અધર્માચરણ કરનારની આજ્ઞાનું પાલન કરવું સર્વથા ઉચિત નથી.

સરકારી અધિકારીઓ પરત ગયા[૩૭] અને સંન્યાસીને જઇને શ્રીગોકુલનાથજીએ જે કહ્યું તેની જાણ કરી. આથી તો તે વધુ ક્રોધે ભરાયો અને જે અધિકારીઓ એવું માનતા હતા કે જો પોતે સંન્યાસીની સૂચનાનુસાર વર્તશે, તો વધુ લાભ થશે. તેમની સહાય વડે ચિદ્રૂપ બધા જ વૈષ્ણવોને અપમાનિત અને હેરાન કરવા લાગ્યો. આવા અધિકારીઓએ વૈષ્ણવોને કહ્યું કે આ તો શાહી ફરમાનો છે અને બધા જ વૈષ્ણવોએ માલા-તિલકનો ત્યાગ કરવો જ રહ્યો. ઘણા બધાએ આથી તેમ કર્યું. વળી, કેટલાક લોકો ચિદ્રૂપની શક્તિના પ્રભાવને માનતા થયા અને બીજા કેટલાકને ઉચ્ચ પગાર, મોભા-હોદ્દા વગેરે પોતે બાદશાહ પાસેથી મેળવી આપશે એવી પ્રલોભનકારી વચનો કહ્યાં તેથી તેના તરફ આકર્ષાયા હતા અને તેના પક્ષે ભળી ગયા.

ત્યારબાદ, ચિદ્રૂપ તો બાદશાહના દાસ, દાસીઓ, સંગીતકારો અને નર્તકીઓ સાથી બાદશાહી ઠાઠથી રહેવા લાગ્યો. આવી બાદશાહી ઠાઠની તેની વર્તણૂકની એક ઘટના જાણવા મળે છે. તેની કૃપાપાત્ર એક સ્ત્રીએ ટૂંકી સાડી પહેરી હતી, તે જોઇને તેણે તેનું કારણ પૂછયું. જવાબમાં તે સ્ત્રીએ તેને કહ્યું કે, પૂરતી લંબાઇની સાડીઓ બંજારમાં મળતી નહોતી એટલે ચિદ્રૂપ સંન્યાસીએ સાડી બનાવતા તમામ વણકરોને બોલાવ્યા અને જો તેઓ પૂરતી લંબાઇની સાડી બનાવશે નહિ તો મોતની સજા થશે એવી ધમકી આપી.

આ પ્રમાણે કંઇ કેટલાય પ્રસંગોએ લોકોને હેરાનપરેશાન કરી નાંખ્યા હતા. કેટલાક વૈષ્ણવો જેવા કે પ્રયાગદાસ, હરદાસ, કીકાભાઇ અને બીજા શ્રીગોકુલનાથજીની સન્મુખ ઉપસ્થિત થયા અને તેમણે આપશ્રીને વિનંતિ કરી. પોતાને ચિદ્રૂપ સંન્યાસી સાથે લડવા જવા દો અને તેને શિક્ષા કરવા કે સમાધિ લેવડાવી ડૂબાડી દેવા દો. પરંતુ

સંદર્ભ નોંધ : ૩૬ આ પ્રસંગનું વર્ણન કલ્લોલ અને માલોદ્ધાર બન્નેમાં વિગતવાર શ્રીગોકુલનાથજીની નિર્ભિકતા દર્શાવવા આપ્યું છે. ગોકુલનાથજી એક સરકારી અધિકારીની આજ્ઞા માનવાનો ઇન્કાર કરવા કેવી રીતે પ્રેરાયા હતા તે અંગે શંકા-પ્રશ્નો ઉપસ્થિત થાય. પરંતુ એ સંભવિત છે કે, વંશ ગોપાલને તે જે કરવા ઇચ્છતો હતો તેમ કરવાની કોઇ સત્તા નહોતી. આપણે આ વસ્તુ એ રીતે જાણી શકીએ છીએ કે રાય ગદાધર કે જે સૈન્યનો અધિકારી હતો અને મથુરાનો જાગીરદાર હતો તેણે તેને તેમ ન કરવાની સલાહ-સૂચના આપી હતી.

સંદર્ભ નોંધ : ૩૭ આ પ્રસંગ પરથી એક હકીકત તારવી શકાય છે કે, જહાંગીરે (માલા-તિલક) બાબતે કોઇ હુકમ જારી કર્યો નહિ અને તેના અધિકારીઓને સૂચના આપી કે, સંન્યાસીને માન આપવું.

શ્રીગોકુલનાથજીએ કહ્યું કે, ચિદ્રૂપ સંન્યાસી તેના પોતાના પાપે મરશે.

એક વખત, વિક્રમ સંવત ૧૬૭૭ની વસંત પંચમીના દિવસ પછી, ચિદ્રૂપે બધા અધિકારીને બોલાવ્યા અને તેમને ધમકી આપી કે બાદશાહ અને પોતે આપેલા હુકમોનું પાલન થયું નથી તેથી બાદશાહ તેમને શિક્ષા કરશે. આથી સારંગપાણિ (શકદર) અને ઉમેદરામ (કોટવાલ) વગેરે ગોકુલ ગયા. શ્રીગોકુલનાથજીએ તેમનુ સારુ સ્વાગત કર્યું અને તેમના આગમનનું કારણ પૂછયું. વલીદાદાએ પૂછયું કે આપ અને વૈષ્ણવો શા માટે તુલસી-માલા પહેરો છો અને બાદશાહના ફરમાનનું પાલન કરતા નથી. શ્રીગોકુલનાથજીએ તેમને જવાબ આપતાં કહ્યું કે પોતે તથા બધાં વૈષ્ણવો ધર્મશાસ્ત્રની આજ્ઞાનુસાર તે ધારણ કરે છે અને વળી આપશ્રીએ કહ્યુ કે તુલસી-માલા અને તિલક ધારણ ન કરવાં એ પ્રકારેનું બાદશાહે બહાર પાડેલું લેખિત ફરમાન હોય તો બતાવો[૩૮] જે તેઓ બતાવી શક્યા નહીં. તે વખતે, સરકારી અધિકારીઓએ મથુરા સંન્યાસીને જઇને મળવું એવી શ્રીગોકુલનાથજીને વિનંતિ કરી. આથી, ભારે અનિચ્છા છતાં શ્રીગોકુલનાથજીએ મથુરા જવાનો નિશ્ચય કર્યો, કારણ કે જો પોતે જશે નહિ તો, ચિદ્રૂપ અધિકારીઓને હેરાનગતિ કરશે.

જ્યારે રાય ગદાધરદાસ કે જે મથુરાનો જાગીરદાર હતો તેને જાણ થઇ કે શ્રીગોકુલનાથજીને મથુરા લાવવામાં આવી રહ્યા છે ત્યારે તે ખૂબ ક્રોધ ભરાયો અને શ્રીગોકુલનાથજીને બળજબરીપૂર્વક લઇ આવનારા અધિકારીઓને શિક્ષા કરવા તૈયાર થઇ ગયો. પરંતુ, શ્રીગોકુલનાથજીએ તેને તે ઘડીએ શાંત રહેવા સંદેશો પાઠવ્યો, અન્યથા હુલ્લડ થશે એમ જણાવ્યું. શ્રીગોકુલનાથજીની સાથે કેટલાક વૈષ્ણવો ગયા અને સિપાઇઓએ માર્યા તો પણ આપશ્રીને છોડી ગયા નહીં.

જ્યારે ચિદ્રૂપ સંન્યાસીને જાણ કરવામાં આવી કે શ્રીગોકુલનાથજીને તેમની સમક્ષ હાજર કરવા લાવવામાં આવ્યા છે અને જ્યારે અધિકારીઓએ તેને શ્રીગોકુલનાથજી સાથે વાત કરવા વિનંતિ કરી ત્યારે તે ઉત્તેજિત થઇ ગયો અને શ્રીગોકુલનાથજીને શા માટે લઇ આવ્યા એમ કહી તેમને ઉપરથી ધમકાવવા માંડ્યો. તેણે તેમને કહ્યુ કે, મેં તો શ્રીગોકુલનાથજી માલા ધારણ કરતા બંધ થાય એ જોવાનું જ તમને કહ્યું હતું. શ્રીગોકુલનાથજીએ અધિકારીઓને કહ્યું કે, સંન્યાસી કહે તે પોતે કરનાર નથી અને વળી વૈષ્ણવોને પજવવાનો તેને કોઇ અધિકાર નથી તથા આ બાબતમાં હું બાદશાહને મળવા તૈયાર છું.

મથુરામાં શ્રીગોકુલનાથજીએ જોયું તો કેટલાક વૈષ્ણવોના ગળામાં તુલસી-માલા ન હતી. તેથી ત્યારે તે બધાને આપે માલા ધારણ કરવા આપી એટલું જ નહિ પણ તેમને ધરપત આપી કે સંન્યાસીથી ડરવાની કોઇ જરૂર નથી (વિ.સં. ૧૬૭૬ ફાગણ વદ ચૌદસ)

ચિદ્રૂપને ખાતરી થઇ ગઇ કે, શ્રીગોકુલનાથજી માલા ધારણ કરવાનું ત્યજશે નહિ અને શું કરવું તે બાબતમાં તેની મતિ મુંઝાઇ ગઇ.

આ તો તેના માટે પોતાની આન અને આબરૂનો સવાલ થઇ પડ્યો. તેથી તેણે કેટલાક શિષ્યો મારફત એવો સંદેશ શ્રીગોકુલનાથજીને મોકલ્યો કે તેઓ થોડો સમય[૩૯] પૂરતા માલા ધારણ કરવાનું ત્યજી દે અને આવો સંદેશો

સંદર્ભ નોંધ : ૩૮ **સરખાવો**

આજ્ઞા ચેદસ્તિ તર્હિદ્રાક્ પત્રં દર્શનતાત્ર નઃ । કલ્લોલ -૭-૧૩

સંદર્ભ નોંધ : ૩૯ **સરખાવો**

તુલસીદાસજમાલા ક્ષણમાત્રપરિત્યાગતો ભવતઃ ।
હન્તાપવોયેતે કિં યદ્રક્ષાથૈ મહાપ્રભો તનુષેં ॥ કલ્લોલ ૭-૨૨

આપવા બદલ શિષ્યોને શાહી માનઅકરામ પોતે અપાવશે એવાં વચન આપ્યાં. અલબત્ત, થોડા સમય માટે માલાનો ત્યાગ શ્રીગોકુલનાથજી કરીને પછી ફરીથી તેઓ તેને ધારણ કરી શકશે એવું શ્રીગોકુલનાથજીને સમજાવવા તેમના શિષ્યોને ચિદ્રૂપ સંન્યાસીએ પ્રેર્યા હતા. આ માટે જે ચાર ઉપાયોમાંથી કોઈપણનો ઉપયોગ કરવા શિષ્યોને કહ્યું હતું. તદનુસાર, શ્રીગોકુલનાથજીને વિનંતિ કરવામાં આવી, પ્રલોભન આપવામાં આવ્યાં અને ધમકીઓ પણ આપવામાં આવી હતી. આપને જણાવવામાં આવ્યું કે, રાજ્યના બધા જ અધિકારીઓ જ નહિ પણ ખુદ બાદશાહ ચિદ્રૂપ સંન્યાસીના પ્રભાવમાં છે અને તેથી જો શ્રીગોકુલનાથજી તેની આજ્ઞાને માનશે નહિ, તો આપશ્રીના કુટુંબ સમસ્ત અને શિષ્યો સર્વનાશનો ભોગ બનશે. આમ છતાં, શ્રીગોકુલનાથજી માલાનો ત્યાગ નહિ કરવાના પ્રશ્ને[૪૦] અડગ રહ્યા અને કદાપિ પોતે માલા ત્યજવા તૈયાર નથી એમ આપશ્રીએ દૃઢતાપૂર્વક જાહેર કર્યું.

તુલસીની માલાનો ત્યાગ બળજબરીથી કરાવવાનું ષડયંત્ર રચાયું છે એ વાતની જાણ જ્યારે શ્રીગોકુલનાથજીના શિષ્યોને થઈ ત્યારે તેઓ સંન્યાસી ચિદ્રૂપના શિષ્યો અને બાદશાહના કર્મચારીઓ સાથે પણ હાથોહાથની લડાઈ કરવા તૈયાર થઈ ગયા હતા. પરંતુ શ્રીગોકુલનાથજીએ તેમને શાંત રહેવા અને ઉત્તેજિત ન થવા આજ્ઞા કરી તથા તેમને એવી હૈયાધારણા આપી કે, તેઓ સત્યને માર્ગે હોઈ, ભગવાન તેમને સહાય કરશે અને વળી આવી આપદાઓમાં જ તો તેમના ધર્મપ્રેમની કસોટી થશે.

ચિદ્રૂપના અનુયાયીઓની વારંવારની વિનંતિઓ પછી, શ્રીગોકુલનાથજી તેને મળવાને તૈયાર થયા. તે વખતે તેમની સાથે હજારો લોકોએ સંગાથ કર્યો. સિપાઈઓએ લોકોને અટકાવ્યા અને એવી તો ધમાચકડી મચી ગઈ કે, જો ચિદ્રૂપ સંન્યાસી ડરના માર્યા તેમની ગુફામાંથી જાતે બહાર નીકળ્યા ન હોત અને શ્રીગોકુલનાથજીને તેઓ ઇચ્છે તે માર્ગે જવા કહ્યું ન હોત તો હાથોહાથની મારામારી જ થઈ હોત.

જ્યારે ચિદ્રૂપ શ્રીગોકુલનાથજીને કંઈ જ કરી શક્યો નહિ ત્યારે તેણે જહાંગીરને લખી જાણ કરી કે, બધા વૈષ્ણવોએ માલાનો ત્યાગ કર્યો છે અને માત્ર શ્રીગોકુલનાથજી અને તેના કેટલાક શિષ્યોએ તેમ કર્યું નથી અને તે બાબતે જીદ પકડી રાખી છે. આથી, શ્રીગોકુલનાથજીને ગોકુલ ત્યજી જવા હુકમ કરો. આસફખાનની સલાહને આધારે આગ્રાના સૂબાને પત્ર દ્વારા બાદશાહે જણાવ્યું કે, તેણે શ્રીગોકુલનાથજીને કાશ્મીર મોકલવા વ્યવસ્થા કરવી. આઠમા કલ્લોલના બીજા તરંગમાં નોંધ છે કે, બાદશાહનો આ હુકમ વિક્રમ સંવત ૧૬૭૭ની શ્રાવણ વદ ૮ના રોજ સિંગનામ વૈયાને મથુરામાં મળ્યો હતો. જ્યારે આ હુકમની જાણ શ્રીગોકુલનાથજીને થઈ ત્યારે તેમણે યાત્રા પ્રવાસે જવાની તૈયારી કરી અને ૭૦ વર્ષની વયે ચોમાસાની મોસમમાં વિક્રમ સંવત ૧૬૭૭ના શ્રાવણ વદ નોમના દિને કાશ્મીર જવા પ્રસ્થાન કર્યું. આ ઘટના તેમની સત્યનિષ્ઠાની દ્યોતક છે. આ બાબતમાં બીજી નોંધનીય વસ્તુ એ છે કે, તે કાળે એવી માન્યતા પ્રર્વતતી હતી કે, આચાર્યે કદાપિ સરસ્વતી નદીને ઓળંગવી જોઈએ નહીં. પરંતુ, શ્રીગોકુલનાથજીએ પરંપરાને તોડવામાં જરાપણ ખચકાટ અનુભવ્યો નહિ અને બ્રાહ્મણો દ્વારા થનાર ટીકાનો ભય રાખ્યો નહીં, પણ પોતાનો ટેક સાચવવા અને ધર્મનું રક્ષણ કરવા આપશ્રી કાશ્મીર પધાર્યા.

કાશ્મીરમાં જહાંગીર બાદશાહનો મુકામ ૪૪૪ કોસ દૂર સ્થળે હતો અને આપશ્રી ૪૯ દિવસનો યાત્રા પ્રવાસ ખેડીને ભાદરવા સુદ ૧૩ના રોજ ત્યાં પહોંચ્યા હતા. કાશ્મીરમાં આપશ્રીએ ૧૧ દિવસનો મુકામ કર્યો અને ૯૧ દિવસે ગોકુલમાં પરત પધાર્યા હતા.

સંદર્ભ નોંધ : ૪૦ સરખાવો -

જાત્વપિ ન વિપાસ્યેડહં ધર્મવિરુદ્ધં વચોડસ્ય દુષ્ટસ્ય ॥ કલ્લોલ ૭-૧૩



જહાંગીરને મળવા કાશ્મીર જતા શ્રીગોકુલનાથજી
(શુદ્ધાદ્વૈત સંસદ/વડોદરાના સૌજન્યથી)

ગોપાલદાસ અને કલ્યાણ ભટ્ટે બન્ને જણાએ આપશ્રીના ઉક્ત યાત્રા-પ્રવાસનો વિગતવાર લાંબો અહેવાલ લખ્યો છે. ભૌગોલિક દૃષ્ટિએ તેમની આપેલી વિગતો ઉપયોગી છે. શ્રીગોકુલનાથજીની સંગાથે યાત્રા-પ્રવાસમાં ૨૦૦ લોકો હતા અને તેમનો સરસામાન લઈ જવા માટે સંખ્યાબંધ ઘોડા અને ગાડાં હતા. રસ્તામાં ઘણા બધા વૈષ્ણવો જોડાતા અને થોડા દિવસ સંગાથ કરી પરત જતા હતા. કેટલાક વૈષ્ણવો શ્રીગોકુલનાથજીનો સંગાથ છોડવા તૈયાર જ નહોતા થતા અને શ્રીગોકુલનાથજીએ તેમને ઘરે પાછા ફરવાનું કહેવા છતાં તે બધા તેમના સંગાથમાં જ રહ્યા. યાત્રા-પ્રવાસ દરમિયાન વિવિધ પ્રકારની ચર્ચા-વાર્તા થતી. આ ઘટના, અર્વાચીન કાળમાં વિનોબાજીની પદયાત્રાનું સ્મરણ કરાવે છે.

શ્રીગોકુલનાથજીએ કાશ્મીરમાં રામરાયનાબગીચામાં મુકામ કર્યો હતો. આપનું સ્વાગત-સામૈયું કરવા તે ગયો હતો.ત્યારપછી શ્રીગોકુલનાથજીને જાણવા મળ્યું કે, બાદશાહ તો કાશ્મીરના જંગલોમાં શિકાર કરવા એક મહિના માટે ગયા છે અને વૈષ્ણવો તેથી નિરાશ થયા, પરંતુ શ્રીગોકુલનાથજીએ તેમને કહ્યું કે, હું ટૂંક સમયમાં જ પરત આવીશ.

ગોસ્વામી શ્રીગોકુલનાથજી કેટલાક અધિકારીઓને મળ્યા અને તે બધાએ તેમને સન્માન્યા હતા. કાશ્મીરમાં શ્રીગોકુલનાથજી પધાર્યા તે પછી ત્રીજે દિવસે આપશ્રી આસફખાનને મળવા ગયા જે એ વાતથી અત્યંત ખુશ થયો હતો કે શ્રીગોકુલનાથજીએ કહ્યું હતું કે, માલા-તિલકને ત્યજવાના બાદશાહી ફરમાન અંગે પોતે બાદશાહને મળવા કાશ્મીર પણ આવશે તે વચનને આપશ્રીએ પાળ્યું હતું. આફસખાને શ્રીગોકુલનાથજીને સલાહ આપી હતી કે બાદશાહના હુકમનો તેમણે અમલ કરવો અને જો કામચલાઉ ધોરણે માલા ત્યજવામાં આવે તો તે અધાર્મિક કૃત્ય બનશે નહીં. વળી, તેણે શ્રીગોકુલનાથજીને એવું પણ કહ્યું કે, જો બાદશાહના હુકમ અનુસાર કરશો નહિ, તો તે ક્રોધે ભરાશે અને ભારે આપત્તિના ભોગ બનવું પડશે. શ્રીગોકુલનાથજીએ જવાબમાં કહ્યું કે, હું મારા ધર્મના મુદ્દે મારો આત્મા કહેશે તે પ્રમાણે વર્તીશ અને અધિકારીઓને ભારે આપત્તિનો મારે ભોગ બનવું પડશે એવો ભય રાખવો જરૂરી નથી.

જહાંગીર શિકારની તેની નિશ્ચિત સમયાવધિ પહેલાં પરત આવી ગયો અને શ્રીગોકુલનાથજી વિક્રમ સંવત ૧૬૭૭ના આસો મહિનાની વદ ત્રીજને[૪૧] દિવસે સાંજે તેને મળવા ગયા હતા. આસફખાને જહાંગીર બાદશાહને શ્રીગોકુલનાથજીના પધારવાની ખબર આપી અને બાદશાહે તેમને આવવા દેવા માટે હુકમ કર્યો. શ્રીગોકુલનાથજીએ બાદશાહ સમક્ષ પોતાના (બેનના પુત્ર) ભાણેજ મધુસૂદન સાથે પ્રવેશ કર્યો તેને આશિષ આપ્યા અને બે નાળિયેર અને નવ રૂપિયા ભેટ તરીકે આપ્યા.

તે પછી, બાદશાહ જહાંગીરે શ્રીગોકુલનાથજીને પ્રશ્ન કર્યો કે, ચિદ્રૂપની ઇચ્છાનુસાર તમે માલાનો ત્યાગ કેમ નથી કર્યો ? તેનો ઉત્તર આપતાં શ્રીગોકુલનાથજીએ કહ્યું કે, કોઇપણ ધર્મશાસ્ત્ર તેનો ત્યાગ કરવાનો આદેશ આપતું નથી. આથી, જહાંગીરે જાણવા માંગ્યુ કે, તો પછી તમે ચિદ્રૂપ કહેશે તેમ કરવાનું લેખિતમાં શા માટે આપ્યું ? શ્રીગોકુલનાથજીએ તેનો ઉત્તર આપતાં કહ્યું કે, ચિદ્રૂપ સંન્યાસી મને ધર્મશાસ્ત્રોનો આધાર બતાવીને કહેશે કે માલાનો ત્યાગ કરો એવું હું માનતો હતો અને તેથી મેં લેખિતમાં આપ્યુ હતું કે હુ ધર્મશાસ્ત્રોના આધારે મને જે કંઇ સંન્યાસી કહેશે તેમ કરીશ. પરંતુ તેમ ન કરતાં તેણે ધર્મશાસ્ત્રોની આજ્ઞાવિરુદ્ધ માલા ત્યાગ કરવા કહ્યું એટલે મેં માલાનો ત્યાગ

સંદર્ભ નોંધ : ૪૧ ગોપાલદાસ અનુસાર બીજને દિવસે

કર્યો નથી. તે વખતે કેટલાક અધિકારીઓએ શ્રીગોકુલનાથજીને બાદશાહને ગુસ્સે ન કરવા જણાવ્યું, પરંતુ બાદશાહની સાથેના વાર્તાલાપમાં ગોકુલનાથજી એ મુદ્દે અડગ રહ્યા અને હિંમતથી બાદશાહને રૂબરૂમાં કહ્યું કે, હું ધર્મશાસ્ત્રોની આજ્ઞા વિરુદ્ધ વર્તીશ નહીં.

ત્યારે, જહાંગીરે કહ્યું કે, તમે તુલસીની માલાને બદલે મોતીનો હાર ધારણ કરો અથવા તો રુદ્રાક્ષની માળા પહેરો.

શ્રીગોકુલનાથજી ઉત્તર આપતાં કહ્યું કે, અમારાં ધર્મશાસ્ત્રો અમને તુલસીની માલા જ અમારે ધારણ કરવી પહેરવી અને બીજું કંઇ જ નહિ એવી આજ્ઞા કરે છે.

આ તબક્કે, શ્રીગોકુલનાથજીએ મહાભારત અને ભાગવતમાંના કેટલાક પ્રસંગો કહી બતાવ્યા, ત્યારે બાદશાહ જહાંગીરે કહ્યું કે, સંન્યાસી ચિદ્રૂપના નહિ, પણ મારા પોતાના શબ્દોનું તો માન રાખો. શ્રીગોકુલનાથજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, હું તેમ કરી શકું નહિ,[૪૨] કારણ કે માલાનો ત્યાગ કરું એ મારા માટે અધર્મનું આચરણ બની રહે, પરંતુ બાદશાહના ફરમાનને માન આપવા માટે હું મારી તમામ સંપત્તિ-મિલકત સહિત ગોકુલનો ત્યાગ કરવા તૈયાર છું.

ચિદ્રૂપ સંન્યાસીએ બાદશાહને લખ્યું હતું કે જો શ્રીગોકુલનાથજી તુલસી-માલાનો ત્યાગ કરે નહિ, તો તેને ગોકુલ છોડી-ત્યજી જવા કહેવું. આથી, જહાંગીરે ચિદ્રૂપના લખ્યા પ્રમાણે શ્રીગોકુલનાથજીને કહ્યું કે, લેખિતમાં આપો કે તમે ગોકુલ ત્યજી જશો અને બનારસ જઇ રહેશો. શ્રીગોકુલનાથજીએ તેમ લખી આપ્યું અને નિવાસસ્થાને પધાર્યા. આથી બાદશાહ આશ્ચર્યચકિત થયો અને પોતાના કહેવાથી એક કાષ્ટની માલા ખાતર[૪૩] શ્રીગોકુલનાથજી પોતાની બધી જ સંપત્તિનો ત્યાગ કરવા તૈયાર થઇ ગયા હતા એ હકીકતથી તે ભારે પ્રભાવિત થઇ ગયો. પછીથી, બેગમ નૂરમહાલ કે જેણે શ્રીગોકુલનાથજી અને બાદશાહ વચ્ચેનો વાર્તાલાપ સાંભળ્યો હતો તેણે બાદશાહને કહ્યું કે, શ્રીગોકુલનાથજીને બનારસ જઇ રહેવાનો બાદશાહનો હુકમ પોતાને ગમ્યો નથી. આથી કહે છે કે, જહાંગીરે હુકમમાં ફેરફાર કર્યો અને શ્રીગોકુલનાથજીને કહ્યું કે, ગોકુલની નજીકનું જે સ્થળ તમને ગમે ત્યાં જઇ તમે નિવાસ કરો.

કાશ્મીર છોડતાં પહેલાં, શ્રીગોકુલનાથજી અસફખાનને મળ્યા હતા. આપે તેને કહ્યું કે જો હું બનારસ જઇશ તો પણ ચિદ્રૂપ સંન્યાસી કંઇક કનડગત કરશે અને તેથી હું સુકરક્ષેત્ર એટલે કે સોરમ જો બાદશાહ પરવાનગી આપશે તો જવા ઇચ્છું છું. અસફખાને કહ્યું કે આપની દરખાસ્ત યોગ્ય છે અને તેથી એક માણસને પાછળ મૂકતા જાઓ જેથી હું તેની સાથે બાદશાહી ફરમાન થોડા દિવસમાં મોકલું. પછીથી શ્રીગોકુલનાથજીને સોરમ નિવાસ કરવાની પરવાનગી આપતો હુકમ બાદશાહ તરફથી મળ્યો હતો.

સંદર્ભ નોંધ : ૪૨ **સરખાવો**

સૂર્જ ઈતકો ઉત ફિરે પે માલા ઉતારિયે નાંહિ -એલ.પી.પારેખ - માલા પ્રસંગનો સાર પૃ. ૬૨
શ્રીગોકુલનાથજી અને જહાંગીર વચ્ચેના વાર્તાલાપને વિગતે જોવા જુઓ કલ્યાણ ભટ્ટ કૃત ૮ મો કલ્લોલ તરંગ ૧૭ થી ૧૯

સંદર્ભન નોંધ : ૪૩ **સરખાવો**

દેખો ભાઇ દમડીકી માલા કે લિયે એતનો કિયો
સબ કૌઉ કહે ઘર ન છોડ, ઘર છોડ સે ઇન લિખ દિયો ।-

- આ શબ્દો જહાંગીરે પોતાના અમીર-ઉમરાવો સમક્ષ કહ્યા હતા. - એમ.એલ.ગાંધી કૃત ગોસ્વામી શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર પૃ ૨૭૧

ગોકુલ આવ્યા પછી. જ્યોતિષશાસ્ત્રીઓ સાથે શ્રીગોકુલનાથજીએ પરામર્શ કર્યો અને કારતક સુદ પાંચમને દિને ગોકુલથી પ્રસ્થાન કરવા નિર્ણય લીધો. (રાજકીય અને ધાર્મિક કારણોસર ખેડૂતોએ કરેલા સ્થળાંતર-હિજરતના પ્રસંગની આપણને યાદી આપે છે). ગંગા નદીમાં આવતાં પૂરના ભયને ખાળવા માટે કોઇ પહાડ-ટેકરી પરની સપાટ ભૂમિ પર પડાવ નાખીને રહેવું એવો નિર્ણય કરવામાં આવ્યો. પ્રારંભમાં ઘણી બધી મુશ્કેલી પડી હતી. ચોર અને હિંસક પશુઓનો ભય રહેતો. એક વખત, કેટલાક ચોરો બળદો ચોરી ગયા હતા, પરંતુ આખરે પરત આપી ગયા હતા. વળી ચિદ્રૂપના ચઢાવ્યાથી સ્થાનિક અધિકારીએ વેપારીઓને મનાઇ કરી હતી કે ગોસ્વામી અને તેના શિષ્યોને કંઇ ચીજવસ્તુઓનું વેચાણ કરવું નહીં. માત્ર એક વણિક વેપારી નામે ઉધમે ચોરીછૂપીથી વિવિધ ચીજવસ્તુઓ વેચાણ કરી હતી. ત્યારદછી, લશ્કરખાને સ્થાનિક અધિકારીઓને લેખિત સૂચના આપી કે, શ્રીગોકુલનાથજીને આ પ્રકારની કોઇ કનડગત કરવી નહીં. દરમિયાનમાં અનંતદાસ કાશ્મીરથી જહાંગીરનો લેખિત પત્ર જેમાં તેણે શ્રીગોકુલનાથજીને સોરમમાં રહેવાની પરવાનગી આપી હતી તે લઇને આવી પહોંચ્યા.

કેટલાક સમય પછી, જહાંગીર કાશ્મીરથી પરત આવ્યો. એક દિવસ નૂર-મહાલે તેને કહ્યું કે શ્રીગોકુલનાથજીને ગોકુલ છોડવાનો કરેલો હુકમ તેમને અન્યાયકર્તા હતો. વળી, એક ફકીરે પણ બાદશાહને કહ્યું કે શ્રીગોકુલનાથજીને નાહક મુશ્કેલીમાં મૂક્યા હતા અને ચિદ્રૂપ સંન્યાસી જુઠ્ઠો હતો જ્યારે શ્રીગોકુલનાથજી સત્યના માર્ગ હતા. એક વખત બન્યું એવું કે, જહાંગીરે મથુરા પ્રદેશનો પ્રવાસ કર્યો. ત્યારે ચિદ્રૂપ સંન્યાસીના નિવાસસ્થાન નજીકથી પસાર થયો પરંતુ ચિદ્રૂપને મળવા પણ ગયો નહીં. લોકો અક્રૂર ઘાટ ખાતે જમા થયા અને તેમણે બાદશાહને ફરિયાદ કરી કે, ચિદ્રૂપ સંન્યાસી કેવી કેવી કનડગતો કરતો હતો. ચિદ્રૂપ સંન્યાસીએ જહાંગીર બાદશાહને પ્રભાવિત કરવા વશીકરણના જંતરમંતરના પ્રયોગો કર્યા, પરંતુ તેમાં તેને સફળતા મળી નહીં. બાદશાહ જહાંગીરે ગોકુલથી પસાર થતાં જોયું કે, તેની સમગ્ર જાહોજલાલી લુપ્ત થઇ હોય એવું જણાયું. આથી, બાદશાહે અસફખાનને જણાવ્યું કે, શ્રીગોકુલનાથજી મને આગ્રામાં આવી મળે અને ત્યારબાદ ગોકુલ[૪૪] પરત જાય એવો પ્રબંધ કરવો. જ્યારે શ્રીગોકુલનાથજીને આની જાણ કરવામાં આવી ત્યારે આપશ્રી ગોકુલ ૩ $\frac{૧}{૨}$ મહિના પછી એટલે કે ચૈત્ર વદની દસમના દિવસે પરત પધાર્યા. આ પ્રસંગનું ગોપાલદાસ અને કલ્યાણ ભટ્ટ એમ બન્નેએ કાવ્યમય બાનીમાં નિરૂપણ કર્યું છે.

આ પ્રકારે, શ્રીગોકુલનાથજીને અનેક મુશ્કેલી સહન કરવી પડી હતી અને સ્વધર્મના સત્યને ખાતર આપે આપનું વ્હાલું ગોકુલ અને તમામ માલમિલકત ત્યજ્યાં હતાં. આપશ્રીનો સવિનય કાનૂની સંઘર્ષ અને અહિંસક સત્યાગ્રહ હતો. શ્રીગોકુલનાથજીએ ભારે દઢતાપૂર્વક સંઘર્ષ કર્યો હતો અને સાથોસાથ માલા-તિલકના પ્રશ્ને અત્યંત સાવધાની અને શાણપણભરી રણનીતિ અપનાવી હતી તથા શાસનકર્તા ઉચ્ચ અધિકારીઓ સાથે અનાવશ્યક ટકરાવ ટાળ્યો હતો એટલું જ નહિ પણ આપશ્રી ધર્મશાસ્ત્રોની આજ્ઞાનુ અનુપાલન કરી રહ્યા હતા એવી અમીટ છાપ તે અધિકારીઓ પર પાડી-પાડવાને સમર્થ સિદ્ધ થયા હતા, એવું આપણને જોવા મળે છે. આપશ્રી આપના આદર્શો પ્રતિ પ્રતિબદ્ધ રહ્યા હતા અને સ્વધર્મનો ત્યાગ કરવાને બદલે સર્વસ્વનું બલિદાન કરવાનું આપને વધુ પસંદ પડ્યું હતું. તે કાળે, બાદશાહી ફરમાન સામે થવામાં ભારે જોખમ રહેતું હતું, છતાં પણ આપશ્રીના પવિત્ર જીવન તથા વ્યવહારુ અને ધૈર્યવાન નીતિએ લશ્કરખાન ને અસફખાન જેવા ઉચ્ચ અધિકારીઓના હૃદયને જીતી લીધાં હતાં. અંતે, બાદશાહ જહાંગીરને પણ શ્રીગોકુલનાથજીના સ્વધર્માચરણનો ટેક સમજમાં આવ્યો હતો. આ બધી ઘટના, આપશ્રીના

સંદર્ભ નોંધ : ૪૪ સરખાવો- જબ તુમ્હારો ગોકુલ તુમકો મુબારક હો કહ્યું તેહ । એમ.એલ.ગાંધી કૃત ગોકુલનાથજીનું જીવનચરિત્ર પૃ-૩૦૭

ધર્મપ્રેમ, ધૈર્ય અને હિંમત તથા વૈરાગ્યભાવનાની દ્યોતક છે. આના પરિણામે, આ ભારે કસોટીભરી ઘટનાએ પુષ્ટિમાર્ગને પાયાના પથ્થરસમુ બળ પ્રદાન કર્યું હતું, અન્યથા પુષ્ટિમાર્ગને અવનત થવાનો વારો આવત. પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં આ ઘટનાનું મહત્ત્વ, સાચે જ એક પથપ્રદર્શક સીમાચિહ્ન સમાન છે.

આ ઘટના-પ્રસંગથી શ્રીગોકુલનાથજીને ભારે કીર્તિ પ્રાપ્ત થઇ અને ઉપર કહ્યું છે તેમ, આપશ્રીને "માલા-પ્રસંગવાળા" એવું લોકપ્રિય બિરુદ પ્રાપ્ત થયું હતું. આથી શ્રીગોકુલનાથજી તરફ ઘણાબધાં લોકો આકર્ષાયા હોય અને શિષ્યો બન્યા હોય તથા આપશ્રીને જ ભગવાન માનવા લાગ્યા હોય એ શક્ય છે, કારણ કે એ સમય-કાળ જ એવો હતો કે બાદશાહી ફરમાન અને તે પણ જહાંગીર જેવા જીદ્દી સ્વભાવના બાદશાહનું અથવા તો તેના વરિષ્ઠ અધિકારીઓનું હોય તેનો કોઇ વ્યક્તિ કદાપિ અનાદર કરવાની હિંમત કરે એ હકીકત જ તત્કાલીન સમાજના લોકોની કલ્પના બહારની વસ્તુ હતી. કદાચ આથી જ શ્રીગોકુલનાથજીના સંબંધમાં ઘટેલી "માલા-પ્રસંગ"ની ઘટનાને બિરદાવતા અનેક લેખો-કાવ્યોની સ્મૃતિરૂપે રચના થઇ હતી.[૪૫]

શ્રી એમ.સી.પારેખ નામના એક લેખક કે જે પુષ્ટિમાર્ગના અનુયાયી નહોતા, તેમણે માલા-પ્રસંગની ઘટનાનું તટસ્થ મૂલ્યાંકન નીચે દર્શાવ્યા મુજબ કર્યું છે :-

શ્રીવિઠ્ઠલનાથજીના બધાં બાળકોમાં ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી સૌથી સમર્થ અને તેજસ્વી બાળક હતાં. આપશ્રી વય અને બુધ્ધિની દ્રષ્ટિએ પ્રગતિ કરે અને પીઢ બને તે સમયગાળા દરમિયાન તો, શ્રીવલ્લભાચાર્યે પ્રવર્તાવેલ પુષ્ટિમાર્ગે સમગ્ર પશ્ચિમ ભારતમાં અને તેમાંય ખાસ કરીને મેવાડ, મારવાડ અને ગુજરાતમાં નિજને સુસ્થાપિત કરી દીધો હતો. પુષ્ટિમાર્ગની આ પ્રકારની પ્રગતિ ઉત્તરોત્તર થતી જોઇને, વૈદિક ધર્મના રૂઢિચુસ્ત પ્રવર્તકોને વિવિધ કારણોસર ભારે આંચકો લાગ્યો અને તેથી પુષ્ટિમાર્ગનો વિરોધ નિરંતર કરવાનો માર્ગ તેમણે અપનાવ્યો હતો. આવા લોકોની દૃષ્ટિમાં શ્રીવલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગમાં શ્રીમદ્ ભાગવતને પુરાણોમાં મહાપુરાણ તરીકે અપાયેલું પ્રાધાન્ય એ પુષ્ટિસંપ્રદાયનો ભારે દોષ-અપરાધ હતો. વળી, પુષ્ટિસંપ્રદાયમાં બ્રાહ્મણો અને સંન્યાસીઓનું સ્થાન અન્ય લોકો કરતાં ઉચ્ચ અપાયું નહોતું, જેથી સ્થાપિત વર્ણાશ્રમધર્મ અને સામાજિક-ધાર્મિક મર્યાદાનો ભંગ થયો હતો.

પુષ્ટિ સંપ્રદાયની સામે વિરોધના થયેલા આ વંટોળમાં, ચિદ્રૂપ નામના સંન્યાસીનો અવાજ સૌથી પ્રબળ અને શક્તિશાળી હતો. આ સંન્યાસીની દિલ્હી દરબારમાં બાદશાહ જહાંગીર પર ભારે વગ હતી. તેથી તે વ્યક્તિનું મહત્ત્વ સમજી શકાય છે. તેની દૃઢતાપૂર્વકની માન્યતા એવી હતી કે, પુષ્ટિમાર્ગ પાખંડી અને નાસ્તિકોનો માર્ગ હતો અને તેને નેસ્ત-નાબૂદ કરવાની બાબતને તે સંન્યાસીએ પોતાનું જીવન-ધ્યેય બનાવી દીધું હતું. આથી કેટલાક સમય સુધી શ્રીવલ્લભાચાર્યે પ્રવર્તાવેલ પુષ્ટિમાર્ગના અસ્તિત્વ વિશે જ, લોકોના મનમાં આશંકા-ભયની લાગણી પ્રવર્તતી હતી. ઠીક આ તબક્કે જ, શ્રીગોકુલનાથજી મોખરે આવ્યા અને ચિદ્રૂપનો વિરોધ કરતાં સામો પડકાર ફેંક્યો હતો. આથી વૈષ્ણવોના હ્રદયમાં નવી આશા જન્મી અને નવા ઉત્સાહનો સંચાર થયો. વળી આપશ્રીએ પુષ્ટિમાર્ગના સંરક્ષણાર્થે બાદશાહને મળવા તે કાળે અત્યંત કઠિન એવો કાશ્મીર સુધીનો પ્રવાસ ખેડ્યો હતો. બાદશાહ જહાંગીર આ મુલાકાતથી પ્રભાવિત થયો હતો અને તેણે હુકમ કર્યો કે, શ્રીગોકુલનાથજીના શિષ્યોને-અનુયાયીઓને પોતાનો ધર્મ કોઇપણ જાતની રોક-ટોક વિના અનુસરવા દેવો અને પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવા દેવાનો હક્ક શ્રીગોકુલનાથજીને આપવામાં આવે છે. આમ, પુષ્ટિમાર્ગના અનુયાયીઓની થતી કનડગતનો અંત આવ્યો હતો અને શ્રીગોકુલનાથજીનો

સંદર્ભ નોંધ : ૪૫ જુઓ પરિશિષ્ટ-૩

વિજય થયો હતો. નવોદિત પુષ્ટિમાર્ગને આવી અનેકવિધ અને ભારે કટોકટીમાંથી પસાર થવું પડ્યું હતું અને આથી જ તે સમયથી માંડીને આજપર્યંત શ્રીગોકુલનાથજીને પુષ્ટિમાર્ગના[૪૬] સંરક્ષકરૂપે સન્માનભરી દૃષ્ટિથી જોવામાં આવે છે.

(૭) માલા-પ્રસંગની ઘટનાનું વિશ્લેષણ[૪૭]

શ્રીગોકુલનાથજીના સંબંધમાં અત્યંત જાણીતી એવી 'માલા-પ્રસંગ'ની ઘટનાના સત્ય અને ઐતિહાસિકતા વિશે કેટલાક લોકો શંકા કરે અને કહે છે કે, જહાંગીર બાદશાહના 'તુઝક'-ઇ-જહાંગીરી નામક રોજનામામાં શ્રીગોકુલનાથજી કે માલા-પ્રસંગનો ઉલ્લેખ કરતો એક અક્ષરસુધ્ધાં લખાયેલો જોવા મળતો નથી. આથી એમ કહી શકાય કે, માલા-પ્રસંગનો આખો પ્રસંગ શ્રીગોકુલનાથજીના અનુયાયીઓએ ઉત્સાહમાં આવી જઇને ઉપજાવી કાઢ્યો હોય. વળી, આ પ્રસંગનો ઉલ્લેખ તત્કાલીન મુસ્લિમ લેખકોના લખેલા ઇતિહાસમાં જોવા મળતો નથી અને ન તો કોઇબીજા ગ્રંથોમાં તે જોવા મળે છે સિવાય કે શ્રીગોકુલનાથજી અને પુષ્ટિમાર્ગના અનુયાયીઓના લખેલા ગ્રંથોમાં-લખાણોમાં.

ઉપર્યુક્ત વિરોધી દલીલોમાં ખાસ કોઇ દમ જણાતો નથી. જહાંગીરના ઉક્ત રોજનામામાં તેના જીવનના રોજબરોજના પ્રસંગો લખાયેલા જોવા મળતા નથી. દાખલા તરીકે, સર ટોમસ રો સાથેની જહાંગીરની ઐતિહાસિક મુલાકાત તેના રોજનામા 'તુઝકમાં' નોંધાયેલી જોવા મળતી નથી. તેના ઉક્ત રોજનામામાં-તુઝકમાં ચિદ્રૂપ સંન્યાસીનો ઉલ્લેખ બે સ્થળે જોવા મળે છે, પરંતુ ત્યારપછી તેના નામનો કયાંય ઉલ્લેખ જ જોવા મળતો નથી. આપણને એવું જોવા મળે છે કે, બાદશાહ જહાંગીરને વૈષ્ણવો માલાનો ત્યાગ કરે તે બાબતમાં સર્વથા રસ નહોતો, પરંતુ સંન્યાસીને રાજી રાખવા અને તેના શબ્દોનું સન્માન થાય તે જોવાની તેની ઇચ્છા-માત્ર હતી.

વધુમા, બાદશાહ જહાંગીરે એવો કોઇ હુકમ કર્યો નહોતો કે, સમસ્ત વૈષ્ણવોએ માલાનો ત્યાગ કરવો. જો તેણે એવો કોઇ હુકમ કર્યો હોત તો, જ્યારે શ્રીગોકુલનાથજી તેને સીકરી મુકામે વિ.સં.૧૬૭૫ના ફાગણ મહિનામાં રૂબરૂ મળ્યા ત્યારે જહાંગીરે શ્રીગોકુલનાથજીને હુકમનું પાલન કરવા અવશ્ય કહ્યું હોત. તેના બદલે, બાદશાહ જહાંગીરે માત્ર એટલી જ સૂચના પોતાના અધિકારીઓને આપી કે સંન્યાસીના શબ્દોને માન અપાય તે જોવું. નાના-મોટા બધા જ અધિકારીઓ જાણતા હતા કે, બાદશાહ સંન્યાસીથી પ્રભાવિત હતો અને તેથી તેની ઇચ્છાનુસાર તે બધાએ કાર્યવાહી કરવાના પ્રયાસમાત્ર કર્યા હતા. વધુમાં, તે વખતે શ્રીગોકુલનાથજીએ કોટવાલ ઉમેદરામને કહ્યું હતું કે, માલા બાબતમાં બાદશાહ જહાંગીરનો કોઇ લેખિત હુકમ હોય તો તે બતાવો. અધિકારીઓ પાસે એવો કોઇ હુકમ[૪૮] હતો નહિ અને તેથી તે બતાવી શક્યા નહીં. વળી, સરકારી અધિકારીઓ આ કિસ્સામાં કોઇ સખ્તાઇ કરી શક્યા નહિ, કારણ કે ભૂતકાળ અને વર્તમાનકાળના શાસકોએ ગોસ્વામી બાળકોને સન્માનિત કર્યા હતા. એટલું જ નહિ પણ તેમને ખાસ સત્તા અને આવક તથા ઉપજના હક્કો આપતા શાહી ફરમાનો કર્યાં હતાં.[૪૯] આ હકીકતથી તે બધા વાકેફ હતા અને એવાં ફરમાનો તેમની પાસે વાસ્તવમાં હતાં એ પણ હકીકત હતી.

સંદર્ભ નોંધ : ૪૬ એમ.સી.પારેખ 'શ્રીવલ્લભાચાર્ય નામક ગ્રંથ (ઈસ્વીસન ૧૯૪૩ની આવૃત્તિ) પૃ. ૨૯૦-૯૧

સંદર્ભ નોંધ : ૪૭ આ પ્રસંગની ઐતિહાસિકતા વિશે શ્રીરામલાલ સી. મોદી કૃત લેખ-સંગ્રહ પૃ. ૭૧ પર વિગતવાર ચકાસણી કરાયેલી છે.

સંદર્ભ નોંધ : ૪૮ જુઓ સંદર્ભ નોંધ ૩૮

સંદર્ભ નોંધ : ૪૯ જુઓ શાહી ફરમાનો (શ્રી કે.એમ.ઝવેરી સંપાદિત)

આમ છતાં, વૈષ્ણવોએ માલા-તિલક ધારણ કરવાં નહિ એવું જો કોઇ શાહી ફરમાન થયું હોત, તો તેનો ત્યારે આખા સામ્રાજ્યમાં અમલ થયો હોત અને તો તેનો આખા સામ્રાજ્યમાંથી કેટલાક વિસ્તારોમાં સ્થાનિકે સર્વથા વિરોધ પણ થયો હોત એ સ્વાભાવિક હતું. આવું બન્યા બાબત કોઇ નોંધ તત્કાલિન ઇતિહાસ-સાહિત્યમાં થઇ હોય એવું જોવા મળતું નથી. ચિદ્રૂપ સંન્યાસીનો પ્રભાવ ભલે બાદશાહ પર હતો પણ સંભવ એ છે કે, ચિદ્રૂપ સંન્યાસી મથુરા નજીકનો હતો એટલે સ્થાનિક ત્યાંના સરકારી અધિકારીઓએ માલા-તિલકનો ત્યાગ કરવો એવી સખ્તાઇ કરી હોય. આ બધી હકીકત પરથી એવું તારણ કાઢી શકાય કે, આખા સામ્રાજ્યમાં કે દેશમાં આવી કોઇ જ કાર્યવાહી થઇ નહોતી. તદુપરાંત ચૈતન્ય[૫૦] સંપ્રદાય કે જેનું મુખ્ય કેન્દ્ર ત્યારે વૃંદાવન જે મથુરા નજીક જ હતું તેના ત્યારના સંપ્રદાય-સાહિત્યમાં આવું કોઇ શાહી ફરમાન થયું હતું તેનો ઉલ્લેખ સહેજ પણ થયો જોવા મળતો નથી.

કદાચિત આથી તે કાળના અન્ય ઇતિહાસકારોએ પણ આવાં કોઇ શાહી-ફરમાનનો પ્રસંગ થયાનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી અને અન્ય કોઇનું પણ ધ્યાન માલા-પ્રસંગની બાબતે આકર્ષ્યું જણાતું નથી. વળી, જહાંગીર બાદશાહને આ બાબતમાં પોતાનું વલણ અયોગ્ય હોવાની ખાતરી થતાં અને ગોસ્વામી બાળકો પ્રત્યે તેના પોતાના પૂર્વજો સન્માનભાવ ધરાવતા તે હકીકત જાણતો હતો એટલે તેણે પોતાના લખાયેલાં રોજનામામાં માલા-તિલક પ્રસંગનો ઉલ્લેખ કરવાનું સર્વથા ટાળ્યું હોય. અંતે, આ આખી ઘટના બાદશાહ જહાંગીરની કીર્તિને લાંછન લગાડનારી હોઇ તે કાળના અન્ય કોઇ મુસલમાન લેખકે તે અંગે કંઇપણ લખ્યું ન હોય.

પરંતુ આવા શાહી ફરમાનના પ્રસંગે વૈષ્ણવોમાં ભયની ભારે લાગણી પેદા કરી હતી, કારણ કે તેમના માટે તો એ તેમના ધર્મનો પ્રશ્ન હતો અને તેમની ધાર્મિક સ્વતંત્રતા પરની સીધી તરાપ સમાન હતો. આથી એ સ્વાભાવિક છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આ શાહી ફરમાન થયાના પ્રસંગને પુષ્ટિમાર્ગના ઇતિહાસનું મહત્ત્વનું સીમાચિહ્ન ગણે અને તેથી વૈષ્ણવ લેખકો અને તેમાંય તે શ્રીગોકુલનાથજીના અનુયાયીઓએ માલા-તિલક પ્રસંગનું વિગતવાર અને ભારે સ્તુતિ કરતું નિરૂપણ કર્યું હોય. અને અન્ય હિંદુ-મુસલમાન લેખકોએ મૌન ધારણ કર્યું હોય, કારણ કે તેમની દૃષ્ટિએ આ પ્રસંગ મહત્ત્વનો ન હતો અને વળી દેશ સમગ્રને સ્પર્શતો ન હતો.

બાદશાહે નિમંત્રણ આપવાથી શ્રીગોકુલનાથજી કાશ્મીર પધાર્યા હતા, તે હકીકતની સાબિતી પર્યાપ્ત પ્રમાણમાં જોવા મળે છે. ઉપર જણાવ્યું તેમ, આપશ્રી વિક્રમ સંવત ૧૬૭૭ એટલે કે ઇસ્વીસન ૧૬૨૧માં કાશ્મીર પધાર્યા હતા. વળી ઐતિહાસિક દસ્તાવેજો બતાવે છે કે તે વર્ષે બાદશાહ કાશ્મીર શિકારે ગયા હતા.[૫૧] બીજું આપશ્રીએ ૪૪૪ કોશની કાશ્મીર જવા માટે યાત્રા કરી હતી અને વિવિધ સ્થળે મુકામો કર્યા હતા, જેનું નિરૂપણ "માલોદ્ધાર" અને "૮મા કલ્લોલ"માં જે રીતે કરવામાં આવ્યું છે તે પણ ભૌગોલિક દૃષ્ટિએ સર્વથા સાચું છે. ત્રીજું, શ્રીગોકુલનાથજીની બેઠક કાશ્મીર-સોરમમાં છે એ હકીકત આપશ્રી ત્યારે સોરમ પધાર્યા હતા તેની સાબિતી છે અને વળી આજે પણ શ્રીગોકુલનાથજીના વૈષ્ણવ અનુયાયીઓ તે બેઠકજીની ભારે શ્રદ્ધાપૂર્વક યાત્રાએ જાય છે, કારણ કે તે માલા-તિલક પ્રસંગની સ્મૃતિ સાથે સંકળાયેલી છે. અંતમાં ચોથું, "માલોદ્ધાર" અને "કલ્લોલ" નામક ગ્રંથો માલા-તિલકનો પ્રસંગ બન્યા પછી ઘણા લાંબાગાળે લખાયા નથી, પરંતુ પ્રસંગ બન્યા પછી ૨૫ વર્ષમાં જ લખાયા છે[૫૨] અને વિવિધ સ્થળો

સંદર્ભ નોંધ : ૫૦ આ બાબતમાં મેં ચૈતન્ય સંપ્રદાયના વિદ્વાન ગોસ્વામીઓ પૈકીના એક એવા ગોસ્વામી અનંતદાસ સાથે પરામર્શ કર્યો હતો.

સંદર્ભ નોંધ : ૫૧ જુઓ તઝુર્ક-ઇ-જહાંગીરી વો-૨ પૃ. ૧૦૧ (રોજર્સ સંપાદિત)

સંદર્ભ નોંધ : ૫૨ જુઓ-વેણુનાદ-ગ્રંથ ભાગ ૧ લો (૬) પૃ. ૧૫૨

અને વ્યક્તિઓનું જે નિરૂપણ લેખકોએ કર્યું છે તે જોતાં આખો પ્રસંગ સર્વથા ઉપજાવી કાઢેલ જણાતો નથી. આથી, તે બન્ને લેખકોએ આખો પ્રસંગ ઉપજાવી કાઢવાનું કોઇ તરકટ કર્યું હતું એ વાતને માની લેવી તે ભારે મુશ્કેલ છે. આથી માલા-પ્રસંગનું જે રીતનું ભવ્ય નિરૂપણ ગોપાલદાસ અને કલ્યાણ ભટ્ટે કર્યું છે તે માત્ર લોકવાયકા અને નિતાંત જુઠાણાને આધારે જ કર્યું છે એમ સર્વથા કહી શકીએ નહીં. આથી આ માલા પ્રસંગ એક ઐતિહાસિક ઘટના છે અને ઉપજાવી કાઢેલ તરકટ નથી. અન્યથા, શ્રીહરિરાયજી અને અન્ય લોકો શ્રીગોકુલનાથજીનો "માલાના સંરક્ષક" તરીકે ઉલ્લેખ કરે નહીં.[૫૩] વળી, તત્કાલિન ઇતિહાસકારોએ તેની નોંધ લીધી નથી એટલે આ પ્રસંગને માત્ર બિન-ઐતિહાસિક કહીને આપણે ઉવેખી શકીએ નહીં.

નીચે દર્શાવેલ વિધાનને જોતાં આ માલા-તિલકનો પ્રસંગ બાદશાહ જહાંગીરના રાજ્યકાળમાં બન્યો હોય એમ જણાતું નથી :-

> "માલા-પ્રસંગ" કા જો ઉલ્લેખ સંપ્રદાયમે મિલતા હૈ, ઇસ કા ઉલ્લેખ જહાંગીર સે સંબંધ રખનેવાલે કિસી ગ્રંથ મેં નહીં હૈ । ઔર જહાંગીર કી ઉદાર નીતિ સે ઇસકા મેલ ભી નહીં બૈઠતા હૈ । ઐસા લગતા હૈ કિ યહ પ્રસંગ શાહજહાં કે રાજ્યારોહણ કે બાદ કા હી હૈ, ક્યોં કિ ઉસિને પુરાને મંદિરો કે જીર્ણોદ્ધાર કો રોક દિયા થા । શાહજહાં કા સમય સંવત ૧૬૮૫ સે ૧૭૧૫ તક હૈ ઔર શ્રીગોકુલનાથજી કિ ઉપસ્થિતિ સંવત્ ૧૬૭૭ કો બતાઇ જાતી હૈ । કિંતુ સંવત્ ૧૬૭૭ (સન્ ૧૬૨૦) મે જહાંગીર કા શાસન શાંતિપૂર્ણ ઢંગ સે ચલ રહા થા, કેવલ (સન્ ૧૬૨૧) સંવત ૧૬૭૮ મે જહાંગીરને વિદ્રોહ કિયા થા ઔર વહ આગરે હોકર દિલ્લી ગયા થા । યહ ઘટના ઉસ સમય કી હો સકતી હૈ જિસકા સંબંધ જહાંગીર સે જોડના અનુચિત હૈ । સન ૧૬૨૧-૨૩ તક શાહજહાં ને સારે ઉત્તર ભારત કી શાંતિ ભંગ કર દી થી ।[૫૪]

ઉપર કરવામાં આવેલી દલીલો સર્વથા સાચી નથી. આમાં દર્શાવેલી કેટલીક તારીખો પણ ખોટી છે. દાખલા તરીકે, શાહજહાંનો રાજ્યકાળ ઇસ્વીસન ૧૬૨૭-૫૭નો એટલે કે સંવત ૧૬૮૩ થી ૧૭૧૪-૧૫નો હતો અને નહિ કે ૧૬૮૫-૧૭૧૫ વિ.સંવત. માલા-પ્રસંગની ઘટનાને રાજકીય ઉથલપાથલ સાથે કોઇ સંબંધ નથી. વળી જહાંગીરે પોતાના રોજનામામાં ચિદ્રૂપ સંન્યાસીનો ઉલ્લેખ કર્યો છે અને તે સન ૧૬૨૦-૨૧માં પોતે કાશ્મીર ગયો હતો જે વર્ષ-સંવત ૧૬૭૭માં શ્રીગોકુલનાથજી તેને મળવા આવ્યા હતા એવું પણ તેણે નોંધ્યું છે. આથી માલા-પ્રસંગની ઘટના બાદશાહ શાહજહાંના સમયમાં બની હતી એમ કહેવું તેનો કોઇ આધાર રહેતો નથી.

(૮) શ્રીગોકુલનાથજી અને ગુજરાતમાં કવિ અખો

ગુજરાતી સાહિત્યનાં કેટલાંક ઐતિહાસિક પુસ્તકોમાં શ્રીગોકુલનાથજી વિરુદ્ધ હાનિકારક એવાં વિધાનો થયાં હોવાનું જોવા મળે છે.[૫૫] શ્રી કે.એમ. મુનશીના મતાનુસાર ઇસ્વીસન ૧૬૧૫-૧૬૭૪ લગભગમાં થયેલા અને ઉમાશંકર જોશીના મતાનુસાર ઇસ્વીસન ૧૫૯૧-૧૬૫૬ લગભગ સમયગાળામાં થયેલા ગુજરાતી કવિ અખાએ કાવ્યની રચના એક છપ્પામાં નીચે દર્શાવ્યા મુજબ લખ્યું છે.

સંદર્ભ નોંધ : ૫૩ જુઓ પરિશિષ્ટ ૩

સંદર્ભ નોંધ : ૫૪ હરિહરનાથ ટંડન વાર્તાસાહિત્ય પૃ. ૩૯૩

સંદર્ભ નોંધ : ૫૫ જુઓ શ્રી કે.એમ. ઝવેરી કૃત ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો (પૃ. ૭૨-૭૩) ગોકુલનાથજીને ખરા સ્વરૂપે ઓળખાવતાં કહે છે "ગુરુ કર્યા મેં ગોકુલનાથ..." કંઠે પહાણ શકે કેમ તરી? અને બીજા લખાણની પાદટીપમાં લખ્યું છે કે આ વાંચતાં "તેમાથી કટાક્ષ અદશ્ય થઇ જાય છે."
આ અંગે શ્રી કે.એમ. મુનશી લિખિત "ગુજરાત અને તેનું સાહિત્ય "નામક ગ્રંથના પૃ. ૧૩૦ અને " જનં નર્મગદ્ય" ના પૃષ્ટ ક્રમાંક ૪૫૮ તથા શ્રી જી.એન.ત્રિપાઠી "ગુજરાતના મહાન કવિઓ"ના પુષ્ઠ ૩૨ને વંચાણે લેવાં

શ્રીગોકુલનાથજી વિશે હીણું દેખાય એક કાવ્યને આધારે જ તેવી પરિસ્થિતિ નિર્માણ થઇ લાગે છે :-[૫૬]

ગુરુ કર્યા મેં ગોકુલનાથ, ઘરડા બળદને ઘાલી નાથ
ગુરુએ મુજને ઘાલી નાથ, નગુરા મનને ઘાલી નાથ
ધન હરે ધોકો નવ હરે, એ ગુરુ શું કલ્યાણ કરે ?
ગુરુ થઇ બેઠો હોંશે કરી, કંઠે પહાણ શકે કેમ તરી ?

(જનં; નર્મગદ્ય)માં (પૃ. ૪૫૮) પર પ્રથમવાર આ કાવ્યપંક્તિ-છપ્પો જોવા મળે છે. અખાએ યાત્રાના સ્થળોના કરેલ પ્રવાસના વિવિધ અહેવાલોમાંથી એકમાંનો આ છપ્પો દર્શાવે છે કે અખો જયપુર ગયો હતો અને ગોસ્વામી મહારાજ સંગાથે રહ્યો હતો. ત્યાં ધર્મનો ઉપદેશ આપતાં પ્રવચનો તેને સાંભળવા મળેલાં નહિ અને ન તો કોઇ તત્ત્વજ્ઞાનનાં વિષયોને લગતી કોઇ ચર્ચા કરવા મળી અને તેથી તેને ગોસ્વામી મહારાજ સાથેના નિવાસથી સંતોષ થયો નહોતો. ત્યારપછી, તે કાશી ગયો હતો અને અમદાવાદ પાછાં ફરતી વખતે શ્રીગોકુલનાથજીના પુત્રની મુલાકાત લીધી હતી જેનો હેતુ તેમની જ્ઞાનબુદ્ધિની કસોટી કરવાનો હતો પરંતુ તેને મહારાજના એ પુત્ર સમક્ષ રજૂ થવાની પરવાનગી આપવામાં આવી નહોતી. ઉક્ત છપ્પો ગોસ્વામી મહારાજોની આ પ્રકારની દુષ્ટ વર્તણૂકને ઉઘાડી પાડવા માટે જ તેણે લખ્યો હતો.

આ છપ્પામાંનો હેવાલ સદંતર આધાર વિનાનો છે, કારણ કે શ્રીગોકુલનાથજી કદી પણ ઉત્તર રાજસ્થાન ગયા નહોતા અને શ્રીગોકુલનાથજીના ભૌતિક જીવન દરમિયાન જયપુર ઉર્ફે અમરમાં એક પણ પુષ્ટિમાર્ગીય હવેલી-મંદિર અસ્તિત્વમાં ત્યારે હતું નહીં. શ્રી ઉમાશંકર જોષીએ- ''અખો એક અધ્યયન'' (ગુજરાતી)માં[૫૭] અખાના જીવનનું આલેખન એ નામક ગુજરાતીમાં લખેલા મૂલ્યવાન અને તલસ્પર્શી વિવેચન ગ્રંથમાં કહ્યું છે અને અખાના જીવનની આ મહત્ત્વની ઘટનાની ચકાસણી પણ કરી છે.

તે ગ્રંથમાં કવિ ઉમાશંકર જોષીએ સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે (ગુરુ કર્યા....)એ કાવ્યપંક્તિ-છપ્પો અખાની 'પ્રપંચ અંગ' નામક કાવ્યકૃતિમાં જોવા મળે છે અને તે પછીની કાવ્યપંક્તિ (ધન હરે....) અખાની એ રચનામાં જોવા મળતી નથી. પ્રપંચ અંગ અંગેની[૫૮] તેની રચના આત્મ-નિરીક્ષણ અને આત્મ-તિરસ્કારરૂપે[૫૯] તેણે કરી છે. અને શ્રીગોકુલનાથજી કે પુષ્ટિમાર્ગને લાંછન લાગે એ દૃષ્ટિથી તેણે સર્વથા કરી ન હતી. અખા વિશે સૌ પ્રથમ લખનાર

સંદર્ભ નોંધ : ૫૬ જુઓ ઉમાશંકર જોશીના અખો ''એક અધ્યયન'' (ગુજરાતી)નુ પૃ.ક.૨૨

સંદર્ભ નોંધ : ૫૭ જુઓ પ્રથમ પ્રકરણ

સંદર્ભ નોંધ : ૫૮ અખો એક અધ્યયન-પૃ.૩૩ વળી ડો.એન.એ. ટૂથીએ લખ્યું છે કે ''શ્રીગોકુલનાથજીની ટીકા તેમાં થઇ છે. પરંતુ આ વિધાનનો દસ્તાવેજી પુરાવો નથી એટલે તે થયેલી ટીકા વિશ્વસનીય નથી સદંતર પાયા વિનાની છે.'' આલ ડો. ટૂથીએ તેમના ગુજરાત વૈષ્ણવો નામક ગ્રંથની નોંધમાં લખ્યુ છે.

સંદર્ભ નોંધ-૫૯ અખો, એક અધ્યયન પૃ. ૨૬ જોતાં એમાં ગુરુને ઉતારી પાડવા કરતાં પોતાને ઉતારી પાડવા જેવું વિશેષ છે. વળી, કવિશ્રી ઉમાશંકર જોષીનું અખાના છપ્પામાં પાના ક્રમાંક ૧૧-૧૨માં લખ્યું છે કે આ પ્રપંચ અંગ તો ગુરુઓના પ્રપંચ અંગે નથી, પણ વાક્ પ્રપંચ અંગે છે.... એ સંદર્ભને જોતાં ગુરુ ગોકુલનાથને ઉતારી પાડવાનો આ 'પ્રપંચ અંગ'માં પ્રસંગ જ નથી.